પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


નવેમ્બર
૧૯૯૯
વર્ષ - ૭૨

કુમાર


સળંગ
અંક
૮૬૨

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ



દ્વારપાળ • ત્રિચુર રાજ્યના મ્યૂઝીઅમમાં રાખવામાં આવેલી સંભવતઃ ૧૬મી સદીની કેરાલાની શિલ્પાકૃતિ. બ્રોન્ઝમાં ઢાળવામાં આવેલી દ્વારપાળની પ્રતિમાનો આ ભાગ કેરાલાની લોકકલાથી પ્રભાવિત છે. જોઈ શકાશે કે મુખાકૃતિમાં દ્વારપાળનો આસુરી શક્તિમત્તા સાથે તે સાલંકૃત હોઈ પ્રભુના બળિયા એહસાસ કરાવે છે. શિવમંદિરના બે દ્વારપાળમાંની આ એક પ્રતિમા છે, જે ૧૭૮૯ માં ટીપુ સુલતાન જ્યારે તે પ્રદેશમાંથી વિનાશક કૂચ કરીને પસાર થયેલો ત્યારે કોચીનનાં લોકોએ આ કલાકૃતિઓને તેના રક્ષણ માટે કૂવામાં સંતાડી દીધેલી. ત્યાંથી આ શિલ્પો ૧૯૧૬માં ત્રિચુરના મ્યૂઝીઅમમાં લાવીને રાખવામાં આવ્યાં છે.



અરસપરસનું આલંબન

શ્રી કનુ નાયકે તૈયાર કરેલું બાટિક માધ્યમમાં પશુ અને પશુપાલકનું સશક્ત રેખાકૃતિયુક્ત ગ્રામચિત્ર

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH

Phone : 2143745

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક

An Encyclopedic Family Magazine of High Taste

1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૫૦ મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૫૦ + ૧૫ = ૧૬૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ વર્ષથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશ્યું છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.
સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-
આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.
આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'ના લવાજમમાં વધારો

છેલ્લાં બેએક વર્ષથી મુદ્રણસામગ્રી, મુદ્રણ, ટપાલદરો આદિમાં સતત વધારો થતો રહ્યો હોવા છતાં પણ અમે 'કુમાર'નું લવાજમ યથાવત્ રાખ્યું હતું અને પૃષ્ઠસંખ્યા સતત વધારતા રહ્યા છીએ. પરન્તુ હવે ઉપરોક્ત સંજોગોમાં અમારે નાછૂટકે લવાજમમાં વધારો કરવો પડ્યો છે.

હવે જુલાઈ ૧૯૯૯થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ.૧૫૦-૦૦ કર્યું છે. આથી ૧લી જુલાઈ ૧૯૯૯થી નવા દરે લવાજમ રૂપિયા ૧૫૦ (દોઢસો) ભરવાનું રહેશે. હવેથી સીધું અમને લવાજમ મોકલનાર ગ્રાહકો માટે ત્રણ વર્ષનું લવાજમ રૂપિયા ૪૦૦ તથા પાંચ વર્ષનું લવાજમ રૂપિયા ૭૦૦ રાખવામાં આવ્યું છે. **૧લી જુલાઈ પછી જેમનું લવાજમ રૂ. ૧૦૦ મળશે તેમને આઠ માસ માટે ગ્રાહક ગણવામાં આવશે.**

અમારો આ લવાજમ વધારો સહુ ગ્રાહકો નિભાવી લેશે તેવી શ્રદ્ધા છે. 'કુમાર'ની ગુણવત્તા અને સ-રસતા દઢાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

સ્નેહાધીન

તંત્રી : **'કુમાર'**

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૨મું | અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૬૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર'ના સપ્ટેમ્બર ૧૯૯૯ના અંકમાં શ્રી ઉર્વીશ કોઠારીનો કમલદાસ ગુપ્તા વિશેનો લેખ પસંદ કરીને ખૂબ જ કમાલ કરી છે. ઉર્વીશ કોઠારીએ કમલદાસ ગુપ્તા અંગે ખૂબ જ સારી માહિતી આપીને અમારા જેવા અનેક સંગીતજ્ઞ ને જાણવાની ઉત્સુકતા ધરાવનાર-ને ખૂબ જ સંતોષ આપ્યો છે. તેમણે દર્શાવેલા 'જવાબ' ફિલ્મનાં ગીતો અને જ્યૂથિકા રૉયનાં ગીતો આજે પણ ખૂબ જ ધ્યાનથી સાંભળવાં ગમે તેવાં છે. મને નહોતી ખબર તેવાં જ્યૂથિકા રૉયનાં ગીતોમાં 'મુરલિયા દે દો રાધા પ્યારી' અને 'જગકો હમ ગાનો સે બહલાયેંગે' જાણી તે ગીતો મેળવવાં તપાસ પણ શરૂ કરી દીધી છે. શ્રી ઉર્વીશભાઈને ધન્યાવાદ. 'કુમાર'ની શ્રેષ્ઠતા અનુપમ છે. તમારા જેવા તંત્રી અને સંત્રી જ્ઞાનના પ્રવાહને જ્ઞાનપિપાસુ પાસે પહોંચાડો છો તે જ ભગીરથ કાર્ય છે અને આવા લેખો એ જ ગંગા છે.

- ભીખુભાઈ એચ. પરમાર (આણંદ)

લીંબુડા રંગથી ઓપતો 'કુમાર'નો ૮૯૦મો અંક મળ્યો. અંદરનાં પાનાંઓમાં પણ ભરપૂર વૈવિધ્ય ભર્યું છે. કલાવાર્તા વિભાગ પણ ખૂબ વિસ્તર્યો છે. આ વખતે ચિત્રો-ફોટા વગેરે સરસ છપાયાં છે.

શાસ્ત્રીય સંગીતમાં કંઠ્ય અને વાદ્ય સંગીતના નવા નવા અનેક કલાકારો સંગીતધારા સુહાવી રહ્યા છે. આવા વીસ-ત્રીસ કલાકારોનાં નામ તો તુરત ગણી શકાય! એક લેખમાળા પરિચયાત્મક, સરસ બને! સાથે સંગીતની વાતો પણ વણાય. - રમેશ શાહ (સુરત)

'કુમાર'નાં મુખપૃષ્ઠ સારાં આવતાં જાય છે. જોવાનો-વાંચવાનો આનંદ અકબંધ રહ્યા કરે છે. ચિત્રકલાની પ્રવૃત્તિ નિરંતર કરતા અનિલભાઈ રેલિયાની આર્ચર સંસ્થા વિષેનો લેખ આપી આપે કલાજગતનું સન્માન કર્યું છે. સઘળાને આવરી લીધા તે પણ આનંદદાયક છે. મારું ચિત્ર રંગમાં છાપીને તેના સુયોગ્ય લખાણ બદલ આપનો આભારી છું. 'કુમાર'માંથી વર્ષો પહેલાં અને વર્ષો સુધી ચિત્રો કૉપી કરીને મજલ કાપનારનું ચિત્ર 'કુમાર'માં બેચાર વાર છપાય તેનો આનંદ તો જે અનુભવી શકે તે જ જાણી શકે. - ગજેન્દ્ર શાહ (અમદાવાદ)

'કુમાર' અંક ૮૯૦માં પાના નં. ૫૧૫થી ૫૧૭ પર 'ગુરુ હનુમાન'નો સરસ પરિચય છે. હું આજથી ત્રીસેક વર્ષ પહેલાં દિલ્હી ગયો ત્યારે તેમની મુલાકાત લીધેલી. એ બધું જાણે તાજું થઈ ગયું. શ્રી અશોક દવેને મારા હાર્દિક અભિનંદન.

ગુરુ હનુમાનના શિષ્યો વિવિધ એશિયાડમાં સુવર્ણ-રજત-કાંસ્ય ચંદ્રક જીતી લાવ્યા, પરંતુ એમનું મુખ્ય ધ્યેય વિશ્વ-ઑલિમ્પિકમાં આવા કોઈ ચંદ્રકો અંગેનું હતું. હવે એમના શિષ્યના શિષ્યો આ ધ્યેય પાર પાડશે તો ગુરુ હનુમાનને સાચી અંજલી આપી ગણાશે.

વયના દસમા દાયકામાં દિલ્હીથી સાઇકલ પર હરદ્વાર ગયેલા એ બાબત સહુ કોઈને પ્રેરણા આપે એવી છે. ગુરુ હનુમાન વ્યાયામસેવા ઉપરાંત સમાજસેવા પણ આજીવન કરતા રહેલા. શારીરિક શક્તિ અન્ય નબળાના ટેકામાં, બચાવમાં વાપરવા-નો એમનો ગુણ પણ વખાણવા જેવો.

- પ્રા. કરુણાશંકર મણિશંકર જોષી (અમદાવાદ)

'કુમાર' અંક ૮૫૯ના મુખપૃષ્ઠ પરનું ચિત્ર (શ્રી રવીન્દ્રનાથ ઠાકુરનું) ઘણું જ અદ્‌ભુત લાગ્યું. અને આવું જ તે અંકના કાવ્યોનું. તેમાંય 'વિશ્વખૂણે'ની અનુભૂતિ કે ભાવના તો સ્પર્શી ગઈ! વર્ષો પહેલાં કોઈ અંગ્રેજ કવિએ પણ આવી જ અનુભૂતિ કાવ્યમાં વ્યક્ત કરેલી. No man is an island in himself, the whole of England (કે world) lies within him! તો વળી શ્રી કૃષ્ણમૂર્તિએ પણ પોતાનાં પ્રવચનો દરમિયાન ક્યાંક આવી અનુભૂતિ વર્ણવી છે - એવું કહીને કે, પ્રત્યેક માણસમાં આખી માનવજાત સમાયેલી છે. વિરલ વ્યક્તિઓને આવી અનુભૂતિ થતી હશે!?

Y2K ('વાચકો લખે છે'માં) વિષે જરા જુદા જુદા પ્રકારની જાણકારી મળી. પણ તેમાં ઉલ્લેખાયેલું છે તેવું અમેરિકી અંગ્રેજી (દોઢ લાખથી વધુ શબ્દો ધરાવતી Webster's New World Dictionary of American Language)માં ક્યાંય 'Krisis' જેવો શબ્દ જોવાવાંચવા મળ્યો નથી. પણ જર્મન ભાષામાં Krisis શબ્દ છે ખરો. કેમ કે સામાન્ય રીતે અંગ્રેજીમાં 'ક' માટે જ્યાં 'C' વપરાય છે, તેને મળતા મોટા ભાગના જર્મન શબ્દોમાં 'K' વપરાય છે. આથી લાગે છે કે Y2Kમાં 2Kનો અર્થ 2 kilo - એટલે ૨૦૦૦ એ વધુ બંધ બેસતો લાગે છે. કેમ કે કમ્પ્યૂટરના ક્ષેત્રમાં કિલોહર્ટ્‌ઝ, કિલોબાઈટ્‌સ, કિલો લાઉડ વગેરે શબ્દો પ્રચલિત છે. Year 2000ને ટેકિનકલ ઓપ આપવા માટે આમ કરાયું હોય તેવું લાગે છે. કમ્પ્યૂટરના અગ્રગણ્ય સામયિકો : PC Quest, Chip, Express Computer... વગેરેમાંના કોઈકમાં Y2K માટે year 2000 (2K = 2000) વાંચ્યાનું યાદ છે. પરંતુ શ્રી જિજ્ઞેશભાઈ જણાવે છે તેમ પણ હોઈ શકે.

તિબેટનાં પ્રવાસવર્ણનો તો ખરેખર તિબેટની સફર કરાવતાં હોય તેવાં લાગે છે. તેમાંય આ અંકનું વર્ણન તો એક બીજી પણ યાદ અપાવી ગયું. તે 'વિલો' વૃક્ષની. કેમ કે જેને હમણાં બરાબર ૧૦૦ વર્ષ પૂરાં થયાં તે ઔષધ - ઍસ્પિરીન - નું ઉદ્‌ભવ સ્થાન 'વિલો' વૃક્ષ છે. આમ તો લગભગ ઈસ્વીસનના પ્રથમ સૈકાથી જ વિલો વૃક્ષના ઔષધીય ગુણધર્મો જાણીતા હતા. તેની છાલ અને પાન માથાનો દુ:ખાવો, તાવ, શરીરમાં થતી તોડ, કળતર, શારીરિક દુ:ખાવો વગેરે મટાડવા વપરાતાં. પરંતુ ૧૯મા સૈકાના અંતભાગમાં એક જર્મન રસાયણશાસ્ત્રીને વિચાર આવ્યો કે વિલોની છાલમાં આ બધાં દર્દો શમાવનારું કયું સક્રિય સત્ત્વ હશે? અને તે તેણે શોધી કાઢ્યું તેમજ છૂટું પણ પાડ્યું. તે હતું સેલિસિલિક અમ્લ (ઍસિડ). તેનું રાસાયણિક બંધારણ શોધી કાઢ્યું જર્મનીની મારબર્ગ યુનિ-વર્સિટીના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રીહર્માન કોલ્લેએ, જેથી તેનું કૃત્રિમ રીતે જથ્થાબંધ ઉત્પાદન કરી શકાય.

પરંતુ આ દવાની એક આડઅસર એ હતી કે તે હોજરીમાં સખત બળતરા કરતી. જર્મનીની વિખ્યાત બાયર કંપનીમાં કામ કરતા શ્રી ફેલિક્સ હોફમાન નામના એક રસાયણશાસ્ત્રીને આ આડઅસર ખૂંચતી હતી, કેમ કે તેના પિતાને સંધિવા માટે આ ઔષધ વાપરવું પડતું.

(અનુસંધાન પૃ. ૭૨૮)

૮૦મા વર્ષમાં પ્રવેશતા / ઉશનસ્

(પૃથ્વી • સૉનેટ)

ચઢાણ અવ પૂરું થાય; જરી થોભીએ બે ઘડી
અહીં શિખરમસ્તકે, સહચરી સખી! આપણે;
પહાડ ખુદ પૂર્ણ થાય અહીં, વ્યોમ આરંભણે
નિહાળી લઈએ ક્રમેલ પથ ફેરવી આંખડી :
કશો પથ હતો પહાડી પ્રિય! ઢાળ કૈં ઊતર્યાં,
ચઢાણ ચઢિયાં; ચઢોતર બધું જ : શૂંગો, ખીણો;
પહાડ અમ આયુનો જીવનના ઝરાથી ભીનો,
વનો વિકટનો પહાડ તૃણપૂર્ણ વર્ણે હરા;

સ્મરે તું પ્રિય? પાંડવો-દ્રુપદપુત્રી વાર્ધક્યમાં
જીતેલ કુરુક્ષેત્ર, તો ય કંઈ વીતરાગીપણે
હિમાદ્રિ ચઢતાં પ્રશ્રાન્તપદ, શૂન્ય મૂલ્યાંકને.
સશંક બધી પાછલી સરણીનાય સાર્થક્યમાં;
તથૈવ પ્રિય, આપણેય ચઢતાં ચઢાણો પરે
વિરાગી, શ્લથ શોભીએ નહીં શું આ રીતે, આ પળે?

પ્રેમ પદારથ ઘોળો / અસરફ ડબાવાલા

(ગાન)

પ્રેમ પદારથ ઘોળો સંતો! પ્રેમ પદારથ ઘોળો,
વખને કોરે મેલી સંતો! પ્રેમ પદારથ ઘોળો.

સૂરજને લઈ ચાલી નીકળી સાંજ સીમની કોર
ભીતર થાતો પંખી જેવાં શમણાંનો કલશોર
થાકેલા શ્વાસોને હળવે પાંપણથી ઢંઢોળો.
............પ્રેમ પદારથ૦

મનની ફરતે માયા, મનને શણગારો તો કેમ?
હરિએ દીધી કાયા કાંડા ફરતે કંકણ જેમ,
ઓછપ ને ઇચ્છાની વચમાં ક્યાંક જીવને ઢોળો.
............પ્રેમ પદારથ૦

જાગે છે / નિર્મિશ ઠાકર

(ગઝલ)

ફૂલ ઉપર તુષાર જાગે છે,
ક્યાંક ભીની સવાર જાગે છે.

રોમરોમે સૂરો અનાહતના,
ચેતનામાં સિતાર જાગે છે.

રાતનું મૂક ઝૂલતું ફાનસ,
જ્યોત ઝીણી, વિચાર જાગે છે.

મુગ્ધતાઓ અડે જ યૌવનને,
રૂપમાં યે નિખાર જાગે છે.

માત્ર 'હું'નો પ્રચાર છે, જો કે -
તું જ અંદર ને બહાર જાગે છે.

સૂરજ ભડભાદર પણ... / રમેશ પારેખ

(ગાન)

સૂરજ ભડભાદર પણ કિરણોની ફોજ લઈ જ્યારે એ ત્રાટકે છે ઝાડે
એનો હરએક પાન સામનો કરીને પોતપોતાનો પડછાયો પાડે!

સૂરજ છો શેખી કરે ઊજળો - ઊજળો થઈ
પણ પડછાયો ખુદનો પાડી શકતો નહીં

સાંજ એનો સઘળો યે ગર્વ ગળી જાય, ભલે સૂરજડો દાવ લિયે દહાડે.

સૂરજ અડતાં વ્હાલની વેલી વીંઝેરાય
ચાંદો અડતાં ખોલતી લાજ પોયણીબાઈ

રાતે રચાય રાતરાણીનાં રાજ - એ જડીબુટ્ટી લાહ્ય પર લગાડે!

હેમનો ઉત્તર / ભાનુપ્રસાદ પંડ્યા

(પરંપરિત હરિગીત)

હેમનિર્મ્યા સૌ
અલંકારો પૂછે ત્યાં હેમને :
ફૂહીશ કોના ઘાટમાં
અદકેરું તું નારી તણા
દેહે અતિ દીપી રહે?
કાંચન વિચારે સ્હેજ ત્યાં તો
બટકબોલાં નૂપુરકંકણ
પૂછતાં : અમ બેયમાં કાં?
સ્મિત કરતું સ્વર્ણ કહી દે
સદ્ય ચળકી : ના!
નથની અતિ ઉતાવળી
વદતી : પછી તો મુજમહીં!
હેમનું મસ્તક નકારે
હાલી સૂચવે : ના સહી!
હાવાં અલંકરણો બધાં
ચૂપચાપ - શરમિન્દાં થયાં!
અવ હેમ હળવે બોલતું :
બે જિંદગી સંયોજતું
આયુષ્યને કંઠે બીજા
આયુષ્યને આરોપતું
મૂક મંગલસૂત્ર થૈ
સૌથી વધુ હું સોહતું!

બનાવી શકું છું / 'શૈલ' પાલનપુરી

(મુક્તક)

હિમાલયને કંકર બનાવી શકું છું,
ચહું તે બરાબર બનાવી શકું છું.
ઘર્યો ઈશ્વરી ઘાટ મૈં 'શૈલ' તુજને,
તને ફેર પથ્થર બનાવી શકું છું.

૮૦મા વર્ષમાં પ્રવેશતા : કાવ્યનાયક કવિ એંશીમાં પ્રવેશે છે ત્યારે જીવનના અનેક ચઢાવઉતાર આવ્યા જ હોય; પરન્તુ અહીં આયુને એક ઊંચા પર્વત સાથે ગોઠવી તેના ચઢાણની આસપાસની જીવનલીલા માણી લઈ તેનાં સ્મરણોથી ચિત્ત ભરીને આખરે પાંડવોના મહાપ્રસ્થાનના પ્રસંગને જોડી વીતરાગીપણાનો શાન્તભાવ અનુભવે છે. **સૂરજ ભડભાદર પણ...** : પોતાનાં સહસ્રાધિક કિરણો સાથે ઉદય પામતો સૂર્ય કોઈ ગાઢ વનસ્થલીમાં કે ઘટાદાર વૃક્ષ પર પ્રકાશ પાથરે છે ત્યારે નાનું પર્ણ પણ જાણે એની ઝીંક ઝલે છે અને તેની પ્રતીતિ કરાવે છે તે પ્રત્યેક પર્ણનો પડછાયો. વળી, ઉદયપ્રતાપથી મધ્યાહ્ને પહોંચી જાણે છકેલો સૂરજ સાંજ પડતાં કેવો ઢીલોઢફ બની આથમી જાય છે! દિવસે કોમળ ફૂલવેલને પ્રજાળતો એનો તાપ રાતે રાતરાણીના સુગંધી લેપથી શાતા પામે છે. પ્રકૃતિચિત્રની આ રચનામાં સૂરજને જો કોઈ પ્રતાપી-મિથ્યાભિમાની માનવની વાત સમજે તો? **હેમનો ઉત્તર** : કવિએ અહીં કલ્પનાનો આશ્રય લઈ સંવાદ પ્રયોજ્યો છે. જાણે સુવર્ણના અલંકારો ખુદ સુવર્ણને પૂછે છે કે, હે સુવર્ણ તું નારીના અલંકારોમાં દીપે છે? વળી, નૂપુર, કંકણ, નથની વગેરે પણ આવો જ વૈયક્તિક પ્રશ્ન પૂછે છે. છેવટે હેમ તો જણાવે છે કે હું તો મંગલસૂત્રમાં વધુ દીપી ઊઠું છું, કારણ કે બે અજાણ્યાં જણને તે જોડે છે. **જાગે છે** : વિવિધ શેઅરોમાં વિવિધ રીતે ભીતર-બહારની પહેચાનની, આત્માપરમાત્માના સનાતન રૂપની વાત કરવામાં આવી છે. **બનાવી શકું છું** : મનુષ્ય જ પથ્થરમાંથી ઈશ્વરમૂર્તિ સર્જે છે અને તે જ પાછો મૂર્તિને તોડી પથરો બનાવી દે છે. માણસની સર્જનાત્મક અને વિસર્જનાત્મક તાકાતને નિરૂપતું મુક્તક. - ધી.પ.

'જે વિકાસ નથી કરતો એ બીજાનો ગુલામ બને છે.'

સુધીર દેસાઈ

આપણે બે પગ ઉપર ચાલીએ, માણસની ભાષા બોલીએ અને પેટ ભરીએ; પેટ ભરવા માટે કામ કરીએ એટલા ઉપરથી માત્ર માણસ નામનું પ્રાણી બની શકાય.

માણસ બનવા માટે કેટલાક ગુણો આવશ્યક છે. એ ગુણોને કારણે માણસ, સાચા અર્થમાં માણસ બને છે. જે માણસ સતત વિકાસ નથી કરતો એ માણસ સાચા અર્થમાં માણસ નથી.

સતત વિકાસ કરવા માટે સતત કામ કરવું જરૂરી છે. સતત કામ કરવા માટે આળસને દૂર કરવું જરૂરી છે.

સંસ્કૃતમાં એક સુભાષિત આને માટે છે જે આ પ્રમાણે છે. ભર્તૃહરિના નીતિશતકમાં છે.

आलस्य हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्ति उद्यमसमो बन्धुः कृत्वा यं न अवसीदति ॥
(ભર્તૃહરિ-નીતિશતક)

આળસ જ મનુષ્યના શરીરમાં રહેલો મહાન શત્રુ છે. જે કાર્ય કરે છે તેનો નાશ નથી થતો. ઉદ્યોગના જેવો કોઈ બંધુ નથી.

આ વાતને સમજવા માટે એક પ્રસંગ જાણવા જેવો છે. જે આ વાત સમજે છે એ કેવી રીતે વર્તે છે, એ જોઈએ :

કારીગરોએ એક દિવસ અમેરિકન કંપનીના મૅનેજરને કહી દીધું, 'અમે કામ નહીં કરીએ. અમે હડતાલ ઉપર છીએ.' હડતાળ ઉપર ઊતરનાર કારીગરો જપાનના હતા.

'પણ શા માટે? તમો બધાને કઈ બાબતનો વાંધો પડ્યો છે?' મૅનેજરે નવાઈ પામીને પૂછ્યું.

હડતાળિયા કારીગરોના એક નેતાએ કહ્યું, 'સાહેબ! અમને અઠવાડિયામાં બે રજાઓ મળે છે.'

'તો શું તમારે અઠવાડિયાની ત્રણ રજાઓ જોઈએ છે?' મૅનેજરે પૂછ્યું. મારા દેશમાં પણ બે જ રજાઓ આપવામાં આવે છે, અઠવાડિયાની. શું ખરેખર તમારે ત્રણ રજાઓ જોઈએ છે? મને આ વાતથી ખરેખર આશ્ચર્ય થાય છે.'

'ના, સાહેબ! ખરેખર તો અમારે બે રજાઓ પણ નથી જોઈતી. એક પણ ફેક્ટરી એવી નથી કે જેમાં બે રજાઓ આપવામાં આવતી હોય કારીગરોને.' કારીગરોના નેતાએ કહ્યું.

'પણ એમાં શો વાંધો છે? તમારે એ પ્રથા વિષે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. એમાં શરમની શી વાત છે? તમ તમારે આનંદ કરો.' મૅનેજરે સમજાવતાં કહ્યું.

'ના, સાહેબ! તમારો આભાર. તમે અમને બે રજાઓ આપશો તો અમે આળસુ થઈ જઈશું. વધારામાં અમે કારણ વગરની વસ્તુઓ માટે પૈસા ખર્ચીશું. અને એ અમારે માટે નુકસાનકર્તા છે.' પેલા નેતાએ ચોખવટ કરી.

'ઓહ, એમ વાત છે! તો પછી ઘરની બહાર ન જશો, તમને કોઈ નુકસાન નહીં થાય.' અમેરિકન મૅનેજરે પોતાની રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'સાહેબ, અમે જે કહીએ છીએ તે સમજીને કહીએ છીએ. આને ગમ્મત ના સમજો. અમારે આ દેશના દેશવાસી તરીકે આળસુ નથી બનવું અને પૈસા વેડફનાર પણ નથી બનવું.'

અમેરિકન કંપનીના મૅનેજરે આ જપાની કારીગરોની વાત સ્વીકારવી પડી પણ એને કદી એમની આ વિચારસરણી સમજાઈ નહીં. એને માટે આ વિચાર જ નવો હતો. એનું આશ્ચર્ય ક્યારેય મટ્યું જ નહીં.

જે દેશ ઉપર બીજા વિશ્વયુદ્ધ વખતે અણુબૉમ્બ પડ્યો હતો અને આખું જપાન ખલાસ થઈ ગયું હતું, તે જપાન થોડાં જ વરસો પછી શક્તિશાળી રાષ્ટ્ર બનીને દુનિયાની સામે ઊભું રહી ગયું, એની પાછળ સમગ્ર પ્રજામાં રહેલી આ વિચારસરણી છે.

આપણે ત્યાં આનાથી તદ્દન ઊંધી રીતે જ માણસો વિચારે છે. ભારતમાં માણસ કામ ન કરવું એમાં જ ગૌરવ માને છે. ઑફિસમાં કામ ઉપર જશે તો મોડો જશે, અને વહેલો નીકળી જશે. બપોરે જમવા જશે તો વહેલો જશે અને મોડો આવશે.

આવું કરવાથી કામ ઓછું થાય પણ તેની તેને કોઈ કિંમત નથી. કોઈ કાર્યક્રમ આપણે ત્યાં સમયસર શરૂ થતો નથી. થાય છે, હમણાં શરૂ કરીએ છીએ - એવી જ વૃત્તિ જોવા મળે છે. આને કારણે કાર્યક્રમમાં જનારાં લોકો પણ મોડાં જ જાય છે. લોકોને એ ખાતરી હોય છે કે કાર્યક્રમ સમયસર શરૂ નહીં થાય અને સમયસર પૂરો પણ નહીં થાય.

જપાન આપણાથી ઘણું પાછળ પડી ગયું હતું બીજા વિશ્વયુદ્ધ પછી. બધી તકલીફો અને મુશ્કેલીઓ વચ્ચેથી પણ એણે જે પ્રગતિ કરી એની પાછળ પેલી વિચારસરણી રહેલી છે.

આપણે જો વિકાસ કરવો હોય તો એ જ વિચારસરણી અપનાવ્યા વગર છૂટકો નથી. જો એ નહીં અપનાવીએ તો માત્ર માણસ નામના પ્રાણી બનીને રહી જઈશું, એ પણ એટલું જ સત્ય છે. જે વિકાસ નથી કરતો એ બીજાનો ગુલામ બને છે એ વાત જેટલી વહેલી આપણે સમજીએ તેટલું આપણા માટે સારું છે. □

ભારતીય ભૂગોળનો પિતા



જેમ્સ રેનેલ

અશોક હર્ષ

હરેક માનવીને તે જ્યાં વસતો હોય ત્યાંની સ્થાનિક ભૂગોળનું જ્ઞાન તો હોય જ છે, પરંતુ તે સિવાય તેના જિલ્લા, પ્રાન્ત, દેશ અને દુનિયાની ભૂગોળ તો તે અભ્યાસ દ્વારા જ જાણી શકે છે. આ અભ્યાસ સુલભ બન્યો હોય તો કોઈ પણ પ્રદેશ-વિશેષનાં નિરીક્ષણ, અભ્યાસ અને સંશોધન પાછળ પોતાનું સારું યે જીવન યા જીવનનો મોટો ભાગ ખરચી નાખનાર વિરલ સંશોધકોને આભારી છે.

આપણા જ દેશની ભૂગોળની વાત લઈએ તો વૈદિક સંહિતાઓ અને પુરાણોથી માંડી મહાકાવ્યો સુધીમાં અત્રતત્ર તેના ઉલ્લેખો મળી આવે છે. જો કે પૌરાણિક ઈતિહાસની જેમ પૌરાણિક ભૂગોળમાં પણ પ્રમાણ કરતાં અનુમાનનો આધાર વિશેષ લેવાયેલો જણાય છે. વળી, તત્કાલીન નિરૂપણ પછીના ભૂસ્તરીય ફેરફારો પણ ચોક્કસ સ્થળનિર્ણયને મુશ્કેલ બનાવી દેતા હોય છે. આ બધી મુશ્કેલીઓ વચ્ચે પણ ભૂગોળના શાસ્ત્રને વૈજ્ઞાનિક પાયે મૂકવાના પ્રયાસો ચાલુ જ છે. એકના પરિશ્રમનો યશ બીજાઓ ખાટતા હોય એવું આ જગત પર-અનેક ક્ષેત્રોમાં બનતું આવ્યું છે. એવા ખાટસવાદિયાના નામે ચડેલી શોધોનું પણ પુનઃ સંશોધન ચાલુ છે. દા.ત. હિમાલયના સર્વોચ્ચ શિખરને જેનું નામ અપાયેલું છે એ એવરેસ્ટ એનો સાચો શોધક હતો કે તેના ભારતીય મદદનીશ રાધાનાથ સિકદારે એ શોધી કાઢેલું, એ પરનો વિવાદ અદ્યપર્યંત ચાલુ છે.

ભૂગોળશાસ્ત્રને આજે વૈજ્ઞાનિક ભૂમિકા સાંપડી હોય તો તે પોતાને જ્ઞાત ક્ષિતિજની પેલી પારનો વિસ્તાર નીરખવા અને શોધવા નીકળી પડેલા શોધસફરીઓને અને તેમણે રજૂ કરેલી માહિતીનાં અન્વેષણ અને સંશોધન કરનાર સંશોધકોને આભારી છે.

ઈ.૧૭૫૭ના પલાશીના યુદ્ધથી આ દેશના હાકેમ બની બેઠેલા અંગ્રેજો આ દેશની ભૂગોળથી પરિચિત નહોતા. તેમણે પોતાનું શાસન સલામત રાખવું હોય તો આ દેશના ખૂણેખૂણાની જાણકારી તેમના માટે અનિવાર્ય હતી. તે વખતની કંપની સરકારે એ માટે ઇંગ્લંડથી જે મોજણીદારો બોલાવેલા એમાંનો એક હતો જેમ્સ રેનેલ, જેણે નૌસૈનિક તરીકેની કારકિર્દી પડતી મૂકીને બંગાળના ઇજનેરી ખાતામાં કમિશન મેળવેલું. બંગાળના સરકારી મોજણીદાર કેમેશેનનું અવસાન થતાં જેમ્સ રેનેલને ઈ.૧૭૬૪ના એપ્રિલમાં એની જગ્યાએ નિયુક્ત કરવામાં આવ્યા. તેણે ચોવીસ પરગણાં ઉપરાંત ગંગા નદીની પણ મોજણી શરૂ કરી.

બંગાળના પહેલા ગવર્નર લૉર્ડ ક્લાઈવને ઈ. ૧૭૬૫માં ફરી પાછો એ જ પદે મોકલવામાં આવ્યો. તેને ઈતિહાસ-ભૂગોળનો ભારે શૉખ હતો. અને તે વખતના જાણીતા ઈતિહાસકાર રૉબર્ટ ઓર્મ સાથે તે સતત સંપર્કમાં રહેતો. તેને બંગાળનો વિશાળ નકશો તૈયાર કરાવવાની ઇચ્છા થઈ અને રેનેલને બોલાવી તેણે સમસ્ત બંગાળની મોજણી કરવા તેને ફરમાવ્યું. ગંગાનદીની તેના કાંઠાવિસ્તાર સાથેની મોજણી ઉપરાંત રેનેલને દરેક જિલ્લા અને તાલુકાની નદીઓ, જંગલો અને માર્ગોની મોજણી કરવાની હતી.

ત્યારથી માંડીને ઈ.૧૭૭૭માં નિવૃત્ત થયો ત્યાં સુધીમાં રેનેલને મોજણી દરમિયાન અનેક મુસીબતોમાંથી પસાર થવું પડેલું. બંગાળનો ઈ. ૧૭૬૬નો સંન્યાસીઓનો બળવો ઈતિહાસના પાને ચડી ચૂકેલો છે, પરંતુ એ હકીકતનો આજે ભાગ્યે જ કોઈને ખયાલ હશે કે રેનેલ એ બાબતમાં બંને હાથે ઘવાયેલો અને ત્રણ મહિના પથારીવશ રહેલો. સાજા થઈને ફરી પાછી પોતાની કામગીરી તેણે શરૂ કરી, પણ સંન્યાસીઓનો બળવો ચાલુ હોઈને બે સૈનિક ટુકડીઓ રેનેલની રક્ષા માટે મૂકી આપી.

ઈ. ૧૭૬૭માં ગવર્નરપદ છોડીને ઇંગ્લંડ ઊપડતાં પહેલાં તેણે તા. ૧લી જાન્યુઆરી ૧૭૬૭થી રેનેલની મોજણીખાતાના વડા તરીકે નિમણૂક કરતાં આ દેશમાં પહેલી જ વાર 'સર્વેયર જનરલ'નું પદ અસ્તિત્વમાં આવ્યું. રેનેલે અનેક ખતરાઓ વચ્ચે પણ પોતાની કામગીરી ચાલુ રાખી. સહાયક સૈનિક ટુકડીઓની આગેવાની લઈ તેણે સંન્યાસીઓનો એવો તો સામનો કર્યો કે તેમને શસ્ત્રો ફેંકી દઈ નાસી જવું પડ્યું. એક વાર તો એક ચિત્તા સાથે તેને સીધો જ મુકાબલો કરવો પડેલો.



રૉબર્ટ ક્લાઈવ

ખાતાના પાંચ કર્મચારીઓને ઘાયલ કરી તેના પર કૂદી આવેલા ચિત્તા સામે જરાએ પાછા ન પડતાં પોતાની સંગીન તેના ગળે પરોવી દઈને ચિત્તાનો ખાત્મો બોલાવી દીધેલો.

રેનેલ ઈ. ૧૭૭૨માં પ્રસિદ્ધ અંગ્રેજ નવલકથાકાર વિલિયમ મૅકપીસ થૅકરેની એક કુટુંબી જેને થૅકરે સાથે લગ્નગ્રંથિથી જોડાયો. જેન બહુ સંતોષી જીવ હતી અને પતિના કાર્યમાં સદા પ્રોત્સાહન આપતી રહેતી. પરંતુ મોજણીનું કામ ભારે કપરું હતું. અનેક વખત ઘવાએલા રેનેલના ઘા અતિ પરિશ્રમને લીધે કળવા માંડતા અને તાવના ભોગ બનવું પડતું. લગ્ન પછી ઢાકા મુકામે નિવાસ રાખીને પોતે કરેલી મોજણીના અનુસંધાનમાં જે તે પ્રદેશના નકશાઓ તૈયાર કરતાં કરતાં તેણે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થવાનો વિચાર કર્યો, અને નકશા પૂરા થયે તે સરકારને સોંપી દઈને પોતાને પૅન્શન સાથે નિવૃત્ત કરવાને વિનંતી કરી. સરકારી નોકરોને નિવૃત્તિ બાદ પૅન્શનનો ત્યારે કોઈ શિરસ્તો ન હોઈને રેનેલને તે માટે ખૂબ લખાપટ્ટી કરવી પડેલી. છેવટે વરસે ૪૦૦ પૌન્ડના પૅન્શન સાથે તેને ઈ.૧૭૭૭ના એપ્રિલની ૯મીએ નિવૃત્ત કરવામાં આવ્યો.

ભારતીય ભૂગોળના પિતા ગણાતા રેનેલને માત્ર ભૂગોળશાસ્ત્રી તરીકે જ નહિ, પરંતુ એક સિદ્ધહસ્ત લેખક તરીકે સ્થાપિત કરતું હોય તો તેણે પોતાનાં સંસ્મરણોનું લખેલું પુસ્તક 'પેમ્વાર્સ.' તેનું ભૌગોલિક જ્ઞાન એટલું સમૃદ્ધ હતું કે તેના નિવૃત્ત થયા પછી પણ સરકારે તેને પોતાના ભૌગોલિક સલાહકાર તરીકે ચાલુ રાખેલો. ઈ. ૧૭૮૧માં તેને રૉયલ સોસાયટીનો ફેલો નીમવામાં આવ્યો, અને તેના એક દસકા બાદ તેને સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યો.

રેનેલે તેની મોજણી પરથી તૈયાર કરેલા વિવિધ પ્રાદેશિક નકશા એ જમાનામાં એ શાસ્ત્રના વિકાસ તથા પ્રાપ્ય સાધનોના મુકાબલે એક ચમત્કાર જ ગણાય. ઈ. ૧૭૮૨ના ડિસેમ્બરમાં તેણે દક્ષિણ હિંદનો નકશો તૈયાર કર્યો, કારણ દક્ષિણના વાઘ ટીપુ સુલતાન સાથે અંગ્રેજોને એ વર્ષના માર્ચમાં સંધિ થઈ ચૂકી હતી.

યુરોપમાં ત્યારે નેપોલિયનનો ઉદય થઈ ચૂક્યો હતો. ફ્રાન્સના એ મહત્ત્વાકાંક્ષી સમ્રાટની વિજિગીષા એટલી તો પ્રબળ હતી કે તે પૂર્વમાં છેક ઈરાન સુધી ધસી આવવાનો ભય ઊભો થયો હતો. આ ભયના ભણકારા રેનેલના કાને પણ પડઘાયા અને તેણે ઈ. ૧૮૦૦થી ૧૮૧૦ સુધી પશ્ચિમ એશિયામાં ધામા નાખી ત્યાંના તમામ મુલ્કોના નકશા તૈયાર કરીને 'ઍટલસ ઑવ્ ધ કૉન્ટેમ્પરરી જ્યોગ્રાફી ઑવ્ વેસ્ટર્ન એશિયા' નામે બહાર પાડ્યા. તેની એ નકશાપોથી આજ સુધી એ ક્ષેત્રે અજોડ રહી છે.

પશ્ચિમ એશિયાની ભૂગોળને કરેલા આ પ્રદાન પછી રેનેલને લાગ્યું કે પોતે હિન્દુસ્તાનને પણ એવું જ કંઈક પ્રદાન કરવું જોઈએ, અને તેના આ અમૂલ્ય પ્રદાને જ તેને ભારતીય ભૂગોળના પિતાનું બિરુદ અપાવ્યું. તેની ૮૭ વર્ષની ઉંમરે તે આરામખુરશીમાંથી અકસ્માતે ઊથલી પડતાં તેની જાંઘનું હાડકું ભાંગી ગયું અને ત્યારથી તે તેના અંતકાળ સુધી પથારીમાંથી ઊભો જ ન થઈ શક્યો!

ઈ. ૧૭૪૨ના ડિસેમ્બરની ૩જીએ જન્મી ઈ. ૧૮૩૦ના માર્ચની ૨૯મીએ અવસાન પામેલા ભારતીય ભૂગોળના આ પિતાને જ્યાં દફનાવવામાં આવેલ છે એ વેસ્ટમિન્સ્ટરના દેવળની પાળી પર તેનું કાંસાનું પૂતળું તકતી સાથે મૂકવામાં આવેલ છે. એના અવસાન સમયે જેની સ્થાપનાની હિલચાલ ચાલુ હતી એ 'રૉયલ જ્યોગ્રાફિક સોસાયટી'ની વહેલી સ્થાપના થઈ હોત તો જરૂર તે રેનેલના સંચાલન નીચે આવત. અવશ્ય મજકૂર સોસાયટી રેનેલે ભૂગોળને કરેલું પ્રદાન ભૂલી નથી. □

ભગુભાઈનો રસ્તો

મુનિકુમાર પંડ્યા

ભગુભાઈને પોતાનો એક રસ્તો બનાવવાની ઇચ્છા, ઇચ્છા કહેતાં હોંશ હતી. પોતાનો આગવો કહી શકાય એવો જો એક રસ્તો હોય તો એના ઉપર ચાલવાની કેવી મજા પડે, હેં! ભગુભાઈ વિચારતા. નાખી નજર પહોંચે નહીં એવડો લાંબો એ રસ્તો હોય. રસ્તાની બંને બાજુએ ડાબાજમણી જુદાં જુદાં ઝાડ રોપીએ. લીમડો છે, પીપળો છે, પીપર છે ને એવાં બધાં ઝાડ ઉપર પંખીઓ ઊડાઊડ કરતાં રહે. રસ્તા ઉપર ફરવા નીકળીએ અને સહુ તાકી રહે. એકબીજાના કાનમાં ગુસપુસ કરતાં બોલે, 'જોયા! આ પેલા જાય છે ને એ જ ભગુભાઈ.' 'જેમણે રસ્તો બનાવ્યો છે એ!' હા. એ જ પંડ્યે ભગુભાઈ. ભગુભાઈ રસ્તાવાળા. પોતે સાંભળ્યું ન સાંભળ્યું કરી ખમીસના ઉપલા બટન ઉપર હાથની આંગળીયો ફેરવતાં ચાલ્યા જવાનું, પોતાની તરફ અહોભાવથી તાકી રહેનારા ભણી ત્રાંસી નજર નાખી મનમાં આછું હસી લેવાનું. ખોંખારો ખાઈને રાહદારી જોડે, રસ્તો બનાવવા માટે પોતાને કેવું કેવું વેઠવું પડેલું એ વાત કરવાનું મન ભલે થાય પણ મનને દાબી દેવાનું. ના રે, એવું અભિમાન કરવાનું આપણા જેવાને શોભે ખરું? બિલકુલ નહીં ને!

રસ્તો બનાવવાની ઇચ્છા ભગુભાઈના મનમાં તેઓ છેક તેર વર્ષના હતા ત્યારથી જાગેલી. પણ ત્યારે તો તે નાના કહેવાય અને વળી ભણતા હતા. તેમની કલ્પનાશક્તિ જબરી, પણ વિચારશક્તિ ત્યારે એટલી ક્યાંથી ખીલેલી હોય? નાખી નજર પહોંચે નહીં એવડો લાંબો રસ્તો બનાવવો છે. એવો વિચાર એક વાર ભગુભાઈનાં મનમાં ઝબકી ઊઠ્યો. અને બસ. સ્વાતિ નક્ષત્રમાં વરસતા વરસાદનું ટીપું છીપમાં પડે અને એમાંથી સમય જતાં મોતી બંધાય એ રીતે રસ્તો બનાવવાના વિચારનું બીજ કોણ જાણે કેવાય મુહૂર્તમાં એમના મનમાં રોપાયું કે ધીરે ધીરે વિચાર દૃઢમૂલ થતો ગયો. ભગુભાઈ મોટા થતા ચાલ્યા. તેમનું ભણતર પૂરું થયું. વ્યવસાય શરૂ થયો. સંસાર માંડ્યો. ઘરવ્યવહારમાં ગૂંથાતા રહ્યા. વ્યાવહારિક પ્રસંગો આવતા રહ્યા અને ઉકેલાતા પણ ગયા. જીવનની વાસ્તવિકતાનો સ્પર્શ થતાં પગ કઠણ જમીન ઉપર આવી ગયા. ભગુભાઈમાં સમજણ આવી.

સમજણ આવી તો ભગુભાઈને થયું : 'આવડો લાંબો નાખી નજરેય પહોંચે નહીં એવો રસ્તો બાંધવાની વાત તો પોતાના ગજા બહારની છે. બહુ લાંબો નહીં પણ અહીંથી તે પોતે શેરીના એક છેડે ઊભા હતા ત્યાં પગથી ધૂળમાં લીટો દોરીને મનોમન બબડ્યા; આગળની શેરી પાસે વળી જઈએ એટલે ત્યાંથી સીધા પાદર પહોંચી જવાય છે. ત્યાં સુધીનો રસ્તો બાંધીએ તો બાંધી શકાય ખરો. સમજણ વધી એટલે આપોઆપ જ રસ્તાનું માપ ટૂંકું થયું. ભગુભાઈમાં વધારે સમજણ આવી હોત તો પોતાનો રસ્તો બનાવવાની તરખડમાં જ શેના પડત? વિરક્તની પેઠે તે ન વિચારત, 'સબ ભૂમિ ગોપાલકી.' પણ એવી જ્ઞાનપ્રાપ્તિ ભગુભાઈ માટે આ જન્મમાં શક્ય હતી નહીં. સંસ્કારો ઓછા પડ્યા, બીજું શું?

એમ ને એમ તો કાંઈ રસ્તો બનાવી શકાતો નથી! એ માટે તો રેતી, સિમેન્ટ, મજૂરો - ઘણી બધી જરૂર પડે. ઘર ચલાવવાનો ખર્ચ, વ્યવહાર સાચવવા, પ્રસંગો, વાર-તહેવાર, કપડાંલત્તાં, દાણોદૂણી, માંદગી - ઓહોહો! ડગલે ને પગલે ખરચ તો ઊભું જ છે. આમાંથી કરકસર કરીને પાઈપૈસો બચાવતા રહીએ તો કાંઈક થઈ શકે. ઘટતી રકમ ઓળખીતા-પાળખીતા પાસેથી ઉછીની લઈએ હં... આમ રસ્તો તો જાણે બનાવી શકાય. ખેંચ પડે તો ભોગવી લેવી. એ તો ભોગવીએ. વધારે કરકસર કરીએ. પણ ના, રસ્તો તો બનાવવો જ.

રસ્તો બનાવવાની આડે રહેલી મુશ્કેલીઓનો ખ્યાલ ભગુભાઈને જેમ જેમ આવતો ગયો તેમ તેમ એના ઉપાયો પણ મનમાં સૂઝતા ગયા. એક વાર તો તેમને મનમાં એમ પણ થઈ ગયું કે ચૂલામાં પડે બધું. નથી બનાવવો રસ્તો. આપણા નામનો રસ્તો ન બનાવીએ તો એમાં શું અધૂરું રહી જવાનું છે? દુનિયામાં બધા જ માણસો કાંઈ પોતાના નામનો રસ્તો બનાવે છે? અને રસ્તો બનાવીને ય પછી એનું કરવાનું શું? રસ્તા ઉપર ચાલવા સિવાય બીજો એનો શું ઉપયોગ થવાનો?

પણ આ તો થોડી વાર પૂરતું જ. વિચારે ચડી ગયેલા ભગુભાઈના મગજમાં બીજા વિચારોનો આધાર લઈને લપાતો-છુપાતો આ વિચાર ક્યારે ઘૂસી ગયો એનો ખ્યાલ તો તેમને આવ્યો નહીં, પણ આ વિચાર મારો ન હોય એવું ભગુભાઈને લાગ્યું કે તરત માથું નકારમાં હલાવીને એને દૂર ફેંકી દીધો.

'ભગુભાઈ રોડ?' - નહીં નહીં; ભગુભાઈ રસ્તા? ના, એ પણ નહીં. તો? બી.એસ. રોડ? ભગુભાઈ સવજીભાઈ રોડ? - રસ્તો બની જાય પછી રસ્તાનું નામ શું રાખીએ તો શોભે એની મીઠી મૂંઝવણ ભગુભાઈ અનુભવવા લાગ્યા. બે-ત્રણ નામ એમના મગજમાં ઘુમરાવા લાગ્યાં. એ રસ્તા પરના ઘરના સરનામામાં - પોતાનું નામ પણ આપોઆપ જોડાઈ જવાનું. રસ્તાનો ઉલ્લેખ પોતાના નામની સાથોસાથ થશે. ભગુભાઈનું મોં ખટમીઠી પિપરમીટ ચગળવા લાગ્યું.

એમ કરતાં કરતાં આખરે ભગુભાઈએ પોતાનો રસ્તો બનાવ્યો તો ખરો. જે ખર્ચ ધાર્યો હતો એના કરતાં વધારે ખર્ચ થઈ ગયો. પણ ખેર, વધારે રકમ વ્યાજે લેવી પડી. વ્યાજ વધુ ભરવું પડશે. ભગુભાઈ હુસ્સો હુસ્સો કરતાં કરકસર કરીને દેવું ચૂકવતા રહ્યા. ભીંસ ભોગવતા રહ્યા. દરરોજ સવારે ભરવાડના ઘરે ભગુભાઈ દૂધ લેવા જાય ત્યારે પોતાના રસ્તા ઉપર થઈને ચાલતા. એ રસ્તે થઈને જતાં વાર લાગતી,

રસ ટૉક્સ

હેમેન્દ્ર એ. શાહ

ઝેરી પદાર્થોનું ગણી શકાય તેવા ઓકના ઝાડના નાના છોડમાંથી બનતી આ ઔષધિ ઘણાં બધાં દર્દો મટાડે છે. હાડકાંના સાંધાનો દુઃખાવો, વધુ પડતું વજન ઊંચકવાથી થયેલ દુઃખાવો તથા તેના કારણે આવેલી નબળાઈ વગેરે માટેની આ ખાસ દવા છે.

મચકોડ, હલનચલનથી થતો દુઃખાવો, આપઘાતના વિચારો આવવા, મોઢા ઉપર સોજો, મોઢાનો દુઃખાવો, કટિવા, સાંધાનો દુઃખાવો, સૂજેલી આંખો, સાથળ પાસેના ભાગમાં દુઃખાવો, વીજળી જેવા ઝટકા વાગવા વગેરેમાં આ દવા લાભકારી અને અસરકારક બને છે.

બળો મૂતરી જાય, ચેપી પ્રકારનો ચામડીનો સડો, મોતીના દાણા જેવા નાના ગોળ ફોલ્લા, વારંવાર થતી બેચેની, માથામાં ભાર લાગવો, જમ્યા પછી ઘેન ચડવું, કડવાશવાળી લાળ માટે, અડધી રાત પછી દર્દ વધે તેવા બધા સંજોગોમાં તથા ચોમાસામાં ભીંજાઈ જવાથી, દરિયામાં નાહ્યા પછી, ભેજવાળા વાતાવરણથી દર્દ શરૂ થતું હોય કે વધતું હોય તો રસ ટૉક્સ લેવાથી ઘણી રાહત રહે છે.

રસ ટૉક્સ દર્દની શરૂઆતમાં લેવામાં આવે તો રુમેટિઝમ અને પક્ષઘાતને રોકી શકાય છે. આંખની પાંપણ ચોંટી જાય ત્યારે, વૃષણ ઉપર થતી ફોડકી માટે, ખંજવાળ માટે, સોજા માટે, અડધી રાતથી સવાર સુધી થતી સૂકી ઉધરસ માટે, મોટાં ગૂમડાં માટે, લવારો કરવાની ટેવ માટે, અચાનક આવતી ધ્રુજારી તથા થડકા માટે, ભૂખ ઓછી લાગે અને તરસ વધારે લાગે ત્યારે, બોલ બોલ કરવાથી સાદ ઘોઘરો અને ભારે થઈ ગયો હોય ત્યારે, પથારીમાંથી ઊઠતી વખતે ચક્કર આવતાં હોય ત્યારે તથા કેડના અસહ્ય દુઃખાવા માટે રસ ટૉક્સ અત્યંત સારું કામ આપે છે.

રાત્રે બીક લાગે, કોઈ મને ઝેર આપી દે તેવી દહેશત રહેતી હોય ત્યારે, પથારીમાં વારંવાર પડખાં ફરવાની ટેવ હોય, મોંના ખૂણા ઉપર ચાંદાં પડતાં હોય, દુઃખાવો રહેતો હોય, ગળામાં અણીવાળી વસ્તુ વાગતી હોય તેવી લાગણી થતી હોય, ટાઈફોઈડના તાવ સાથે લોહીમિશ્રિત ઝાડા થઈ જાય ત્યારે, હૃદયરોગવાળાને ડાબો હાથ તદ્દન નબળો પડી ગયો હોય ત્યારે, અત્યંત પરસેવો વળે, ઊંઘમાં નોકરી-ધંધા અંગેના વિચારો આવે, ત્યારે રસ ટૉક્સ લેવાથી સારું થઈ જાય છે. □


અંતર લાંબું પડતું અને છતાં ભગુભાઈ એ રસ્તા પર થઈને જ ચાલવાનો આગ્રહ રાખતા. ક્યાંય જવાનું હોય તો ઘરનાં માણસોને પણ આ રસ્તા પર થઈને જ જવાની ભગુભાઈની કાયમી સૂચના હતી. થોડું વધુ ચાલવું પડે તો ભલે ચાલવું પડે, પણ જવાનું તો પોતાના રસ્તા પરથી જ.

ક્યારેક વળી બપોરના નવરા પડ્યા પડ્યા ભગુભાઈ ઝોકાં ખાતા હોય અને મનમાં થઈ આવે કે, ચાલ જરા મારા રસ્તા ઉપર લટાર મારી આવું. તરત નીકળી પડે. તડકામાં ચળકતો ડામરનો રસ્તો જોઈને ભગુભાઈ પ્રસન્ન થઈ ઊઠતા. એક વાર બસમાં આદિપુર જતાં આવા જ ડામર રોડ ઉપર વગડામાં તેમણે ઝાંઝવાં જોયેલાં. દૂર પાણીનું સરોવર લાગે, પણ એ જગ્યાએ પાણી હોય નહીં. બસ આગળ દોડે એમ સરોવર આઘું ને આઘું ભાગતું લાગે. પાણીની ખાલી ભ્રાંતિ થાય. ઝાંઝવાં દેખાડતો એ ડામર રોડ પણ પોતાના આ રસ્તા જેવો જ હતો.

કાયમ સાંજે સૂરજ આથમવાની વેળાએ પોતાના રસ્તા ઉપર ફરવા જવાનો નિયમ ભગુભાઈએ બનાવ્યો. સાંજે અચૂક ફરવા નીકળી જાય. પોતાનો રસ્તો જ્યાંથી શરૂ થતો એ સ્થળે 'ભગુભાઈ રોડ' એવા સફેદ અક્ષરથી લખેલા નામવાળું કાળા રંગનું પાટિયું તેમણે મુકાવ્યું. પાટિયા ઉપર નજર કરી આગળ ચાલવા લાગે. 'ભગુભાઈ રોડ' પર તેમની ચાલ બદલાઈ જતી. જાણે બીજા રસ્તે ચાલતા એવા આ ભગુભાઈ જ નહીં! જુદા જ ભગુભાઈ એ વખતે લાગતા. તેમનું સમગ્ર ચેતનાતંત્ર કાંઈક જુદી જ રીતે ધબકવા લાગતું. પોતે ઊડી રહ્યા છે કે ચાલી રહ્યા છે એની ભગુભાઈને ખુદને પણ ખબર પડતી નહીં. ફરીને પાછા વળતા 'ભગુભાઈ રોડ' પૂરો થાય એ સ્થળે ભગુભાઈ એકાદ મિનિટ થંભી જઈ રોડનું સિંહાવલોકન કરતા. આંખોથી આખો રોડ પી જતા. જે રોડ બનાવવા માટે આખી જિંદગી ખુવાર કરી નાખી, જીવનભર રોડ બનાવવાના વિચારને જ મહત્ત્વનો ગણેલો એ આ રોડ. આ પોતાના રોડ ઉપર આવનજાવન કરી શકાશે.

પણ કુદરતને કરવું તે તેમનું આ સુખ લાંબું ટક્યું નહીં. એક સવારે દૂધ લઈને ભગુભાઈ ઘરે આવ્યા ને થોડી વારમાં તો તેમનું હાર્ટ ફેલ થઈ ગયું. ભગુભાઈ ગયા. સ્વજનોમાં દોડાદોડી થઈ ગઈ. આ દોડાદોડીમાં 'ભગુભાઈ રોડ' પરથી ચાલવાની ભગુભાઈની સૂચના કોઈને યાદ ન આવી. બપોરે એમની સ્મશાનયાત્રા નીકળી. 'ભગુભાઈ રોડ' - બોર્ડ પાસે ડાઘુઓએ નનામીને કાંધેથી નીચે ઉતારી. અહીં નાળિયેર ફોડવામાં આવ્યું. ફરી પાછી નનામી ઊંચકાઈ. ભગુભાઈ રોડ ઉપર સ્મશાનયાત્રા ચાલી. ભગુભાઈના મૃતદેહનો પડછાયો ભગુભાઈ રોડ ઉપર સાથે સાથે ચાલવા લાગ્યો. પાદર પાસે ભગુભાઈનો રોડ પૂરો થયો. અહીંથી સ્મશાન ભણી ડાઘુઓ ફંટાઈ ગયા.

હવે 'ભગુભાઈ રોડ' ઉપર ભગુભાઈનો પડછાયો પણ રહ્યો નહીં. □



પ્રફુલ્લ એ. પરીખ

'ભારતીય પંચાંગ' જે સામાન્ય રીતે 'હિંદુ પંચાંગ' કે પછી કેવળ 'પંચાંગ' તરીકે સારાયે ભારતમાં ઓળખાય છે તે જગતનું પ્રાચીનતમ ખગોળીય-ગણિત આધારિત વૈજ્ઞાનિક પંચાંગ મનાતું હોવા છતાં એનો કડીબદ્ધ ઈતિહાસ આજે મળતો નથી. આમ છતાં ભુલાયેલા ભૂતકાળમાંથી જે કંઈ અલ્પ આધારો પ્રાપ્ત થયા હતા તે ઉપરથી તેની રચનાનો કાલાંતરે કેવી રીતે ઉદ્ભવ થયો તેનો રોમાંચક ઈતિહાસ જાણવો રસપ્રદ થઈ પડશે.

ઈ.પૂ. ૨૫૦૦થી ઈ.પૂ. ૧૫૦૦ના સમયગાળા દરમિયાન ભારતમાં આર્ય-વૈદિક સંસ્કૃતિ પાંગરી હતી. ઋગ્વેદ પછીનાં રચાયેલાં સાહિત્ય યજુર્વેદ, બ્રાહ્મણ, ઉપનિષદો તથા પ્રથમ બૌદ્ધ સાહિત્ય તેમજ ઋગ્વેદની ઋચાઓમાં પણ પ્રસંગોપાત્ત સૂર્ય, ચંદ્ર, તારા, માસ, ઋતુઓ વગેરેના ઉલ્લેખો આવે છે. આ ઉપરાંત મહાભારત અને સમકાલીન અન્ય સાહિત્યમાં પંચાંગવિષયક પુષ્કળ લેખો મળી આવે છે. વળી, ક્યાંક શીલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ અને અન્ય પ્રાચીન અવશેષોમાંથી પણ તૂટક તૂટક માહિતી મળી આવે છે. આ બધાં ઉપરથી એવું ફલિત થાય છે કે ઉત્સવો માટે કે અન્ય હેતુઓ માટે અટકળ ઉપરથી રચાયેલાં ચાંદ્ર-સૌર (LUNI - SOLAR) પંચાંગો પ્રાચીનકાળમાં વપરાશમાં હશે.

આમ, છતાં યજુર્વેદીય કાળના અંત પછીના અને સિદ્ધાંત-જ્યોતિષ કાળના આરંભ સુધીના સમયગાળાના ભારતીય ઈતિહાસ વિશે આપણું જ્ઞાન અપૂર્ણ છે. આ સમયરેખા પર કાળ એક છેડે અનિશ્ચિત પ્રાચીન તબક્કા સુધી જાય છે. આ તબક્કો ઈ.પૂ. ૧૩૦૦નો મૂકી શકાય. બીજે છેડે તે કાળ ઈ.સ. ૩૦૦ સુધી જાય છે. આ ગાળાના પાછલા હિસ્સાને 'વેદાંગ-જ્યોતિષ' ગાળો કહે છે.

વેદાંગ જ્યોતિષ એ પંચાંગ અગાઉથી નક્કી કરવા માટેની ગણતરીના નિયમો આપતાં સૂત્રોનો સંગ્રહ માત્ર છે. અને એનાં ત્રણ સ્વરૂપો જાણીતાં છે. ઋગ્વેદ સાથે સંકળાયેલો ઋગ્જ્યોતિષ, યજુર્વેદ સાથે સંકળાયેલો યજુસ્-જ્યોતિષ અને જેનો કાળ નક્કી થઈ શક્યો નથી એવો વેદોના એક સમાલોચક સોમકરરચિત એક ગ્રંથ. આ જુદા જુદા ગ્રંથોની વસ્તુ લગભગ સમાન છે. પરંતુ શ્લોકો અવ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે અને તેમાંના કેટલાક શ્લોકોના અર્થ હજુ સુધી બેસાડી શકાયા નથી. વેદાંગજ્યોતિષની રચના ક્યારે થઈ અને તે ક્યારે ઉપયોગમાં લેવાયું તે પણ આજે જાણવા મળતું નથી.

આ ગાળાના કહી શકાય તેવા બીજા કેટલાક પંચાંગ ગ્રંથો છે. ખગોળગ્રંથ 'ગર્ગસંહિતા' છે. એના રચયિતા ગર્ગમુનિ હોવાનું મનાય છે. એમનો કાળ પણ નિશ્ચિત નથી. એ પછી જૈન વિદ્વાનો દ્વારા 'સૂર્યપ્રજ્ઞપ્તિ', 'ચંદ્રપ્રજ્ઞપ્તિ' વગેરે જેવા ગ્રંથો લખાયા. 'અથર્વજ્યોતિષ' અને 'પાંચ સિદ્ધાંતો' (પૈતામહ, વાસિષ્ઠ, પૌલિશ, સૌર (સૂર્ય) અને રોચક) પણ આ જ અરસામાં રચાયા. કયો ગ્રંથ ક્યાં અને ક્યારે કોણે રચ્યો તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાંય પાછળના ભારતીય પંડિતોએ એમનાં નામના કરેલા ઉલ્લેખો તથા એમાં આપેલી વિગતોની ચર્ચા-ટિપ્પણ તથા વિવરણ પરથી આ ગ્રંથો અંગેની સાબિતીઓ સાંપડે છે. આનું એક ઉત્તમ ઉદાહરણ વરાહમિહિરરચિત 'પંચસિદ્ધાંતિકા' નામનો ગ્રંથ છે. ઈસુની છઠ્ઠી સદીમાં સંપાદિત આ ગ્રંથમાં વરાહમિહિરે આ પાંચે સિદ્ધાંતો અંગે વિગતે માહિતી આપી છે.

વેદાંગ-જ્યોતિષનો કાળ ભારતીય રાજ્યવંશોના સાતવાહનોના સમય સુધી (ઈ.સ.૨૦૦) ચાલુ રહ્યો. પરંતુ તે કાળ વિશેની પહેલી નોંધ છેક ઈ.સ. ૪૦૦ના અરસામાં મળી આવે છે. ઈ.પૂ. ૩૦૦થી ઈ.સ. ૨૦૦ના ગાળામાં મેસિડોનિયન તથા બૅક્ટ્રિયન ગ્રીક લોકો (યવનો), પર્થિયન લોકો (પલ્લવો) શકો, કુશાનો વગેરેના ભારત ઉપર ઉપરાછાપરી હુમલા થતા રહ્યા હતા. અને તેથી આ સમયગાળો વિશાળ ફલકવાળો વિદેશી સંપર્કોનો ગણી શકાય.

ઉપરના ગાળામાં ભારતીય કળા, વિજ્ઞાન, શિલ્પ અને રાજ્યનીતિમાં ઘણા વ્યાપક ફેરફારો થયા, પરંતુ આ સમયનો ઈતિહાસ પણ આજે વિસરાઈ ગયો છે. શિલાલેખો કે વિદેશી ઉલ્લેખો પરથી તથા હુમલાખોરો જ્યાં આવીને વસ્યા હતા તે પ્રદેશમાં ખોદકામ કરતાં મળી આવતા અવશેષો પરથી ઉપર્યુક્ત સમયના ઈતિહાસની માહિતી ત્રુટક ત્રુટક મેળવવાના પ્રયાસો અવારનવાર થતા રહ્યા છે. આમ, આ ઈતિહાસની માહિતી પણ અપૂર્ણ છે. છતાં તેનું અહીં વિહંગાવલોકન કરીશું. જેથી વેદાંગ-જ્યોતિષ પંચાંગમાંથી સિદ્ધાંત-જ્યોતિષ પંચાંગનો ઉદ્ભવ કેવી રીતે થયો તેનો ખયાલ આવે.

ઈ.પૂ. ૩૨૬માં એલેક્ઝાંડરે ભારત ઉપર હુમલો કર્યો હતો. ત્યાર પછી ગ્રીકોના સીધા સંપર્કથી નહિ, પણ શકો અને કુશાનો મારફતે પ્રસરેલી ગ્રીક સંસ્કૃતિનો ફેલાવો કેટલો ઊંડો અને વ્યાપક હતો તે માટે ઉપર વર્ણવેલા ઐતિહાસિક પ્રસંગો જોઈએ.

ગ્રીક જગતમાં ઈ.પૂ. ૩૦૦થી શરૂ થઈને ખગોળવેત્તા ટોલેમી (PTOLEMY ઈ.સ.૧૫૦)ના કાળ સુધીમાં વિસ્તરેલા તથા દક્ષિણ એશિયામાં સેલ્યુસિડ (Seleucid) રાજાઓના આશ્રયે (ઈ.પૂ. ૩૦૦થી ઈ.સ.૧૦૦) વિકસેલા ગ્રીક - કાલ્ડેન (Graeco - Chalden) ખગોળનું જ્ઞાન શક અને કુશાન કાળ દરમિયાન ભારતમાં આવ્યું હોવાનો સંભવ છે. આ જ્ઞાન ભારતમાં લાવનાર શક રાજ્યોના ખગોળવેત્તાઓ પાછળથી ભારતીય સમાજમાં શાકદ્વિપી બ્રાહ્મણો તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. ઉછીનું લીધેલું આ જ્ઞાન પશ્ચિમ કરતા વધુ તો સેલ્યુસિડિયન બેબિલોન પાસેથી મેળવાયું હશે એમ જણાય છે.

વિદેશી સંપર્કોની ભારતીય ખગોળ ઉપર આમ અસર પડી હતી, પરંતુ ભારતીય ખગોળવેત્તાઓએ એ જ્ઞાન વગર વિચાર્યે સીધેસીધું અપનાવ્યું ન હતું. એના કાળજીપૂર્વકના સંશોધન, અવલોકન અને દેશવિદેશના ખગોળશાસ્ત્રીઓ સાથે તે અંગે આદાનપ્રદાન કર્યા બાદ લગભગ ૩૦૦ વર્ષના લાંબા ગાળા પછી જે વૈજ્ઞાનિક રીતે યોગ્ય જણાયું તેનો સ્થાનિક પદ્ધતિઓ સાથે સમન્વય કરી પંચાંગની ગણતરી માટે એક આધુનિક પદ્ધતિ વિકસાવાઈ, જે 'સૂર્યસિદ્ધાંત' તરીકે ઓળખાઈ.

આમ, ગ્રીક-કાલ્ડેન ખગોળનું જ્ઞાન પંચાંગની ગણતરીના પાયામાં રહેલું છે. પ્રાચીન વેદાંગ-જ્યોતિષીની ગણતરી પ્રમાણેનાં પંચાંગો લગભગ ૧૫૦૦ વર્ષ ઉપરાંતના ઉપયોગથી જનસમાજમાં પ્રચલિત બની ગયાં હતાં; જેથી સિદ્ધાંત જ્યોતિષ આધારિત નવાં પંચાંગો અપનાવવાનું કાર્ય કઠિન અને સમય માગી લે તેવું હતું. આમ છતાં ઈ.સ. ૪૦૦ના અરસામાં તો વેદાંગ-જ્યોતિષ પંચાંગો ભારતભરમાંથી અદશ્ય થઈ ગયાં અને આજે પંચાંગોની ગણતરી 'સૂર્યસિદ્ધાંત'ના નિયમો પ્રમાણે થાય છે.

વેદાંગ-જ્યોતિષ પછી જેટલાંય પંચાંગીય ખગોળના નિયમો વર્ણવતા ભારતીય ખગોળગ્રંથો પ્રકટ થયા તે સિદ્ધાંત તરીકે ઓળખાયાં પરંતુ આ બધામાં સૂર્યસિદ્ધાંતની કૃતિ જેણે વેદાંગ-જ્યોતિષનું સ્થાન લીધું તે પંચાંગ રચનાર વર્ગમાં ખૂબ આદર પામી છે. આ કૃતિની રચના કોણે અને ક્યારે કરી તે જાણવા મળતું નથી તેમજ તેની અસલ કૃતિ આજે અપ્રાપ્ય છે.

અગાઉ જોઈ ગયા તેમ 'સૂર્યસિદ્ધાંત'નો પ્રથમ ઉલ્લેખ વરાહમિહિરની કૃતિ પંચસિદ્ધાંતિકામાં જોવા મળે છે. એમણે એમના સમયમાં થયેલાં ખગોળીય સંશોધનોના આધારે યોગ્ય સુધારાવધારા કર્યા હતા જે ઘણું કરીને આર્યભટ્ટ-૧ (ઈ.સ.૪૯૯)ની કૃતિ 'આર્યભટીય' સાથે તેમજ બ્રહ્મગુપ્તની કૃતિ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત ભાસ્કરાચાર્ય, શ્રીપતી, મુંજાલ લલ્લ, લાટદેવ અને બીજા અનેક ખગોળવેત્તાઓનાં સંશોધનોના આધારે સમયાંતરે સૂર્યસિદ્ધાંતમાંના નિયમોમાં પણ ફેરફાર થતા રહ્યા છે, જેથી પંચાંગ રચનાની ગણતરી વિકસતા જતા ખગોળીય વિજ્ઞાન સાથે તાલ મેળવતી રહે.

આટલી પૂર્વભૂમિકા પછી પંચાંગની રચના તેમજ તેમાં દર્શાવવામાં આવતી અન્ય મહત્ત્વની બાબતો વિશે જોઈએ.

પંચાંગ

'પંચાંગ' એ ખગોળના નકશાનું પાંચ અંગ અને ગાણિતિક તથા ભૌતિક-ખગોળ દર્શાવતું એક મહત્ત્વનું સાધન છે. ખગોળશાસ્ત્ર આકાશના પદાર્થોની વાસ્તવિક અથવા આપણને પ્રત્યક્ષ દેખાતી ગતિ અને સ્થિતિસ્થાન દર્શાવતું શાસ્ત્ર છે. પંચાંગનો ખગોળ સાથે આમ સંબંધ હોવા છતાં તે ખગોળશાસ્ત્રનું પુસ્તક નથી.

પંચાંગમાં જ્યોતિષને લગતી પ્રાથમિક માહિતી ઉપરાંત કુંડળીગણિત, ફળજ્યોતિષને લગતાં તારણો કાઢવા માટેની માહિતી તેમજ તે વિષયોને લગતી ઉપયોગી માહિતી પણ આપવામાં આવે છે.


પંચાંગમાં તિથિ, વાર, સૂર્યોદય અને સૂર્યાસ્તના દૈનિક ઉદય-અસ્તના સમય, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, રાશિ અને સૂર્યમાળાના અન્ય ગ્રહોના રોજિંદાં સ્થાન-સ્થિતિ વગેરેની સૂક્ષ્મ માહિતી, પૂનમ-અમાસની કુંડળીઓ, અંગ્રેજી કેલેન્ડરની તારીખ, મુસલમાની રોજ, પારસી દિન અને રાષ્ટ્રિય કેલેન્ડરનો દિવસ પણ આપવામાં આવે છે.

આ ઉપરાંત હિંદુ અને અન્ય સમાજના તહેવારો-પર્વો અને ઉત્સવો જે મોટા ભાગે ઋતુઓ સાથે સંબંધ ધરાવે છે તેમની ઉજવણી, કર્મકાંડ અને ધાર્મિક વિધિવિધાનોના દિવસો અને સમયની માહિતી તેમજ રાષ્ટ્રિય અને સામાજિક તહેવારો વગેરેની વિસ્તૃત માહિતી આપવામાં આવે છે. વિશિષ્ટ પ્રસંગો અંગેનો જરૂરી શાસ્ત્રાર્થ તેમજ જનસમાજને ઉપયોગી થઈ પડે એવી બીજી અનેક બાબતોનો પંચાંગમાં સમાવેશ કરવામાં આવે છે.

હિંદુ, જૈન, શીખ અને બૌદ્ધ ધર્મનાં લોકો તેમના તહેવારો-પર્વો વગેરેની ઉજવણીના દિવસમાં થોડા ફેરફારો હોવા છતાં ઘણું કરીને આ જ પંચાંગને અનુસરે છે. આ બધા સમાજમાં મોટા ભાગે કોઈ પણ શુભ-મંગળ કાર્ય જન્મ-મરણ-શ્રાદ્ધની ક્રિયાઓ, વિવાહ-લગ્ન, ગૃહપ્રવેશ, ઉપનયન, યજ્ઞો, સોળ સંસ્કારો કે પછી કોઈ પણ કાર્યનો આરંભ, શુભ ઘડી, ચોઘડિયાં કે સારું મુહૂર્ત નક્કી કર્યા સિવાય ઘણું કરીને કરવામાં આવતો નથી. આ બધાં જ કાર્યો માટે શુભ મુહૂર્ત કાઢવા સારુ પંચાંગનો ઉપયોગ કરવામાં આવે છે.

હવે પંચાંગનાં જે પાંચ અંગો છે તે વિશે વિચારીએ.

૧. તિથિ - ચંદ્રની રોજિંદી કલા દર્શાવતો ચાંદ્રદિન
૨. વાર - એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો સમય - અઠવાડિક વાર.
૩. નક્ષત્ર - આકાશમાં જે માર્ગે ચંદ્ર ફરે છે, ગતિ કરે છે તે માર્ગમાં વચ્ચે આવેલાં યા તેની નજીકમાં આવતાં તારાઝૂમખાં.
૪. યોગ - યોગનો અર્થ 'ઉમેરવું.' સૂર્ય-ચંદ્રના ભાગનો સરવાળો



૧૩° અંશ ૨૦ કલા અથવા એના ગુણકમાં.

૫. કરણ - તિથિનો અર્ધો ભાગ ૬° અંશ.

ઉપરનાં દરેક અંગ વિશે વિશેષ માહિતી મેળવીએ.

૧. તિથિ

તિથિ અથવા ચાંદ્ર-દિન (Lunar Day) એ હિંદુ પંચાંગનું બહુ જ મહત્ત્વનું અંગ છે. કારણ કે ધાર્મિક ઉત્સવો, પર્વો, તહેવારો વગેરેના દિવસોની તારીખ હંમેશાં તિથિમાં જ દર્શાવાય છે. ચાંદ્ર-સૌર (Luni-Solar) પંચાંગોમાં પણ તિથિ મહત્ત્વનો એકમ છે, જેના આધારે મહિનાઓની ગણતરી થાય છે.

તિથિનો ગાળો (Duration) સૂર્ય-ચંદ્રના અંતર પર આધારિત છે. ચંદ્રની મધ્યમગતિ દરરોજની ૧૩° અંશ જેટલી અને સૂર્યની લગભગ ૧° અંશ જેટલી હોય છે. સૂર્ય કરતાં ચંદ્રની ગતિ વિશેષ ઝડપી હોવાથી તે સૂર્યની આગળ જાય છે. આથી ચંદ્ર સૂર્ય કરતાં ૧૨° અંશ કે ૧૨° અંશના ગુણકના અંશ જેટલો દૂર નીકળી જાય ત્યારે એક તિથિ પૂરી થયેલી ગણાય.

ચાંદ્રપંચાંગમાં દિવસ તેમજ વારનો આરંભ મધ્યરાત્રિથી નહિ પણ સૂર્યોદયથી ગણાય છે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. કયા દિવસે કઈ તિથિ ચાલતી હશે તે જાણવા માટેની ગણતરીનો નિયમ એવો છે કે જે દિવસના આરંભ સમયે - સૂર્યોદય વખતે જે તિથિ ચાલતી હોય તે તિથિ આખા દિવસની ગણાય છે.

ચાંદ્રમાસની કુલ ૩૦ તિથિઓ ચંદ્રની વધતીઘટતી કળાને (waxing and waning phases of the moon) આધારે ગણવામાં આવે છે. આ તિથિઓ સુદમાં ૧ થી ૧૫ - પૂર્ણિમા અને વદમાં ૧ થી ૧૪(૩૦)-ચૌદશ પછી અમાસ, અનુક્રમે શુક્લપક્ષ (અજવાળિયું) અને કૃષ્ણપક્ષ (અંધારિયું) એવા બે પક્ષથી ઓળખાય છે. આ બંને પક્ષમાં પૂર્ણિમા અને અમાસ સિવાય તિથિઓનાં નામ સરખાં હોય છે.

અગાઉ જણાવ્યું તેમ દર ૧૨° અંશના અંતરે તિથિ બદલાય છે. પણ એટલું અંતર કપાવાનો સમય બધી વેળાએ એકસરખો હોતો નથી. મતલબ કે તિથિઓનો સમયગાળો એકસરખો હોતો નથી. આમ થવાનું કારણ ચંદ્રની આકાશી ગતિ એકસરખી ન હોવાનું છે. પૃથ્વીની આજુબાજુ ફરતો ચંદ્ર ક્યારેક પૃથ્વીની નજીક આવે છે તો ક્યારેક વળી દૂર જાય છે. પરિણામે ૧૨° અંશનું અંતર તે ૧૯.૯૮ કલાકમાં કાપી નાખે છે તો અન્ય સમયે તેટલું જ અંતર કાપતાં એને વધુમાં વધુ ૨૬.૭૮ કલાક (૧ દિવસ કરતાં વધુ) લાગે છે. તિથિની આવી વધઘટના હિસાબે પક્ષોમાં આવતી તિથિની સંખ્યા વધતીઘટતી રહેવાની એટલે કે પક્ષ ૧૪ થી માંડી ૧૬ દિવસના સંભવી શકે. કવચિત્ ૧૩ તિથિ-દિવસનું પણ પખવાડિયું (પક્ષ) આવે.

શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષની ૩૦ તિથિઓનો ૧ ચાંદ્રમાસ, જેની લંબાઈ ૨૯ ૧/૨ (૨૯.૫૩૦૬ ૨૯ દિ. ૧૨ ક. ૪૪ મિ. ૨.૮ સેકન્ડ) દિવસની હોય છે, બને છે. આ કારણે વાર સાથે તિથિઓનો મેળ મેળવવા એક ચાંદ્રમાસ ૩૦ દિવસનો તો બીજો ૨૦ દિવસનો એવી ગોઠવણ કરવી પડે છે. આ વ્યવસ્થા એક તિથિની વૃદ્ધિ-ઉમેરો કરીને યા એક તિથિનો ક્ષય-ઘટાડો કરીને કરવામાં આવે છે. તિથિ ૩૦ છે પણ એના ૨૯ ૧/૨ દિવસ હોવાથી તિથિની ગણતરીએ ૧૨ ચાંદ્રમાસનું એક ચાંદ્રવર્ષ ૩૫૪.૩૬૭૨ દિવસનું થાય છે.

તિથિઓનાં નામ

પ્રચલિત નામ		સંસ્કૃત નામ	
૧. પડવો (એકમ)		પ્રતિપદા	- Pratipada
૨. બીજ		દ્વિતીયા	- Dvitiya
૩. ત્રીજ		તૃતીયા	- Tritiya
૪. ચોથ		ચતુર્થી	- Chaturthi
૫. પાંચમ		પંચમી	- Panchmi
૬. છઠ		ષષ્ઠી	- Shashthi
૭. સાતમ		સપ્તમી	- Saptami
૮. આઠમ		અષ્ટમી	- Ashtmi
૯. નોમ		નવમી	- Navami
૧૦. દશમ		દશમી	- Dashmi
૧૧. અગિયારસ		એકાદશી	- Ekadashi
૧૨. બારશ		દ્વાદશી	- Dvadashi
૧૩. તેરશ		ત્રયોદશી	- Trayodashi
૧૪. ચૌદશ	પક્ષ	ચતુર્દશી	- Chaturdashi
૧૫. પૂનમ-પૂર્ણિમા	શુક્લ ○	પૂર્ણિમા	- Purnima
૩૦. અમાસ	કૃષ્ણ ●	અમાવાસ્યા	- Amavasya

અમાસને દિવસે સૂર્ય અને ચંદ્ર ભેગા રહે છે. અમાસ શબ્દ 'અમાવસ્' પરથી આવ્યો છે. અમા એટલે 'ભેગા' અને વસ્ એટલે 'રહેવું.' અમાસને દિવસે સૂર્ય અને ચંદ્રનું અંતર શૂન્ય હોય છે. બાદમાં બંને વચ્ચેનું અંતર વધવા માંડે છે. ઉક

અંતર ૧૨° અંશનું થતાં એક તિથિ પૂરી થઈ બીજી તિથિ શરૂ થાય છે. એ પ્રમાણે આગળની તિથિઓ સૂર્ય અને ચંદ્ર વચ્ચે ૯૦° અંશનું અંતર પડે ત્યારે આઠમ ચાલતી હશે અને સૂર્યની આથમતી વેળાએ ચંદ્ર મધ્ય આકાશમાં હશે. સૂર્ય-ચંદ્ર વચ્ચેનું અંતર ૧૮૦° અંશ થતાં સૂર્ય અને ચંદ્ર એકબીજાની સામસામેની દિશામાં - સંધ્યા સમયે સૂર્ય પશ્ચિમમાં અને ચંદ્ર પૂર્વમાં હશે. ધ્યાનમાં રાખવા જેવું છે કે સૂર્યથી ૧૮૦° અંશના અંતરે પહોંચેલો ચંદ્ર પૂર્ણિમાનો મટી તરત જ વદ પડવાનો થાય છે.

તિથિ : વૃદ્ધિ-ક્ષય

વૃદ્ધિ : તિથિની વૃદ્ધિ માટે એવો નિયમ છે કે જે તિથિ ૨૪ કલાક કરતાં લાંબી હોય અને સૂર્યોદય પહેલાં આરંભાઈ હોય તો તે બે સૂર્યોદય કરતાં પણ લાંબી થાય એટલે બંને દિવસે એક જ તિથિ રહે. ટૂંકમાં, જે તિથિ પોતાનામાં બે સૂર્યોદય સમાવી- લેતી હોય અને એનો ગાળો ૨૪ કલાક કરતાં વધારે હોય તે વૃદ્ધિ તિથિ ગણાય.

ક્ષય : જે તિથિ ૨૪ કલાક કરતાં ટૂંકી હોય અને સૂર્યોદય પછી આરંભાઈ હોય તો બીજા સૂર્યોદય સુધી તે પહોંચે નહિ. મતલબ કે એક પણ સૂર્યોદય આવરી લેતી ન હોય તો તે ક્ષય તિથિ ગણાય.

તિથિની વૃદ્ધિ-ક્ષયની આ અટપટી બાબતને વાસ્તવિક ઉદાહરણ વડે સમજવા પ્રયત્ન કરીએ.

જો પાંચમની તિથિ સોમવારે સૂર્યોદય પહેલાં શરૂ થઈ હોય અને મંગળવારે સૂર્યોદય પછી પણ ચાલુ રહે તો સોમવાર તેમજ મંગળવાર બંને વારે પાંચમની તિથિ જ ગણાય અને તેથી એને વૃદ્ધિ તિથિ કહેવાય.

જો પાંચમની તિથિ સોમવારે સૂર્યોદય થઈ ગયા પછી શરૂ થઈ હોય અને મંગળવારે સૂર્યોદય થતાં પહેલાં જ પૂરી થઈ ગઈ હોય તો સોમવારે ચોથ ગણાય અને મંગળવારે છઠ ગણાય. પાંચમની તિથિ ઊડી જાય એને ક્ષય તિથિ (ભાગી તિથિ) કહેવાય. આ તિથિ ગણતરીમાં લેવામાં ન આવતી હોવાથી તિથિઓનો ક્રમ જળવાતો નથી.

તિથિમાં ઉપર જણાવ્યા પ્રમાણે વધઘટ થતી હોવાથી તેમજ સમયાંતરે અધિક માસ ઉમેરાતો હોવાથી જાહેર ઉપયોગ માટે ચાંદ્રપંચાંગ અવગડભર્યું છે.

ચાંદ્રમાસ

અગાઉ જોઈ ગયા તેમ ૨૯.૧/૨ દિવસના ચાંદ્રમાસના શુક્લ અને કૃષ્ણપક્ષની ૩૦ તિથિઓમાં એમની ઓછીવત્તી લંબાઈને લઈને યોગ્ય સમયે તેમાં વૃદ્ધિ-ક્ષય-વધઘટ કરી માસનો મેળ મેળવવામાં આવે છે. આવા ૧૨ ચાંદ્રમાસનું એક ચાંદ્રવર્ષ (Lunar Year) ૩૫૪.૩૬૭૨ દિવસનું બને છે.

સૌર વર્ષના (Solar Year) હિસાબે ચાંદ્રવર્ષ લગભગ ૧૧ દિવસ જેટલું ટૂંકું છે. (૩૬૫. ૨૪૨૧ - ૩૫૪.૩૬૭૨ = ૧૦.૮૭૪૯ દિવસ). ચાંદ્રવર્ષનો સૌરવર્ષ સાથે મેળ મેળવવા દર ૩૨ સૌરમાસમાં ૩૩ ચાંદ્રમાસની ગોઠવણી કરવી પડે છે. દર પાંચ વર્ષે ઉમેરાતા બે અધિકમાસ આ કારણે છે.

ચાંદ્ર મહિનાઓ માટે સૌર મહિનામાં સૂર્યને એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશ કરતાં જે સમય લાગે તેટલો સમય ગણતરીમાં લેવાય છે. સૂર્યના રાશિમાં કરાતા પ્રવેશને સંક્રાંતિ (transit) કહેવાય છે. બાર રાશિ અને બાર ચાંદ્રમાસના હિસાબે સામાન્ય રીતે દરેક ચાંદ્રમાસમાં સૂર્ય સંક્રાંતિ થાય. દા.ત. સૌર ચૈત્ર માસની અવધિ સૂર્ય મીન (Pisces) રાશિમાં પ્રવેશ કરે ત્યારથી મેષ (Aries) રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધીની ગણાય છે.

અમાન્ત-પૂર્ણિમાન્ત ચાંદ્રમાસ

ભારતમાં શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષના આધારે બે પ્રકારના ચાંદ્રમાસો અનુસરવામાં આવે છે અને તે પ્રમાણેની પ્રથાનાં પંચાંગો વપરાય છે. પહેલાને અમાન્ત-મુખ્યમાન (સુદ એકમથી અમાસે પૂરા થતા) અને બીજાને પૂર્ણિમાન્ત-ગૌણમાની (વદ એકમથી પૂર્ણિમાએ પૂરા થતા) તરીકે ઓળખવામાં આવે છે.

અમાન્ત ચાંદ્રમાસ જે તે નામ ધરાવતા સૌર માસમાં આવતી અમાસ પૂરી થતાં (પછીના દિવસથી) શરૂ થાય છે. તેથી તે સૌર માસના કોઈ પણ દિવસે શરૂ થઈ શકે છે. સૌર માસના પ્રથમ દિને કે પછી અંતિમ દિને પણ તે શરૂ થઈ શકે. આ સૌર માસનું નામ તે ચાંદ્રમાસને આપવામાં આવે છે.

પૂર્ણિમાન્ત ચાંદ્રમાસનો ઉપરના અમાન્ત ચાંદ્રમાસની વ્યાખ્યા પ્રમાણે નિર્ણય કરાય છે. અમાન્ત માસની પ્રથમ અમાવાસ્યા પહેલાંની પૂર્ણિમાએ તે શરૂ થાય છે અને તે જ અમાન્ત માસનું નામ તે ધારણ કરે છે.

(અનુસંધાન પૃ.૬૯૬)

સૌરમાસનાં સંબંધિત નામો

	ભારતીય રાશિ નામ	પ્રચલિત નામ	બંગાળ ઓરિસ્સા	આસામ	તામિલ	કેરાલા
૧.	मेष	वैशाख	वैशाख	बहाग	चित्तिराई	मेष
૨.	વૃષભ	જયેષ્ઠ	જયેષ્ઠ	જેઠ	વૈકાશિ	વૃષભ
૩.	મિથુન	આષાઢ	આષાઢ	આહાર	આણિ	મિથુન
૪.	કર્કટ-કર્ક	શ્રાવણ	શ્રાવણ	સાઓન	આડિ	કર્કિટક
૫.	સિંહ	ભાદ્રપદ	ભાદ્ર	ભાદ્ર	આવણિ	સિંહ
૬.	કન્યા	આશ્વિન	આશ્વિન	આહિન	પુરટ્ટાશિ	કન્યા
૭.	તુલા	કાર્તિક	કાર્તિક	કાતિ	અરપ્પિશિ	તુલા
૮.	વૃશ્ચિક	માર્ગશીર્ષ	અગ્રહાયણ	અઘોં	કાર્થિગાઈ	વૃશ્ચિક
૯.	ધનુ	પોષ	પૌષ	પુહ	માંર્ગલિ	ધનુષ
૧૦.	મકર	મહા	માઘ	માઘ	થાઈ	મકર
૧૧.	કુંભ	ફાગણ	ફાલ્ગુન	ફાલ્ગુન	માશિ	કુંભ
૧૨.	મીન	ચૈત્ર	ચૈત્ર	ચૈંત	પંગુનિ	મીન

વર્ષનો પ્રથમ માસ નાગરી લિપિમાં જુદો દર્શાવ્યો છે. રાશિનો સંબંધ ચાંદ્રમાસ કરતાં સૌરમાસ (સૂર્ય વડે બનતા મહિના) સાથે સમજવો સરળ છે.

સંગીતશાસ્ત્ર - ૩૧

ડૉ. હસુ યાજ્ઞિક

ગાનશૈલી અને સ્વરૂપો : સામગાન

ભારતીય રાગસંગીત મુખ્યત્વે તો ગાન-પરત્વે સાહિત્યકૃતિનો જ આધાર લઈને પ્રસ્તુત થાય છે. સાહિત્યની કૃતિના નિરૂપિત ભાવને સ્વરમાં ઢાળીને રજૂ કરવામાં આવે છે. અને એ સ્વરોને આધારે કોઈ એક રાગવિશેષને, એના સ્વરૂપને પ્રકટ કરવામાં આવે છે. એક તરફથી આવી પ્રબંધાત્મક કૃતિના ગાનમાં કૃતિનિરૂપિત ભાવ જ આધાર આપે અને એ ભાવને સ્વરો વ્યક્ત કરે અને એ સ્વરો કોઈ એક રાગના સ્વરૂપની ઇમારત બાંધે. વિશ્વની લગભગ બધી જ સંગીત પરંપરામાં આ રીતે શબ્દને સથવારે જ સંગીત વહેતું થયું છે. ઊર્મિગીતો, કથાગીતો, ઋતુગીતો, સંસ્કારગીતો, ઉત્સવગીતો ઇત્યાદિ આ રીતે જ દરેક જાતિની પરંપરામાં ગવાતાં રહ્યાં અને એ ધર્મક્ષેત્રે પણ સ્તોત્રગાનમાં પ્રયોજાતાં થયાં. નિર્વ્યાજ સાહજિક આનંદાભિવ્યક્તિની આવી વ્યક્તિગત અને સામૂહિક અભિવ્યક્તિએ જ એક તરફથી સાહિત્યના વિવિધ પ્રકારો-સ્વરૂપો ઘડ્યાં તો બીજી તરફથી એમાંથી જ વિવિધ દેશીઓ અને ઢાળો આવ્યા અને તેનું પ્રશિષ્ટીકરણ થતાં રાગનાં સ્વરૂપ બંધાયાં અને ગાનશૈલીઓ ઘડાઈ.

સંગીતકલાની ગાનશૈલી અને પ્રબંધાત્મક સાહિત્યકૃતિના શબ્દોના આશ્રયે થતી રજૂઆતમાં પ્રશિષ્ટીકરણનું પહેલું પગલું તે સ્તોત્રગાન. લોકોની પરંપરામાં તો જે રચના જે રીતે જે ઋતુમાં, ઉત્સવમાં કે જીવનના કોઈ સંસ્કારવિધિ કે સામૂહિક શ્રમનાં કાર્ય કરતાં ગવાતી હોય તેની પરંપરા ચાલે અને તેના ઢાળ રૂઢ થતા જાય. પરંતુ એમાં સમય સમયે નવું ઉમેરાતું જાય અને પરિવર્તન પણ થતું આવે. આવા ઢાળો જ્યારે ધર્મસ્તોત્ર, સૂક્ત, મંત્ર, સ્તુતિ વગેરેમાં ગવાય અને યજ્ઞ જેવી કોઈ વિધિક્રિયાનું અંગ બનીને સંકળાય ત્યારે એના સ્વરૂપને નિશ્ચિતરૂપમાં બાંધી રાખવાની પ્રશિષ્ટીકરણની પ્રક્રિયા પણ આરંભાય છે. આ સ્વાભાવિક પદ્ધતિ છે. જ્યારે કોઈ કથા, એનાં વિવિધ ગીતો વગેરે કોઈ ધાર્મિક વિધિ સાથે સંકળાય છે, ત્યારે તેનું શબ્દરૂપ સામગ્રી અને રજૂઆત કરવા માટેના ગેય ઢાળ તરતા અને પરિવર્તનશીલ મટીને કોઈ એક નિશ્ચિત તબક્કે, ભૂમિકાએ સ્થિર થઈ જાય છે. અનેક વીરગાથાઓ જે સામાન્ય એવા સંજોગોમાં કાળનિર્ગમક મનોરંજન તરીકે વિહરતી રહી ત્યારે એ 'તરતી' અવસ્થામાં અનેક પરિવર્તનો પામતી રહી. પરંતુ જેવી આવી કથાઓ અને તેની રચનાઓ કોઈ ધાર્મિક વિધિવિધાનનો ભાગ બની કે એનું રૂપ સ્થિર થયું. વીરગાથાઓમાંથી એપિક ઑવ્ ગ્રોથ જન્મ્યા અને ધાર્મિક વિધિ અને ક્રિયાકાંડ સાથે સંકળાતાં તે સંહિતારૂપ બન્યાં, મહાકાવ્ય તરીકે સ્થિર થયાં. આમ, થવામાં આવી રચાનું કોઈ એક હાથે થતું આખરી સંસ્કરણ કે સંપાદન પણ કારણરૂપ બન્યું હોય.

એ રીતે જ જ્યારે આવા ઢાળો સૂક્ત, મંત્ર, સ્તુતિ વગેરે સાથે સંકળાય છે ત્યારે તે સ્થિર થઈ જાય છે. અને એની પરંપરા જળવાય, તેનું સ્વરૂપ કાળના પ્રવાહ સામે પણ અપરિવર્તનશીલ રહે, તેવા ઉપાયો કરવામાં આવે છે. સામવેદ પણ આવો જ એક ઉપાય છે. એક પ્રકારે તો ગેય એવા સૂક્તોનું જ તે સંકલન છે. ઇરાનમાંથી આવેલા આર્યો સપ્તસિંધુમાં વસ્યા ત્યારે એમની ધર્મવિધિઓનાં અનેક સૂક્તો, મંત્રો રચાઈ ચૂક્યાં હતાં. આ પ્રક્રિયાને ઇસવીસન પૂર્વેના દશેક હજાર વર્ષ જૂની કહી શકાય. ચારે વેદોના સંપાદનનો સમય ઇસ્વી સન પૂર્વેનાં અઢીત્રણ હજારથી પાંચેક હજાર વર્ષનો અંદાજવામાં આવ્યો છે. પરંતુ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સંપાદિત થયાં એ કાળે જ કંઈ એ બધાં સૂક્તો, મંત્રો રચાયાં ન હતાં. હજારો વર્ષો પહેલાંની પરંપરામાં જે હતું તે જ આ ચાર વેદોમાં સંપાદિત થયું. વિવિધ પ્રકારના ક્રિયાકાંડો, યજ્ઞાદિમાં પૂજન અને સ્તવન અનુષંગે વિવિધ સૂક્તમંત્રાદિ ગવાતાં હતાં તેમાંથી કાળક્રમે સ્તુતિ માટેના મંત્રો ઋગ્વેદમાં, વિધિ માટેના મંત્રો યજુર્વેદમાં, ગવાતા મંત્રો સામવેદમાં અને તન્ત્રાત્મક વિશિષ્ટ હેતુની સિદ્ધિ માટેના વિધિમંત્રો અથર્વવેદમાં સંપાદિત થયા.

આથી સામવેદ એટલે જે સૂક્તો-મંત્રો ગેય હતાં તેનું સંપાદન. એમાં ૧૮૧૦ ઋચાઓ છે, તેમાં એકની એક ઋચા બીજી, ત્રીજી વાર પણ આવે છે તેને બાદ કરતાં કુલ ૧૫૪૯ ઋચાઓ છે. સામવેદની ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. માત્ર ૭૫ ઋચાઓ જ સ્વતન્ત્ર છે. સામસંહિતાના આર્ચિક અને ઉત્તરાર્ચિક વિભાગમાં ગાયત્રી, જગતી, ત્રિષ્ટુપ, પ્રગાથ વગેરે છંદની ઋચાઓ છે. આમ, છંદોબદ્ધ ગવાતી ઋચાઓનો સંચય તે સામવેદ. પ્રથમ આર્ચિકની ૫૮૫ ઋચાઓ જુદા જુદા છંદમાં છે. પ્રત્યેક ઋચાને યોનિ કહેવામાં આવે છે. કેટલીક ઋચાઓ જુદા જુદા છંદમાં ગાઈ શકાય એવી તો કેટલીક નિશ્ચિત છંદમાં ગવાય એવી છે. આર્ચિક સંહિતામાં આમ પાંચસો પચીસ ઋચાઓ છે. ઉત્તરાર્ચિકમાં ત્રણ ત્રણ ઋચાઓનાં બનતાં એક પદની ઋચાઓ છે. આ દષ્ટિએ ગેય પદોનો પ્રથમ સંચય પણ સામવેદ છે.

સામવેદની ઋચાઓના શબ્દોના ઉચ્ચાર માટે તથા સ્વર માટે ચિહ્ન નિશ્ચિત થયેલાં છે. ગાતી વખતે પુનરાવૃત્તિ અને પ્રક્ષેપનાં રૂપો જેવી રીતે થાય તે રીતે આ ચિહ્નો અપાય છે. તેને સ્તોમ કહે છે. સ્તોમનું સ્વરૂપ સામબ્રાહ્મણમાં આપ્યું છે

અને ઢાળની પણ વિગત મળે છે. ત્રણ ઋચાનું બનેલું જે પદ છે તે સળંગ એક જ ઢાળમાં ગવાતું નથી. પહેલી ઋચા એક પ્રકારે તો બીજી બીજા અને ત્રીજી ત્રીજા પ્રકારના ઢાળમાં ગવાય છે. સ્વર દર્શાવવા ત કા ણ[ર] એવી અક્ષરસંજ્ઞા તેમ જ ૧,૨,૩,૪,૫,૬,૭ એવાં અંકચિહ્નો અપાય છે. સામગાયક પોતાના હાથ અને આંગળીઓ ચલાવીને જુદા જુદા સ્વર ઉપર વજન આપે છે. આ પ્રકારના ગાનનું 'કથાસરિત્સાગર'ના કથાપીઠ નામક પ્રથમ લંબકના છઠ્ઠા તરંગમાં હાસ્યાર્થે વર્ણન-નિર્દેશ પણ કર્યો છે, તે સૂચક છે. આ પ્રકારનું ગાન એકવિધ અને રંજકતાવિહીન બની જાય, તે દેખીતું છે. કથાસરિત્સાગરના કથાનકમાં ભોળો બ્રાહ્મણ કોઈને પૂછે છે કે વારાંગનાને ખુશ કરવા શું કરવું? સલાહકાર કહે છે : રંજયન્સામ. એટલે કે એનું રંજન થાય, સાંત્વન મળે એવી વાત કર. ભોળો બ્રાહ્મણ સમજે છે : સામવેદ ગાઈને રંજન કર. આથી બ્રહ્મણે વારાંગના પાસે જઈને બન્ને હાથોને ગાયના કાનની જેમ ઊંચા કરી, એના પર આંગળીઓ નચાવતા તાર સ્વરે સામગાન કર્યું. આથી કોઈ બોલ્યું ચાવોયન્ શૃગાલોઽયં પ્રવિષ્ટો અત્ર? આ શિયાળ અહીં ક્યાંથી ઘૂસ્યો? એને ગળે અર્ધચન્દ્ર આપો. અર્ધચન્દ્ર આપવો એટલે ગળે પકડવો. પરંતુ ભોળો બ્રાહ્મણ અર્ધચન્દ્ર બાણ સમજ્યો અને ભયભીત બની ભાગી ગયો.વેદજ્ઞને વ્યવહારજ્ઞાન હોતું નથી એવું દર્શાવી હાસ્ય નિષ્પન્ન કરવાનો અહીં પ્રયત્ન છે. એ સાથે જ સામગાન કેવી ક્રિયા કે ચેષ્ટા સાથે ગવાતું હતું અને ક્રિયાકાંડનો નિર્જીવ અંશ બનતા કર્ણપ્રિય અને રંજન નહોતું રહ્યું એનો પણ અહીં દસ્તાવેજી નિર્દેશ છે.

પરંતુ ભારતીય સંગીતનો પ્રાચીનતમ પ્રશિષ્ટ ગ્રન્થ સામવેદ છે, કેમ કે ગેયતાના ધોરણે થયેલું એ ચયન છે અને સ્વરની લિપિ શોધાઈ ન હતી ત્યારે પ્રાચીનતમ કાળે સંજ્ઞા દ્વારા સ્વર સૂચવીને તેના ગેય ઢાળની જાળવણીનો પણ એ પ્રાચીનતમ દસ્તાવેજ છે.

'સામ'નો નિશ્ચિત અર્થ શું, તે બહુ સ્પષ્ટ થયું નથી. પરંતુ મારું દૃઢ મંતવ્ય છે કે આ પર્યાય પણ સંગીતનો જ છે. નારદીય શિક્ષામાં લૌકિક અને વૈદિકગાન દશ ગુણથી યુક્ત હોય એમ જણાવીને રહિત, પૂર્ણતા, અલંકૃતતા, પ્રસન્નતા, વ્યકતતા, વિકૃષ્ટતા, શ્લક્ષણ, સમમ્, સુકુમાર અને માધુર્ય દર્શાવ્યા છે. આમાં 'સમમ્' છે તેનો અર્થ છે કોઈ પણ વર્ણને, તેની ચાર ગતિને લયબદ્ધ કરી તાલમાં બાંધવી. આથી જે સૂક્તો, મન્ત્રો, ઋચાઓ વર્ણ એની ચાર ગતિ સાથે લયબદ્ધ કરી તાલનિબદ્ધ સ્વરૂપમાં ગવાતી હતી તેનો સંચય તે સામવેદ એવું નિષ્પન્ન થયું જણાય છે. સમમ્-કૃત મન્ત્રરચના તે સામ. લય અને તાલથી વર્ણની ચાર ગતિથી ગવાતી રચના તે સામ અને એનું સંપાદિત સ્વરૂપ તે સામવેદ. ઋક્ પ્રતિસાંખ્ય ૪૪મી ગાથામાં વૈદિક અને લૌકિક સ્વરોની ઊંચાઈ સરખી દર્શાવી છે.

યે તે સપ્ત સ્વરાઃ ષડજઋષભગાંધારમધ્યમપંચમધૈવતંનિષાદા સ્વરાઃ ઈતિ ગાંધર્વવેદે સમાન્માતાઃ તથા સામષું કૃષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મન્દ્રાતિસ્વાર્યા ઈતિ ધમા નામ વેદિતવ્યાઃ એમ કહેવામાં પણ ગાંધર્વવેદ એટલે આજની આપણી સ્વીકૃત પરિભાષાનું સંગીતશાસ્ત્ર. 'નારદીયશિક્ષા'માં ગાંધર્વ શબ્દની વ્યાખ્યા આપતા

ગેતિ ગેયં વિદુઃ પ્રાજ્ઞા ધેતિ કાસપ્રવાહનં

વેતિ વાદ્યસ્ય સંજ્ઞેયં ગાંધર્વસ્ય વિરોચનમ્ (ના.શિ.૬૮)

કહેવાયું છે, તેમાં ગાયન-વાદન જાણનાર તે ગાંધર્વ એ સ્પષ્ટ છે. ભરત ગાંધર્વમિતિ વિજ્ઞેયં સ્વરતાલપદાશ્રયં કહે છે. આમ સ્વર, તાલ અને પદના આધારે ગાન થાય તે ગાંધર્વ.

આમ, શાસ્ત્રીય ગાનની નિશ્ચિત પરિપાટી નિશ્ચિત થઈ હતી અને સામવેદ કે ગાંધર્વવેદથી સાંગિતિક રચનાઓ અને તેના રાગ અને તાલનિબદ્ધ ગાનનો આરંભ થઈ ચૂક્યો હતો. અને એમાંથી જ નિબદ્ધ અને અનિબદ્ધ ગાનનો આરંભ થયો. રાગને કોઈ કૃતિને આધારે કે વાદ્યના સ્વરથી સ્વરૂપબદ્ધ કેવી રીતે કરવો એનું માળખું બંધાયું ને એમાંથી આલાપ, સ્થાયી, અંતરા, આભોગી, સંચારી વિભાગો થયા ને ધ્રુપદ-ધમાર વગેરે પ્રકારો વિકસ્યા. (ક્રમશઃ)

અનુ.] ભારતીય પંચાંગ [પૃ.૬૯૪થી

અમાન્ત ચાંદ્રપંચાંગ ચૈત્ર સુદ એકમથી શરૂ થાય છે, જ્યારે સૌરપંચાંગ વૈશાખથી શરૂ થાય છે. ખગોળના હેતુઓ માટે વર્ષ સૂર્યના મેષ રાશિમાં પ્રવેશ થવાની સાથે એટલે કે થોડાક દિવસ મોડું શરૂ થાય છે.

વિક્રમ સંવતના(યા શક સંવત વગેરે પ્રકારના સંવત) મહિના ચાંદ્રમાસ છે. ચાંદ્રમાસનાં નામ નક્ષત્રોનાં નામ પરથી પડેલાં છે. પૂર્ણિમાના દિવસે ચંદ્ર જે નક્ષત્ર આગળ હોય તે નક્ષત્ર પરથી તે માસનું નામ પડે છે. ચંદ્ર અશ્વિની નક્ષત્ર આગળ હોય તો આશ્વિન માસ, કૃત્તિકા આગળ હોય તો કાર્તિક માસ, ચિત્રા આગળ હોય તો ચૈત્ર માસ - એમ નામ પડેલાં છે.

અષાઢી અને કાર્તિકી (વિક્રમ સંવત વગેરે) સંવતનાં પંચાંગો અમાન્તમાસ ઉપર આધારિત હોય છે. અને તેથી તેમના માસો ચૈત્રાદિ પૂર્ણિમાની પંચાંગના માસો કરતાં ૧૫ દિવસ મોડાં શરૂ થાય છે. અષાઢી પંચાંગ અષાઢ સુદ એકમથી અને કાર્તિકી પંચાંગ કાર્તિક સુદ એકમથી શરૂ થાય છે.

અમાન્ત ચાંદ્રમાસ મુખ્યત્વે કર્ણાટક, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અનુસરવામાં આવે છે. તે ઉપરાંત આસામ, બંગાળ, ઓરિસ્સા, તામિલનાડુ વગેરે રાજ્યોનાં જ્યાં સૌર ઉત્સવો, પર્વો અને વિધિવિધાનો વગેરે માટે તે અનુસરવામાં આવે છે. ગુજરાત અને રાજસ્થાનના અમુક ભાગોમાં ચાંદ્રવર્ષ કાર્તિક મહિનાથી શરૂ થઈ આશ્વિન માસની અમવાસ્યાએ - દિવાળીએ પૂરું થાય છે. અષાઢી પંચાંગ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં અનુસરવામાં આવે છે. (આવતા અંકે પૂરું)

આવો, શીખીએ અંગ્રેજી (૨૭)

ધનુભાઈ મહેતા

ક્રિયાવિશેષણ ઉપવાક્ય - The Adverb Clause

સંકુલ વાક્યમાંના ગૌણ ઉપવાક્યના ત્રણ પ્રકાર, નામ, વિશેષણ અને ક્રિયાવિશેષણ ઉપવાક્ય. પહેલા બે વિષે શીખી ગયા. આ પાઠમાં ક્રિયાવિશેષણ ઉપવાક્ય વિષે સમજીએ. અંગ્રેજીમાં ક્રિયાવિશેષણ ઉપવાક્યને The adverb clause કહેવાય. આપણે શીખી ગયા કે, નામ કે સર્વનામ સિવાયના વાક્યનાં પદો, જેવાં કે, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, નામયોગી અવ્યય અને સંયોજકના અર્થમાં વધારો કરે તે શબ્દને ક્રિયાવિશેષણ કહેવાય. તેના પેટા વિભાગો વિષે પણ વિગતે શીખ્યા. તો આગળ ક્રિયાવિશેષણ ઉપવાક્યને સમજતાં પહેલા ક્રિયાવિશેષણ - the adverb અને ક્રિયાવિશેષણ શબ્દસમૂહ - the adverb phrase કોને કહેવાય તે ઉદાહરણ દ્વારા સમજીએ.

તે મોટેથી બોલ્યો. He spoke **loudly.**

બોલતા પહેલા વિચારો. Think **before** you speak.

તરત જ આવો. Come **soon.**

ભસતાં કૂતરાં ભાગ્યે જ કરડે. Barking dogs **seldom** bite.

પરિણામે તે સફળ થયો. **Consequently** he succeeded.

ઉપરનાં વાક્યોમાં ઘાટા શબ્દો ક્રિયાવિશેષણ છે, કારણ કે તે વાક્યમાં થતી ક્રિયાનો વિસ્તાર કરે છે. આ વિષેની ચર્ચા આગળ કરી છે. અહીં તો તે માત્ર પુનરાવર્તન રૂપે જ છે.

હવે ક્રિયાવિશેષણ શબ્દસમૂહ શીખીએ. એક કરતા વધારે શબ્દો વાક્યમાં થતી કોઈ ક્રિયાનો વિસ્તાર કરતા હોય ત્યારે તે શબ્દોને ક્રિયાવિશેષણ શબ્દસમૂહ (phrase) કહેવાય છે.

શબ્દસમૂહ વિષે આપણે આગળ શીખી ગયા છીએ તેમ છતાં તે તાજું કરવું જરૂરી છે. વાક્યો દ્વારા તેના પર ફરી એક નજર ફેરવી લઈએ.

અમે સૂર્યોદય થતાં પ્રયાણ કર્યું.

We set out **at sunrise** (to set out - ટુ સેટ આઉટ - પ્રયાણ કરવું, to setનું ભૂ.કા. અને ભૂ.કૃ.નું રૂપ 'set' જ થાય છે.)

ડાબી બાજુએ વળતાં તે એક જીર્ણ મંદિર પાસે આવ્યો.

Turning to the left he came upon a ruined temple. (a ruined - અ રુઈન્ડ - જીર્ણ)

મારી ચેતવણી છતાં, તે વીજળીક તારને અડ્યો.

Inspite of my warning, he touched an electric wire. (a warning - અ વૉર્નિંગ - ચેતવણી)

રસ્તો ઓળંગતા તેને અકસ્માત નડ્યો.

While crossing the road, he met with an accident.

'while' પછી હંમેશાં ક્રિયાપદનું 'ing'વાળું રૂપ વાપરવું.

ઉપરનાં વાક્યોમાં ઘાટા શબ્દસમૂહો ક્રિયાવિશેષણ શબ્દસમૂહો છે.

જેટલા વિશેષણના પ્રકાર તેટલા જ ક્રિયાવિશેષણ શબ્દસમૂહના અને ક્રિયાવિશેષણ ઉપવાક્યના પ્રકાર. સંકુલ વાક્યમાંના મુખ્ય ઉપવાક્ય કે અન્ય ગૌણ ઉપવાક્યમાંની ક્રિયાના સમય, સ્થળ, કારણ, હેતુ, પરિણામ, વિરોધ, શરત કે રીતનો વિસ્તાર દર્શાવતું ઉપવાક્ય તે ક્રિયાવિશેષણ ઉપવાક્ય. આમ, ક્રિયાવિશેષણ ઉપવાક્યના આઠ પ્રકાર છે. (૧) સમયદર્શક, (૨) સ્થળદર્શક, (૩) કારણદર્શક, (૪) હેતુદર્શક, (૫) પરિણામદર્શક, (૬) વિરોધદર્શક, (૭) શરતદર્શક, (૮) રીતદર્શક. પ્રત્યેકને સદૃષ્ટાંત સમજીએ.

(૧) સમયદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય

adverb clause of time. સમયદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય 'when', 'while', 'before', 'after', 'as', 'till', 'until', 'since', 'as soon as', 'whenever' અને 'no sooner' જેવાં ઉભયાન્વયી પદોથી મુખ્ય ઉપવાક્ય અથવા અન્ય ગૌણ ઉપવાક્યની સાથે તે જોડાયેલ હોય છે. દા.ત.

ગટેએ 'શાકુન્તલ' વાંચ્યું ત્યારે તે આનંદથી નાચ્યો.

When Goethe read the 'Shakuntala', he danced with joy.

આ સંકુલ વાક્યમાં, 'he (Goethe) danced with joy, એ મુખ્ય ઉપવાક્ય, 'when' થી Goethe, (he) danced with joy, એ ગૌણ ઉપવાક્યથી જોડાયેલું છે, અને તે 'danced with joy' એ ક્રિયાનો સમય દર્શાવે છે.

એક મુદ્દો ખ્યાલમાં રાખશો કે સામાન્ય રીતે ગુજરાતી વાક્યરચનામાં 'જ્યારે' મોટે ભાગે અધ્યાહાર રહે છે અને 'ત્યારે' વપરાય છે. પણ અંગ્રેજી વાક્યરચનામાં તો 'જ્યારે' 'when' જ વપરાય છે, 'ત્યારે' માટે કોઈ શબ્દ વપરાતો નથી. અને 'when' પછી 'then' કે 'at that time' વાપરીએ તો એ વાક્યરચના અશુદ્ધ બને છે. વળી, આ વાક્યરચનાને આ પ્રમાણે પણ દર્શાવી શકાય : 'Goethe danced with joy, when he read the 'Shakuntala.' દરેક ઉપવાક્યને અંતે અલ્પવિરામ મૂકવું આવશ્યક છે. થોડાંક વધારે ઉદાહરણો દ્વારા 'when' સિવાયના અન્ય ઉભયાન્વયોથી જોડાયેલાં ક્રિયાવિશેષણ ઉપવાક્યો પણ સમજીએ.

કામ કરતાં હો ત્યારે કામ કરો.

Work, while you work.

સૂર્ય પ્રકાશે છે ત્યારે લણણી કરી લો.

Make hay, while the sun shines. (to hay - હે - કાપણી કરવી, પાક લણવો.)

દાકતર આવ્યા તે પહેલાં દરદી મરી ગયો હતો.

The patient had died before the doctor came.

દરદી મરી ગયો પછી દાક્તર આવ્યા.

The doctor came after the patient had died.

'before' અને 'after' 'પહેલા' અને 'પછી'નો ઉભયાન્વયી તરીકે પ્રયોગ કરતા એ વાત લક્ષમાં રાખશો કે જે ક્રિયા પ્રથમ થઈ હોય તે ઉપવાક્યમાં સંપૂર્ણ ભૂતકાળ વાપરવો અને જે ક્રિયા પછી થઈ હોય તેમાં સાદો ભૂતકાળ વાપરવો.

'as' પણ 'જ્યારે'ના અર્થમાં વપરાય છે. જેમ કે,

તે ખંડમાં દાખલ થઈ ત્યારે તેનું અભિવાદન કરવા બધા ઊભા થયા.

As she entered the hall, all stood up to greet her.

'till - ટિલ' અને 'until - અનૂટિલ' એટલે જ્યાં સુધી-ત્યાં સુધી. વેલ્સ સાહેબની પાઠમાળા તો 'till' અને 'until' વચ્ચે કશો ભેદ દર્શાવતી નથી, પણ મુખ્ય ઉપવાક્ય હકારાત્મક હોય તો ક્રિયાવિશેષણ ઉપવાક્યને જોડવા માટે ઉભયાન્વયી 'till' વાપરવું અને નકારમાં હોય તો 'until' એમ સામાન્ય રીતે પ્રયોગ થાય છે. એક વાતનો ખ્યાલ રાખશો કે 'till'ની જોડણીમાં 'll' છે જ્યારે 'until'માં એક જ.

હું આવું ત્યાં સુધી અહીં રાહ જુઓ.

Wait here, till I come.

હું રજા ન આપું ત્યાં સુધી ખસો નહિ.

Don't move, until I permit.

જેવા તેણે માઠા સમાચાર સાંભળ્યા કે તરત જ તે મોટેથી રડી.

As soon as she heard the sad news she wept aloud.

ચોરે પોલીસને જોયો કે તરત જ તે નાસી ગયો.

No sooner did the thief see the policeman, than he ran away.

'as sonn as' અને 'no sooner did than' નો પ્રયોગ પણ બરાબર સમજી લેશો. આ પ્રમાણે જ સમયદર્શક અન્ય ઉભયાન્વયી પદોનો પ્રયોગ જાણવો.

(૨) સ્થળદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય

adverb clause of place - આ પ્રકારના ક્રિયાવિશેષણ ઉપવાક્યમાં 'where - વ્હેર - ક્યાં', 'whereever - વે(અ) રેવર - જ્યાં જ્યાં, અને 'whither - વિધર - કયા ઠેકાણે, કઈ બાજુએ' ઉભયાન્વયી પદો વપરાય છે. વાક્ય પ્રયોગ શીખીએ.

જ્યાં છો ત્યાં જ રહો. Stay, where you are.

તમને ફાવે ત્યાં જાવ. Go whereever you like.

જ્યાંથી આવીએ છીએ ત્યાં જ આપણે પાછા ફરીએ છીએ.

We return from where we come.

જ્યાં હું જાઉં છું તે ઠેકાણે કોઈ આવશો નહિ.

Wither I go, no one shall come.

ઉપરનાં વાક્યોમાં મુખ્ય ઉપવાક્ય અને ક્રિયાવિશેષણ ઉપવાક્ય નીચે પ્રમાણે છે અને તે પ્રત્યેકમાં મુખ્ય વાક્યમાંની ક્રિયાના સ્થળનું સૂચન છે.

(૧) Stay મુખ્ય વાક્ય, where you are, ક્રિયાવિશેષણ ઉપવાક્ય. (૨) Go મુખ્ય ઉપવાક્ય, wherever you like, ક્રિયાવિશેષણ ઉપવાક્ય. (૩) We return મુખ્ય ઉપવાક્ય, from when we come ક્રિયાવિશેષણ ઉપવાક્ય.

no one shall come, મુખ્ય ઉપવાક્ય

Wither I go ક્રિયાવિશેષણ ઉપવાક્ય.

(૩) કારણદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય - adverb clause of reason. મુખ્ય ઉપવાક્ય કે અન્ય કોઈ ઉપવાક્યની ક્રિયાનું કારણ દર્શાવતું ઉપવાક્ય તે કારણદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય કહેવાય. આ પ્રકારનું ઉપવાક્ય 'because', 'therefore', 'as', 'since', 'that' જેવાં સંયોજકથી જોડાયેલું હોય છે. દા.ત.

તે નાપાસ થયો, કારણ કે તેણે મહેનત કરી નહીં.

He failed because he did not work.

આ વાક્યમાં he failed મુખ્ય ઉપવાક્ય છે અને because he did not work એ કારણદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય છે, કારણ કે તે મુખ્ય ઉપવાક્યમાંના 'failed' ક્રિયાપદનું કારણ દર્શાવે છે. આ વાક્યને 'therefore', 'as' અને 'since' વાપરીને પણ દર્શાવી શકાય. જેમ કે, He did not work, therefore he failed. 'becaues' વપરાયેલ વાક્યમાં મુખ્ય ઉપવાક્ય હતું તે 'therefore' વાપરતાં ગૌણ બન્યું અને ગૌણ હતું તે મુખ્ય બન્યું, તે ફેરફાર નોંધશો. અહીં અર્થમાં કોઈ ફેર પડતો નથી.

'as' તથા 'since' બન્ને વિવિધ અર્થોમાં વપરાય છે. જ્યારે તે બન્ને કારણદર્શક ઉપવાક્યમાં સંયોજક તરીકે વપરાયાં હોય ત્યારે તેનો અર્થ 'કારણ કે' સમજવો. વળી, 'as' અને 'since' ગૌણ ઉપવાક્યના પ્રારંભે વપરાય છે. જેમ કે, As he did not work, he failed. અથવા Since he did not work, he failed. આ બન્ને વાક્યમાં મુખ્ય ઉપવાક્ય, ગૌણ ઉપવાક્યની આગળ પણ વાપરી શકાય. જેમ કે, He failed, as he did not work. અથવા He failed since he did not work. કારણદર્શક ઉપવાક્ય 'that'થી જોડાયું હોય ત્યારે તેનો અર્થ કારણ કે સમજવો. જેમ કે,

હું ખુશ છું, કારણ કે તમે આવ્યા છો.

I am glad, that you have come.

I am glad, મુખ્ય ઉપવાક્ય અને that you have come એ કારણદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય.

(૪) હેતુદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય - adverb clause of purpose. સંકુલ વાક્યમાંનું જે ગૌણ ઉપવાક્ય, મુખ્ય ઉપવાક્ય કે અન્ય કોઈ ઉપવાક્યના ક્રિયાપદનો હેતુ દર્શાવતું

હોય તે ઉપવાક્ય હેતુદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય બને છે. સંયોજક તરીકે 'that', 'so that' કે 'lest' જેવાં ઉભયાન્વયી પદ વપરાય છે. જેમ કે,

આપણે જીવીએ તે માટે આપણે ખાઈએ છીએ.

We eat that (in order that, so that) we may live.

સ્વતંત્રતા જીવે તે માટે તેણે બલિદાન આપ્યું.

He sacrificed that freedom might live.

ભૂલી ન જાવ તેટલા માટે તે લખી લો.

Write it down lest you forget it.

પહેલા વાક્યમાં, that we may live એ ગૌણ ઉપવાક્ય, મુખ્ય ઉપવાક્યમાંના 'eat' ક્રિયાપદનો, બીજા વાક્યમાં 'that freedom might live, એ ગૌણ ઉપવાક્ય મુખ્ય ઉપવાક્યમાંના 'sacrificed' ક્રિયાપદનો અને ત્રીજા વાક્યમાં, lest you forget it' એ ગૌણ ઉપવાક્ય, મુખ્ય ઉપવાક્યમાંના 'write it down ક્રિયાપદનો હેતુ દર્શાવે છે. તેથી તે ત્રણે ગૌણ ઉપવાક્યો કારણદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્યો બને છે. યાદ રાખજો કે 'lest - લેસ્ટ'નો અર્થ 'રખે ને નહિ' તેવો થાય છે માટે 'lest' વાપર્યા પછી 'not' વાપરવું નહિ કારણ કે 'lest'માં નકારનો ભાવ સમાયેલો જ છે.

(૫) પરિણામદર્શક ક્રિયાવિશેષણ - adverb clause of result. મુખ્ય કે અન્ય કોઈ ઉપવાક્યની ક્રિયાનું પરિણામ દર્શાવતું ગૌણ ઉપવાક્ય પરિણામદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય બને છે. તેમાં સંયોજક તરીકે 'that' વપરાય છે. 'that' કોઈ વાર અધ્યાહાર પણ હોય. 'that'ની આગળ સામાન્ય રીતે મુખ્ય ઉપવાક્યમાં પ્રારંભે 'so', કે 'such' વપરાય છે.

તે એટલો બધો ભલો માણસ છે કે (પરિણામે) બધા તેને ચાહે છે.

Such a good man is he, that all love him.

અમરનાથમાં એટલી બધી ઠંડી હતી કે ઘણાં મર્યાં.

It was so cold in Amarnath, that many died.

પહેલા અને બીજા વાક્યમાં 'that'થી જોડાયેલાં ગૌણ ઉપવાક્યો અનુક્રમે મુકય ઉપવાક્યમાંનાં 'is' અને 'was' ક્રિયાપદનું પરિણામ દર્શાવે છે. તેથી તે બન્ને પરિણામદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય બને છે.

(૬) શરતદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય - adverb clause of condition. આ પ્રકારના ઉપવાક્ય 'it' કે 'unless' ઉભયાન્વયી પદથી જોડાયેલાં હોય છે.

'if' (ઈફ) 'જો'... 'તો'ના અર્થમાં વપરાય છે.

જેમ અંગ્રેજીમાં 'ત્યારે' નહિ પણ 'જ્યારે - when' વપરાય છે. તે પ્રમાણે જ અંગ્રેજીમાં 'તો' નથી વપરાતું પણ 'જો - if' વપરાય. અંગ્રેજીમાં 'તો' માટેનો કોઈ શબ્દ વપરાતો નથી, જ્યારે ગુજરાતીમાં સામાન્ય રીતે 'તો' વપરાય, 'જો' વપરાતું નથી. વળી, જો નહિ - if not - unless એટલે જેમ 'lest' પછી 'not' ન વપરાય તેમ 'unless'વાળા ગૌણ ઉપવાક્યમાં પણ 'not' વપરાય નહિ. શરત દર્શાવતું ગૌણ ઉપવાક્ય તે શરતદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્ય કહેવાય. દા.ત.

ઝેર ખાશો, તો મરી જશો.

If you eat poison, you will die.

તે રડશે નહિ, તો મરી જશે.

If she does not weep, she will die.

તે રડશે, તો મરી જશે નહિ.

If she weeps, she will not die.

વરસાદ ન પડે તો પાક ઊગશે નહિ.

Unless it rains, the crop will not grow.

ઉપરના 'unless'વાળા વાક્યને આ પ્રમાણે પણ દર્શાવાય.

If it does not rain, the crops will not grow.

ઉપરનાં ચારે વાક્યો અનુક્રમે - if you eat poison, if she does not weep, if she weeps અને unless it rains મુખ્ય ઉપવાક્યમાંની 'will die', 'will die', 'will not die' અન 'will not grow' ક્રિયાનું પરિણામ દર્શાવે છે. તેથી તે ગૌણ ઉપવાક્યો શરતદર્શક ક્રિયાવિશેષણ ઉપવાક્યો છે.

'if' અને 'unless'નો પ્રયોગ કરતા નીચેના મુદ્દાઓ ખ્યાલમાં રાખશો (૧) ifથી શરૂ થતા ગૌણ ઉપવાક્યમાં ભવિષ્ય કાળ વપરાતો નથી, સાદો વર્તમાન કે સાદો ભૂતકાળ વપરાય છે. (૨) 'unless' પછી 'not' વાપરવું નહિ. 'unless' પછી સહાયકારક ક્રિયાપદ તરીકે 'do' વપરાતું નથી. ઉપરનાં વાક્યોને અનુલક્ષીને આ મુદ્દાઓ ખ્યાલમાં રાખશો.

(૭) વિરોધદર્શક ક્રિયાવિશેષણ ને અંગ્રેજીમાં Adverb clause of contrast, concession કે supposition કહે છે. સંયોજક તરીકે 'though', 'although' કે 'even if' વપરાય છે.

'though - ધો - તો પણ, જો કે, છતાં, તેમ છતાં although - ઑલધો - જો કે, 'even if - ઈવન ઈફ - જો કે.

'though' તથા 'although'ના અર્થ અને પ્રયોગમાં કશો તફાવત નથી. એકને સ્થાને અન્ય વાપરી શકાય. જેમ કે,

આકાશ તૂટી પડે તેમ છતાં, ન્યાય તો કરવો જ જોઈએ.

Though the heavens fall, justice must be done.

આની મનાઈ કરવા છતાં, તમે તે કર્યું છે.

Although I forbade this, you have done it. (to forbid - ફરબિડ - મનાઈ કરવી, forbade - ફરબેડ ભૂ.કા. forbidden - ફરબિડન ભૂ.કૃ.)

વરસાદ પડે, તો પણ હું આવીશ.

Even if it rains, I shall come.

અન્ય ક્રિયાવિશેષણ ઉપવાક્યનો અભ્યાસ કર્યા પછી હવે તમે જાતે સમજી શકશો કે ઉપરનાં ત્રણે વાક્યોમાં, 'though, although અને even if' થી શરૂ થતાં ગૌણ વાક્યો ક્રિયાવિશેષણ

(અનુસંધાન પૃ. ૭૦૩)

એક દરબારી ઉતારાનું રહસ્ય

— રવીન્દ્ર ભટ્ટ —

(ગતાંકથી ચાલુ)

'આ જંગલી પ્રાણીનો અવાજ નથી પણ ભારે વિચિત્ર અવાજ છે.' કિરીટ એ અવાજને સમજવા જાણે કે બેઠો થઈ ગયો. મહેન્દ્રસિંહજી પણ વિચારમાં પડી ગયા. બહારના બન્ને બાજુના દરવાનો પણ હેબતાઈ ગયા. એ દરવાનો વધારે ગભરાય તે પહેલાં મહેન્દ્રસિંહજીએ એમને એમની ફરજમાંથી મુક્ત કરવાનું નક્કી કરી લીધું. સૂર્યાસ્તને હજી થોડી વાર હતી તો પણ બન્નેને ગામ તરફ રવાના કરી દીધા. પછી બન્ને દરવાજા બંધ કરી તાળાં મારી દીધાં.

'ચાલ જરા આ કૉમ્પાઉન્ડમાં ફરીએ' કહી કિરીટ સાથે એ ધીરે ધીરે ચાલવા લાગ્યા.

'કોઈ મોટી જગ્યામાં રાતે એકલા રહેવું માણસને ગમતું નથી, કિરીટ' મહેન્દ્રસિંહજી બોલતા ગયા 'માણસની એ નબળાઈનો લાભ લઈ કોઈ આ ઉતારામાં ઊતરવા માગે છે અને કંઈક મેળવવા માગે છે.'

'પણ, તમને બપોરે તો એમ લાગતું નહોતું.' કિરીટે પ્રશ્ન કર્યો.

'ના, ના.' મહેન્દ્રસિંહજીએ ખુલાસો કર્યો 'હું તો જે બે રાજયના અધિકારી મરી ગયા તે ભેદને આ ઉતારાને અવાવરુ રાખવા સાથે સંબંધ છે કે નહીં તે દૃષ્ટિકોણ તને સમજાવવાનો પ્રયત્ન કરતો હતો. બાકી તો બપોરે મેં જે કહ્યું તે વિચારવા જેવું તો છે જ.'

'એટલે કે એ અધિકારીઓ જે ગુપ્ત માહિતી મેળવવા માગતા હતા અને આપણે જે જાણવા માગીએ છીએ તે એક જ વાત છે એમ તમને લાગે છે?' કિરીટે પૂછ્યું.

'હા. અને એટલે જ મને બીજો વિચાર આવે છે કે આજ સુધી એવો પ્રયત્ન કેમ થયો નથી?'

'એવી તક ન મળી હોય.' કિરીટે અનુમાન કર્યું.

'તો પછી આજે રાત્રે એવી તક મેળવવા પહેલાં આપણને દૂર કરવા પડે અને આપણે ગભરાયા વગર સામનો કરીએ તો તે ભેદ જાણી શકાય જ નહીં.'

'તો પછી આપણે શું કરવું?'

'જો' મહેન્દ્રસિંહજીએ કિરીટને એક બાંકડે બેસાડ્યો અને એક યોજના તેને સમજાવી.

બન્ને જ્યારે આમ કૉમ્પાઉન્ડમાં ફરી પાછા ઉતારાનાં પગથિયાં ચડ્યા ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો. જનરેટર ચાલુ કરી મહેન્દ્રસિંહજીએ પોતાની ડાયરીમાં કેટલીક અગત્યની નોંધ કરી અને કિરીટે વાંચ્યું. પછી બન્ને જમવા બેઠા. એ ભોજનમાં સવાર જેવી મજા ન આવી, કારણ કે ઉતારાની આસપાસ ગૂંગળાવી નાખે તેવી શાંતિ ઊતરી ચૂકી હતી અને સુદ સાતમની ચાંદની એ શાંતિમાં રાહત આપવાને બદલે જાણે કે વધારે ગૂંગળાવતી હતી.

'રાતના બાર સાડા બાર સુધી તો કંઈ થાય એમ લાગતું નથી, કારણ કે ત્યાં સુધી તો ચાંદની હશે માટે ત્યાં સુધી આપણે ઊંઘ કરી લઈએ.' એમ કહી ડાબી તરફના રસોડા તરફ પડતા ખંડમાં મહેન્દ્રસિંહજી સૂવા ચાલ્યા ગયા. કિરીટ સામેના જમણી તરફના ખંડમાં ગયો. બન્નેનો રાત્રે જુદા સૂવામાં ઇરાદો એ હતો કે તેમની કોઈ પણ ચાલમાં કોઈ ત્રીજા માણસને કંઈ અસામાન્ય ન લાગવું જોઈએ. બાકી જરૂર પડે તો કેમ ભેગા થવું એ બન્નેએ નક્કી કરી રાખેલું. કોઈ પણ પ્રકારના ભયનો સામનો કરવા માટે પણ બન્ને પોતપોતાની રીતે તૈયાર હતા.

કિરીટે પોતાના ખંડમાં આવી બધી બારીઓ બંધ કરી દીધી. એ તરફના પ્રદેશમાં ઉનાળામાં બહુ ગરમી પડતી હોઈ ઘણાં ઘરોમાં છતમાં બહાર પડતા વિશિષ્ટ આકારના કાટખૂણે વાંકાં વળતાં ભૂંગળાં રાખવામાં આવતાં જેમાંથી પવન અંદર આવી શકે. એ ભૂંગળામાંથી કચરો કે જીવજંતુ ન આવે એ માટે એમાં અધવચ જાળી રાખવામાં આવતી. કિરીટ પથારીમાં પડ્યો ત્યારે સહજ રીતે જ એનું ત્યાં ધ્યાન ગયું. પણ પછી તો એ સાદા છતાં સરસ લાગતા ખંડ અને સમગ્ર ઉતારાના પાકા બાંધકામ વિષે વિચાર કરતો પોતે સૂઈ ગયો. બત્તી ઠારી નાખી હતી. અને પાસે બૅટરી તથા રિવૉલ્વર રાખેલાં. એ જાગ્યો ત્યારે સાડા બાર થઈ ગયા હતા. એને એમ લાગ્યું કે ઊંઘી ગયા પછી તરત જ જંગલ તરફથી પેલી સાંજે સંભળાયેલી ચીસ ફરી પડી હોવી જોઈએ, કારણ કે એને એ પ્રકારનું સ્વપ્નું આવી ગયેલું. પથારીમાં પોતે થોડી વાર એમ ને એમ પડી રહ્યો. બહાર તમરાંનો અવાજ આવતો હતો. એક-બે વાર ઘુવડ પણ સંભળાયું.

અચાનક ખંડમાં કિરીટને કોઈનો નિઃશ્વાસ સંભળાયો. પછી એક આછી ઠંડા પવનની લ્હેરખી આવી. પાછો નિઃશ્વાસ સંભળાયો. ભલભલાનાં હાંજાં ગગડી જાય એવો આ વાતાવરણનો ફેરફાર કિરીટ સમજવા પ્રયત્ન કરી રહ્યો. હાથમાં બૅટરી અને રિવૉલ્વર લઈ એ ધીરે ધીરે ઊભો થયો અને અવાજ કર્યા વગર આગલા ખંડમાં ગયો. બે ખંડ વચ્ચે એક બારણું હતું જે અમસ્તુ બંધ રાખેલું. એ આગલા ખંડમાં પણ જાણે કોઈ કિરીટની પાછળ ન આવતું હોય એમ નિઃશ્વાસ સંભળાયો અને પછી પવનની લ્હેરખી આવી. તેટલું જ નહિ, પણ માટીની ન ગમે તેવી ગંધ પણ કિરીટને આવી. છતાં પણ હિંમત રાખી એ ખંડની આગળની ઓસરીમાં પડતા બારણા

પાસે તે ગયો અને ત્યાં ઊભો રહ્યો. થોડી વારે બારણા પર બે આછા ટકોરા પડ્યા. એ સમજી ગયો કે મહેન્દ્રસિંહજી પણ જાગી ગયા છે અને પોતાના ખંડમાંથી તે બાજુના આગલા ખંડમાંથી બહાર આવી ઓસરીમાં ઊભા છે. અને એમણે જ સંકેત પ્રમાણે બારણા ઉપર ટકોરા માર્યા હોવા જોઈએ. ખાતરી કરવા તેણે અંદરથી ટકોરા માર્યા. તે જ વખતે ફરી એક વખત ખંડમાં નિઃશ્વાસ સંભળાયો પણ હવે કિરીટનું મગજ ત્વરાથી કામ કરવા લાગ્યું હતું.

બહાર સંકેત પ્રમાણે બહુ જ ધીરેથી બારણા ઉપર નખ ઘસાયો એટલે કિરીટે ધીરેથી બારણું ઉઘાડી મહેન્દ્રસિંહજીને અંદર લીધા અને પછી એમના કાનમાં કંઈક કહી પોતે ઓસરીમાં એકલો બહાર આવ્યો. બહાર તારાઓનો બહુ જ આછો પ્રકાશ હતો અને ઠંડી પડતી હતી.

અંદર મહેન્દ્રસિંહજીએ બારણું બંધ કરી દીધું. એમણે પણ કિરીટની જેમ પોતાના ખંડમાં બદલાયેલા વાતાવરણનો અનુભવ કરેલો. ભૂતપ્રેતાદિમાં સામાન્ય જનની જેમ ન માનનાર મહેન્દ્રસિંહજીને કોઈએ કહેલું કે અમાનુષી તત્ત્વ આપણી નજીક આવે ત્યારે સડી ગયેલી માટીની ગંધ આવે. આવી જ ગંધનો આ ઉતારામાં અનુભવ થતાં એ પણ ઊંડા વિચારમાં પડી ગયેલા.

બહારની પડશાળમાં કિરીટ દીવાલની ઓથે અંધારામાં પણ દેખાઈ ન જવાય એવી રીતે ઊભો રહ્યો. ત્યાં અંદરના ખંડ જેવો વાતાવરણનો ફેરફાર નહોતો એ એની નજર બહાર ન ગયું. થોડી વાર પછી એ ધીરેકથી પગથિયાં તરફ ગયો અને અવાજ કર્યા વગર આગળના ખંડની બારી પકડી ઉપર ચડી ગયો. ત્યાંથી ઉપરની અગાસીમાં છાનામાના નજર નાખવાની એની ગણતરી હતી. એ થોડીક જ મહેનત માગી લે તેવું હતું. ધીરે ધીરે એકબે જગ્યાએ પકડ મેળવી એ ઉપર ચડતો ગયો અને છેવટે એનું માથું અગાસીની ધાર પાસે આવી ગયું. અંધારામાં એણે ત્યાં જોવાનો પ્રયત્ન કર્યો પણ ઘડીક તો કંઈ દેખાયું નહીં. એકાએક કંઈ ન સમજાય તેવો આકાર અગાસીને બીજે છેડે અદૃશ્ય થઈ ગયો હોય એમ તેને લાગ્યું. તરત જ કિરીટ પાછો નીચે ઊતરી ગયો અને અવાજ કર્યા વગર પડશાળમાં આવી બારણા ઉપર સંકેતના ટકોરા મારી મહેન્દ્રસિંહજી પાસે ગયો. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આ બધો વખત એ આગલા ખંડની અંદર બારી પાસે મહેન્દ્રસિંહજી સંભાળપૂર્વક ઊભા રહી એની એકેએક હિલચાલનું ધ્યાન રાખી રહ્યા હતા.

જેવો કિરીટ અંદર આવી ગયો કે એના સૂવાના ખંડની પાછલી પડશાળ તરફ પડતાં બારણાં સ્હેજ ખખડતાં હોય એમ લાગ્યું. તે જ વખતે મહેન્દ્રસિંહજીએ નક્કી કર્યા મુજબ આગલા ખંડમાં થઈ આગળની પડશાળ વટાવી પોતાના ખંડમાં ચાલ્યા ગયા. એમને જવાનો પૂરતો સમય આપી કિરીટે ઊંઘમાંથી જાગી જતો હોય એમ મોટેથી બૂમ પાડી, 'કોણ?'

કોઈ જવાબ ન આવ્યો અને એના અવાજનો કેવળ પડઘો પડી રહ્યો.

'કોણ?' એણે ફરી બૂમ પાડી. ફરી એના અવાજનો પડઘો પડ્યો. એણે બત્તી કરવા સ્વીચ દબાવી. કંઈ ન થયું. ઓરડો અંધારામાં જ રહ્યો. ગમે તે કારણ હોય, જનરેટર બંધ થઈ ગયું હતું.

બહુ જ સંભાળપૂર્વક પાછલી પડશાળમાં પડતું બારણું ધીમે ધીમે ઉઘાડી કિરીટ બહાર આવ્યો અને પછી મોટેથી બોલી ઊઠ્યો : 'ભાઈ, ભાઈ, જાગો છો? બત્તી થતી નથી. મને તો બીક લાગે છે.'

'શું વાત કરે છે?! ઊભો રહે, હું બહાર આવું.' સામેના ખંડમાંથી જવાબ આવ્યો.

તે જ વખતે કિરીટે ચીસ પાડી. પાછલી પડશાળનાં પગથિયાં અને કૉમ્પાઉન્ડની પાછલી દીવાલની વચમાં એકાએક ભડકો થયો અને ત્યાં એક ઊંચો કાળો, કદરૂપો અને બિહામણો આકાર દેખાયો. હાડપિંજર જેવું, જોતાં જ ભયથી છળી જવાય તેવું વિકરાળ મોઢું, કંઈક લથડતી ચાલ અને આછા ચમકારા મારતું શરીર! એ આકાર ધીરે ધીરે પડશાળ તરફ આવી રહ્યો હતો. કિરીટે બીજી ચીસ પાડી.

'શું છે?' પૂછતા મહેન્દ્રસિંહજી પણ બહાર ધસી આવ્યા.

'જુઓ, જુઓ, તમને દેખાય છે?' આખા શરીરે ધ્રૂજતા, માંડ પોતાનું સમતોલપણું જાળવી શકતા કિરીટે મહેન્દ્રસિંહજીના હાથ પકડી લીધા. મહેન્દ્રસિંહજી પણ ફાટેલે ડોળે અને અધ્ધર શ્વાસે એ આગળ વધતા બિહામણા આકારને જોઈ રહ્યા.

એકાએક બીજો ભડકો થયો અને જાણે કંઈ નહોતું તેમ કેવળ ભ્રમ થયો હોય તેમ પેલો આકાર હવામાં જાણે પીગળી ગયો. ઝમઝમ વહેતી જતી રાત એ પાછલી પડશાળથી નીચે સરી જતા સમગ્ર વિસ્તારમાં ફરી વળી.

મહેન્દ્રસિંહજીએ જોયું કે કિરીટ બેભાન થઈને નીચે પડી ગયો હતો. એને જેમતેમ ઝટપટ ઉપાડી વચ્ચેના મુખ્ય ખંડમાં લઈ આવ્યા. બારણાં બંધ કર્યાં. થોડી વાર પછી એને ખભે ઉપાડી બહારની પડશાળમાં ધસી આવ્યા, અને નીચે ઊતરી ગયા. થોડેક જ દૂર એક બાજુ રાખેલી મોટરમાં એણે કિરીટને પાછલી બેઠકમાં સુવાડી દીધો. પછી ઝટપટ ઉતારાના મુખ્ય ખંડને અંદરથી બંધ કરી પડખેના સૂવાના ઓરડામાંથી બહાર આવી ત્યાં તાળું મારી નીચે ઊતરી દોડીને કૉમ્પાઉન્ડનો ગામ તરફનો દરવાજો ઉઘાડી નાખ્યો. પાછા આવી મોટરમાં બેસી ગયા અને બારણાં જોરથી બંધ કરી, મોટર ચાલુ કરી બહાર લઈ, કૉમ્પાઉન્ડનો દરવાજો પાછો બહારથી બંધ કરી તાળું લગાવી મોટરને ગામ તરફ મારી મૂકી. એ મોટરનો અવાજ

અને એની બત્તીના લિસોટા અડખેપડખેનાં વૃક્ષોમાં જંપી ગયેલાં પક્ષીઓને ફફડાવી ગયા.

ગામ આવ્યા પહેલા મહેન્દ્રસિંહજીએ મોટરને ધીમી કરી અને સવારે પગી પાસેથી મેળવેલી માહિતીના આધારે જમણી તરફ નજર નાખતા ગયા. થોડી વારે એક મોટો પીપળો દેખાયો જે પછી તરત જ એક કાચો રસ્તો હતો અને એ ફંટાતા રસ્તે જીર્ણ કાળકા માતાનું એક મંદિર હતું, એમ પગીએ કહેલું. એ તરફ મોટરને વાળી અડધે રસ્તે એક મોટા ઝાડ નીચે લાવી ઊભી રાખી. બંધ કરી, જાણે કંઈ જ બન્યું નથી એમ, પાછળ કિરીટ છે જ નહિ એમ, પોતાના મુંબઈના ઘરમાં ડ્રૉઈંગરૂમમાં સોફામાં બેઠા હોય એમ પગ લંબાવી નિરાંતે સૂઈ ગયા.

અને ખરેખર પાછળની બેઠક ઉપર બેભાન અવસ્થામાં કિરીટ હતો જ નહીં. તે તો માત્ર ગાભા, પાતળા ઓશિકા અને કપડાના ડૂચાને પહેરાવેલ કિરીટનો નાઇટસ્યૂટ હતો.

કિરીટ તો આરામથી પેલા દરબારી ઉતારાના વચલા મુખ્ય ખંડમાં પડ્યો હતો. એ બેભાન થયો જ નહોતો. મહેન્દ્રસિંહજી પણ ગભરાયા નહોતા. સૂતાં પહેલાં બન્ને જણાએ પરિસ્થિતિને પહોંચી વળવા જે યોજના વિચારી રાખી હતી તેમાં આ એકે બેભાન થવાની, ગભરાવાની, દેખાવ કરવાની અને પછી ભાગી જવાની ગણતરી રાખેલી.

મોટર ઊપડી ગયા પછી કિરીટે કાન સરવા કર્યા. થોડી વારે પાછળની પડશાળ ઉપર પગરવ થયો. કિરીટે કાન વધારે સરવા કર્યા અને કોઈ બારણું તોડી અંદર આવે તો શું કરવું તે ઝડપથી વિચારતો રહ્યો. પણ કોઈ અંદર આવ્યું નહીં.

થોડી વાર પછી કિરીટને હળવે સાદે થતી વાતચીત સંભળાઈ.

'હાલને, એલા, આજ જ ખોદી નાખીએ. હવે ક્યાં આંઈ કોઈ છે?'

'ના, ના. હજી પંદર દિ' લગણ નહિ. તને કેટલી વાર કહ્યું કે ઉતાવળ કર મા. કાળકા માતાનો તો ભે રાખ.'

'ઈ સાચું પણ આ ઉતારો તો ઉજ્જડ રેવો જોઈએને.'

'રેશે જ ને. જોયું ને. આજના મે'માન કેવા ભાગી ગયા!'

'ઠીક, હાલ તંયે.'

પાછો એ પાછલી પડશાળનાં પગથિયાં ઊતરવાનો અવાજ સંભળાયો.

કિરીટ ધીરેકથી ઊભો થયો અને એ મુખ્ય ખંડની એક બારીએ સંભાળપૂર્વક ચઢી વેન્ટિલેટરમાંથી પાછળ જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. થોડી વાર અંધારામાં એને કંઈ દેખાયું નહીં. પણ પછી બે આકાર પાછળની દીવાલ ઉપર દોરડું કે એવી વસ્તુનો આધાર લઈ ચઢી જઈ બીજી બાજુ અદશ્ય થઈ ગયા એમ એને લાગ્યું. સાથે એક નાનો ત્રીજો આકાર પણ ઉતાવળે તેઓની સાથે અદશ્ય થઈ ગયો. એ શું હશે એનો ઘડીક એને ભ્રમ થયો.

સવારે પાંચની આસપાસ મહેન્દ્રસિંહજી મોટરમાં જાગી ગયા. બહાર શિયાળાની પાછલી રાતની સારી એવી ઠંડી પડતી હતી અને બધું સૂમસામ હતું!

મોટર પાછી ચાલુ કરી ધીરેધીરે મહેન્દ્રસિંહજી એને ઉતારે પાછી લઈ આવ્યા. તે પહેલાં પાછળ પડેલા કિરીટનો આભાસ ઉત્પન્ન કરતા આકારને (!) છૂટો કરી બધું પાછળ સામાન રાખવાની જગ્યામાં છુપાવી દીધેલું.

ઉતારે અંદર આવી કિરીટને મળ્યા અને પછી બન્ને સૂઈ ગયા. સવારે બન્ને જાગ્યા ત્યારે શિયાળાની સવારનું પ્રસન્ન વાતાવરણ ઉતારાની આસપાસ ફરી વળ્યું હતું અને તડકો પાછલી પડશાળને અજવાળી રહ્યો હતો.

કિરીટે જઈને આગળનો મુખ્ય દરવાજો ઉઘાડી નાખ્યો અને ત્યાર પછી થોડી વારે ગામમાંથી આગલી સાંજે ચાલ્યા ગયેલા ઉતારાના માણસો આવી ગયા. બધાને મહેમાનો હેમખેમ જોઈ નવાઈ લાગી. થોડી વાર પછી પગી આવ્યો. એને મહેમાનોએ શિકારનો કાર્યક્રમ બંધ રાખ્યો છે એમ જણાવ્યું અને ચા પાણી પી નહાઈધોઈ પાછા શહેર ઊપડી જવું છે એમ જાહેર કર્યું. ટૂંકમાં, બન્ને ઠીક ઠીક ભય પામી ગયા છે એવી હવા ફેલાઈ ગઈ અને ઉતારો રહેવા જેવો છે નહિ એમ જણાવી તેના વિષે બને તેટલો વધારે ભય ફેલાવી દસેક વાગ્યાની આસપાસ શિકાર માટે આવેલા આ મહેમાનો મોટરમાં શહેર તરફ ઊપડી ગયા.

કિરીટે જે સાંભળ્યું અને જોયું હતું તે એણે મહેન્દ્રસિંહજીને જણાવી દીધું હતું અને ગામ છોડી પાછા ચાલ્યા જવાનો એ બન્નેનો પહેલો નિર્ણય હતો

પૂરપાટ શહેર તરફ પાછી ફરતી મોટરમાં કિરીટે પોતાનો એક વહેમ તો એ જાહેર કર્યો કે રાત્રે ઉતારા ઉપર કોઈએ કેળવેલો વાંદરો મોકલ્યો હોવો જોઈએ. બહાર ઉતારામાં અંદર આવતા પવન સાથે એ વાંદરો પોતાના શ્વાસોચ્છ્વાસથી અંદર નિઃશ્વાસની હવા જમાવી અને જો એના હાથમાં ગંધાતી સડી ગયેલી માટી આપવામાં આવી હોય અને તેને પેલા ઉપરના ભૂંગળાના મોઢા આગળ રાખી આગળ-પાછળ હલાવવાનું શિખવાડવામાં આવ્યું હોય તો જરૂર નીચે ખંડમાં, અનુકૂળ પવન હોય ત્યારે, સડી ગયેલી માટીની ગંધ દાખલ કરી શકાય.

'અને તેથી તો ખાતરી કરવા અગાશીમાં મેં જોવા પ્રયત્ન કર્યો. વળી, ત્યાર પછી જે બારણાં ખખડ્યાં તે એ વાંદરાએ જ ખખડાવ્યાં હશે.' કિરીટે પોતાની વાત જણાવી.

'આપણને જે ભડકો અને ભૂત દેખાયાં તેમાં પણ પેટ્રોલ અને ફૉસ્ફરસની મદદ લેવામાં આવી હશે એમ મને લાગે છે. અને સંભવ છે કે જ્યાં તે આકાર ભડકા પછી અદશ્ય થઈ ગયો ત્યાં ખાડો હોય.' મહેન્દ્રસિંહજીએ કહ્યું 'પણ આ બધી ધાંધલ શું કામ તે જાણવાનું રહે છે. તેને પેલી તેં સાંભળી

તે ખોદવાની વાત સાથે સંબંધ હશે. તેથી હવે આપણે આપણો કાર્યક્રમ આ પ્રમાણે નક્કી કરીએ.

મહેન્દ્રસિંહજીએ એ કાર્યક્રમ સમજાવ્યો તે દરમિયાન રસ્તો પણ પૂરો થવા આવ્યો. બન્ને મહેમાનો જઈ સીધા દીવાન સાહેબને મળ્યા.

ત્યાર પછી એ શહેરમાં અને પેલા સરહદના ગામમાં ખબર ફેલાઈ ગયા છે : શિકાર માટે આવેલા મહેમાનો ભયભીત થઈને મુંબઈ તરફ ઊપડી ગયા છે. રાજ્યે પણ થોડા મહિનામાં પેલો ઉતારો તોડી પાડવાનો નિર્ણય લીધો છે. જેમણે મહેમાનોને મુંબઈ જતા જોયા તેમણે તો ત્યાં સુધી કહ્યું કે બેમાંથી એક તો માંદા જેવા થઈ ગયા હતા અને બીજા તાવમાં ફફડી ઊઠ્યા હતા.' એવો પ્રચાર તો કરાયો જ.

હકીકતમાં તેવું કંઈ નહોતું. એ કેવળ પ્રચાર હતો. અલબત્ત, બન્ને મહેમાનોએ મુંબઈનો મેઈલ પકડેલો પણ આગળ આવતા જંકશને એક ડોસો અને એનો એક પગે ખોડંગાતો છોકરો ઊતરી ત્યાં આવેલી એક સામાન્ય ટેક્ષીમાં આડેઅવળે રસ્તે થઈ પેલા રાજ્યના શહેર તરફ પાછા ઊપડી ગયેલા એ તરફ કોઈનું ધ્યાન ગયેલું નહિ. છેક મુંબઈ સુધી જનારા ફર્સ્ટ ક્લાસના બે મુસાફરોનાં નામ અને જગ્યા એમ ને એમ વીરમગામ સુધી રહે અને કોઈને કંઈ ખબર ન પડે એ માટે પણ રાજ્ય તરફથી રેલવે સાથે ઉચ્ચ કક્ષાએ પ્રબંધ થઈ ગયો હતો. આમ, મહેન્દ્રસિંહજી અને કિરીટ મુંબઈ ઊપડી ગયાનો દેખાવ કરી પાછા આવી ગયા.' પેલો ઉતારો પાંચ-છ મહિનામાં જ પાડી નાખવાનો છે, ત્યાંથી ધીરે ધીરે સામાન હઠાવી લેવામાં આવશે અને હવે ત્યાં ચોકીપહેરાની જરૂર નથી એવી હવા પેલા સરહદના ગામમાં જામતી ગઈ અને ઉતારો વધારે ને વધારે ઉજ્જડ થતો ગયો. કેવળ બે જણા આ બદલાતી પરિસ્થિતિને કંઈક અભિમાનમાં અને કંઈક સંતોષમાં જોતા રહ્યા. એ પેલા જ બે જણ જેમને ઉતારાની પાછલી દીવાલેથી સરી જતા જોયેલાનો કિરીટને વહેમ પડેલો.

એ પછી ચૌદમે દિવસે આવા આ ઉજ્જડ થતા ઉતારે એક મોટી બંધ લૉરી આવી ઊભી રહી અને આગલી પડશાળને અડોઅડ ઊંધી લાગી ગઈ. એમાંથી પાંચ છ મજૂરોએ ઊતરી ઉતારાનો સામાન ભરવા માંડ્યો. બે ખાલી લાગતી પેટીઓ વચલા ખંડમાં લાવી મૂકી દીધી અને નમતા બપોરે એ લૉરી સાથે આવેલા રાજ્યના એક માણસે ઉતારો બંધ કરાવી લૉરી બહાર કઢાવી બહારને દરવાજે પણ તાળું મરાવી દીધું. પછી ધૂળ ઉડાડતી એ લૉરી પાછી ઊપડી ગઈ. બીજા આઠેક દિવસ પછી એ પાછી સામાન લેવા આવશે એવી વાત પાછળ ગામમાં મૂકતી ગઈ.

ઉતારાના બંધ ઓરડાના અંધારામાં પેલી બે પેટીઓમાંથી બે જણ ધીમેથી બહાર નીકળ્યા. એ હતા મહેન્દ્રસિંહજી અને કિરીટ. પોતાની યોજના અનુસાર બન્ને આવી રીતે કોઈને ખબર ન પડે તેમ, ઉતારે પાછા આવી ગયા હતા. સાથે થોડાં બિસ્કીટ, સૂકો મેવો, પાંઉ અને પાણી લાવેલા. એ બંધ ઓરડાની બહાર નીકળવાની તેઓની ગણતરી નહોતી. કિરીટે એક બંધ બારીનું વેન્ટિલેટર થોડુંક જ ઉઘાડી નાખ્યું અને પછી બન્ને નિરાંતે સમય પસાર કરવા બેઠા.

વદ સાતમની એ રાત્રિના અગિયાર પછી બન્નેને પાછલી પડશાળ પાસે પગરવ સંભળાયો. કંઈક થોડો સામાન ધીમેથી હેઠે મુકાતો હોય એમ લાગ્યું, અને પછી થોડે દૂર જમીન ખોદવાનો અવાજ સંભળાયો. (આવતા અંકે સમાપ્ત)

અનુ.] **આવો, શીખીએ અંગ્રેજી** [પૃ.૬૯૯થી

ઉપવાક્ય છે અને તે પૂરું થતાં અલ્પવિરામ મૂકેલ છે.

'as' અને 'however' પણ 'જોકે' કે 'તેમ છતાં'ના અર્થમાં વપરાય છે. પણ 'though', 'as' અને 'however'નું વાક્ય રચનામાં પદસ્થાને ક્યાં આવે તે તે વાક્યરચના પરથી સમજો. ઘાટા અક્ષરો પરથી તે સ્પષ્ટ થશે.

પૈસાદાર હોવા છતાં તે વિનમ્ર છે.

Though he is rich, he is humble.

Rich **as** he is, he is humble.

However rich he is, he is humble.

(૮) રીતવાચક અને તુલનાવાચક ક્રિયાવિશેષણ ઉપવાક્યો. આમાંનું પહેલું તે, adverb clause of manner અને બીજું તે adverb clause of comparison. પહેલામાં સંયોજક તરીકે 'as' અને બીજામાં 'as-as', 'so-as' અને 'than' વપરાય છે. દા.ત.

વાવો તેવું લણો. Reap, **as** you sow.

તે મારા જેટલી ઊંચી છે. She is as tall **as I** (am).

હું તમારા જેટલો ડાહ્યો નથી.

I am not so wise **as you** (are).

અપમાન સહન કરવા કરતાં મરણ વધારે સારું.

Death is better **than to bear an insult.**

પહેલા વાક્યમાં, as you sow બીજામાં as I (am) અને ત્રીજામાં as you (are) અને ચોથામાં than to bear an insult આ ચારેમાં પ્રથમ રીતવાચક અને બાકીનાં ત્રણે તુલનાવાચક ક્રિયાવિશેષણ ઉપવાક્યો છે. તે ઘાટા અક્ષરે દર્શાવેલ છે.

આમ, સંકુલવાકયના ત્રણ પ્રકારનાં ઉપવાક્યોમાંનો એક પ્રકાર તે ક્રિયાવિશેષણ ઉપવાક્ય અને તેના આઠ પ્રકારો વિષે શીખ્યા.

ક્રિયાવિશેષણ એટલે શું એ બરાબર સમજ્યા હશો તો ક્રિયાવિશેષણ શબ્દસમૂહ અને ક્રિયાવિશેષણ ઉપવાક્ય સમજવાં સરળ બનશે, કારણ કે જે મૂળને પામે તે સરળતાથી મધ્ય અને અંતને પામે જ. આમ, well begun is half done. (ક્રમશઃ)

['જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી'ની લેખમાળાનો હપ્તો સ્થળસંકોચને કારણે આ અંકમાં આપી શકાયો નથી.]

લેસર

એક અદ્ભુત ટેક્નોલૉજિ

પ્રા. સુરેશ ર. શાહ

લેસરની પૂર્વભૂમિકા : ઓગણીસમી સદીના અંત ભાગમાં અને વીસમી સદીના પ્રારંભકાળમાં એટલે કે આજથી લગભગ સો વર્ષ પૂર્વે ઘણી જ મહત્ત્વની વૈજ્ઞાનિક શોધો જાહેર થઈ હતી. આ નવી શોધોએ વિજ્ઞાનને એક તદ્દન નવું સ્વરૂપ બક્ષ્યું. ઈ.સ. ૧૮૯૫માં જર્મન વિજ્ઞાની રોન્ટજને ક્ષ-કિરણો (એક્સ-રે)ની શોધ જાહેર કરીને લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. ત્યાર પછી બીજા જ વર્ષે ઈ.સ. ૧૮૯૬માં બેકવેરેલ નામના વિજ્ઞાનીએ કિરણોત્સર્જન એટલે કે રેડિયો-એક્ટિવિટીની શોધ જાહેર કરી હતી.

આ પહેલાં ઈ.સ. ૧૮૭૩માં સ્કોટલેન્ડના વિજ્ઞાની જેમ્સ ક્લાર્ક મૅક્સવેલે ગણિતીય સમીકરણો વાપરી સૈદ્ધાંતિક રીતે વિદ્યુતચુંબકીય તરંગો દ્વારા ઊર્જાનું પ્રસારણ શક્ય બનાવ્યું હતું અને રેડિયો તરંગોનો ખ્યાલ આપ્યો હતો. પંદર વર્ષ પછી ઈ.સ. ૧૮૮૮માં હર્ટ્ઝ નામના બીજા એક વિજ્ઞાનીએ રેડિયો તરંગો પ્રાયોગિક રીતે ઉત્પન્ન કર્યા હતા, અને એ રીતે મૅક્સવેલના મતનું પ્રતિપાદન કર્યું હતું.

વીસમી સદીના આરંભકાળે ક્વૉન્ટમવાદનો ઉદય થયો. આ પહેલાં એમ માનવામાં આવતું હતું કે વિદ્યુતચુંબકીય વિકિરણો સળંગ તરંગોના સ્વરૂપમાં છે પણ મૅક્સ પ્લાન્કે સમજાવ્યું કે વિકિરણ ઊર્જા સળંગ તરંગ સ્વરૂપે નહિ પણ ચોક્કસ લઘુતમ ઊર્જાનાં કણોનાં પૅકેટ સ્વરૂપે ઉત્સર્જન પામે છે. લઘુતમ ઊર્જાના આ પૅકેટને વિજ્ઞાનીઓએ 'ક્વૉન્ટમ' નામ આપ્યું છે.


જો કે મૅક્સ પ્લાન્કના આ ક્વૉન્ટમવાદને વૈજ્ઞાનિક જગતમાં જલદીથી સ્વીકૃતિ મળી નહિ; પણ થોડા સમય પછી મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને પોતાના વિકિરણના ક્વૉન્ટમવાદના લેખમાં આ ક્વૉન્ટમવાદને પૂર્ણ સમર્થન આપ્યું. તેમણે દર્શાવ્યું છે કે વિકિરણનું ક્વૉન્ટમ ગતિમય કણની માફક વર્તે છે. પ્રકાશના વિકિરણ ઊર્જાના ક્વૉન્ટમ ને તેમણે 'ફોટોન' (Photon) નામ આપ્યું.

આજથી લગભગ ૮૨ વર્ષો પૂર્વે ઈ.સ. ૧૯૧૭માં આઈન્સ્ટાઈને ફોટોન અને ઉદ્દીપ્ત ઉત્સર્જન (stimulated emission) અંગે એક અગત્યનો એટમતર્ક રજૂ કર્યો હતો. લેસરને સમજવા માટે ઉદ્દીપ્ત ઉત્સર્જન શું છે, તે સમજવું ઘણું અગત્યનું છે. આથી જ તેની થોડી વિસ્તૃત સમજૂતી આગળ ઉપર આપીશું. આથી કેટલાયે વિજ્ઞાનીઓ આઈન્સ્ટાઈનને લેસરના જનક તરીકે બિરદાવે છે.

લેસરની કાર્યપદ્ધતિને ટૂંકમાં દર્શાવવી હોય તો તેમાં સૌપ્રથમ ઝબકારા સ્વરૂપે ઊર્જાનું કંપન કરાય છે. આ પ્રક્રિયાથી દ્રવ્યના પરમાણુઓને ઊંચા સ્તરે લાવવામાં આવે છે. ત્યાર પછી તે ઉત્તેજિત ઊંચા સ્તરના પરમાણુઓને બળપૂર્વક નીચલા સ્તરે લવાય છે. અને તેમાંથી પ્રકાશ સ્વરૂપે ઊર્જા પૂરી પડે છે. આને ક્લાસંબદ્ધ કિરણપુંજ તરીકે મેળવાય છે. ડૉ. થિઓડોર મેઈમેનની પ્રથમ લેસર રચનામાં રૂબીના ઘન સ્ફટિકમાંથી રાતા રંગના લેસર વિકિરણનું ઉત્સર્જન થયું હતું. ત્યાર પછી તો બીજા વિજ્ઞાનીઓએ લેસર દ્રવ્ય તરીકે ઘન, પ્રવાહી કે વાયુસ્વરૂપ દ્રવ્યો વડે લેસર પ્રકાશ મેળવ્યો તેમજ તે દશ્યમાન ઉપરાંત ઈન્ફ્રારેડ અને અલ્ટ્રાવાયોલેટ રેન્જમાં પણ હવે મળે છે.


સામાન્ય પ્રકાશ

પ્રકાશથી આપણે પરિચિત તો છીએ જ. જન્મતાંની સાથે જ બાળક સૌપ્રથમ પ્રકાશ જુએ છે. આ પ્રકાશની મારફતે તેની જનેતાને જુએ છે. આપણે જાણીએ છીએ કે પ્રકાશ પોતે દશ્યમાન નથી, પણ જેના ઉપર તે પડે છે તેને તે દશ્યમાન બનાવે છે. નવજાત શિશુ પોતાની માતાને જોઈ શકે છે. કારણ કે તેની માતા ઉપર ઓરડાનો પ્રકાશ પડતો હોય છે. જો ઓરડામાં પ્રકાશ પડતો ના હોય તો શિશુ અંધારામાં રહેલી તેની જનેતાને જોઈ શકે નહિ. આમ, આ પ્રકાશ જે વસ્તુ ઉપર પડે છે તેને દશ્યમાન બનાવે છે. આવા પ્રકાશને આપણે દશ્યમાન પ્રકાશ કહીએ છીએ. સૂર્યપ્રકાશ, મીણબત્તીનો પ્રકાશ, ટૉર્ચનો પ્રકાશ કે વીજળીના ગોળાનો પ્રકાશ ઈત્યાદિ દશ્યમાન પ્રકાશ છે. સૂર્યપ્રકાશ સફેદ પ્રકાશ છે. હકીકતમાં તે સાત રંગોનો બનેલો છે.



પ્રિઝમમાંથી પસાર થતો સફેદ પ્રકાશ

શાળા-મહાશાળાઓમાં આપણે એક પ્રયોગ જોયો કે કર્યો હશે, જ્યારે સૂર્યપ્રકાશ જેવા એક સામાન્ય પ્રકાશના સફેદ કિરણને એક ત્રિપાર્શ્વ - પ્રિઝમમાંથી પસાર કરાવવામાં આવે ત્યારે તેમાંથી બહાર આવતો પ્રકાશ મેઘધનુષી સાત રંગોમાં વહેંચાયેલો હશે. બીજી રીતે કહીએ તો આપણને આ સાત રંગોનો વર્ણપટ-સ્પેક્ટ્રમ મળે છે. વળી, આવો વર્ણપટ સતત હોય છે. તેમાં સાત રંગો દેખાય છે. પણ તેમાં સાત રંગના સાત વિભાગ કે ખાનાં નથી હોતાં પણ એક રંગ પૂરો થાય



તરંગ અને તરંગલંબાઈ

એટલે બીજો રંગ ધીરે ધીરે શરૂ થાય છે. આમ, પાસપાસેના રંગો એકબીજા ઉપર પડતા હોય છે. આનું કારણ પણ સ્પષ્ટ છે. પ્રકાશનું કિરણ જ્યારે એક માધ્યમમાંથી બીજા માધ્યમમાં જાય છે ત્યારે તેની દિશા થોડી બદલાય છે. એટલે કે તેનું વિચલન થાય છે. તેનો આધાર તેના મૂળ ઘટક રંગો ઉપર રહેલો હોય છે. પ્રિઝમ ઉપર સૂર્યનું સફેદ કિરણ આપાત થાય છે ત્યારે તેના ઘટક રંગો પ્રમાણે તેનું વિચલન થાય છે. આથી પ્રિઝમમાંથી બહાર આવતાં કિરણો તેમના ઘટક રંગો પ્રમાણે વર્ણપટમાં વહેંચાઈ જાય છે. જો આપાત કિરણ એક જ રંગનું બનેલું હશે તો પ્રિઝમમાંથી બહાર આવતાં તે વિભિન્ન રંગોમાં વિભાજિત થયેલું નહિ હોય. પ્રિઝમના પ્રયોગથી આ બાબત આપણને સૌપ્રથમ સર આઇઝેક ન્યૂટને બતાવી હતી.

આકૃતિમાં પ્રિઝમમાંથી પસાર થતો પ્રકાશ તેના ઘટક રંગોમાં વહેંચાઈને એક સ્પેક્ટ્રમ આપે છે.

પ્રકાશનું સ્વરૂપ


પ્રકાશ એ ઊર્જાનું એક સ્વરૂપ છે. ઊર્જા એટલે શક્તિ અને શક્તિ એટલે કામ કરવાની ગુંજાશ. સૂર્યપ્રકાશમાં રહેલી ઊર્જાથી તો આપણે પરિચિત છીએ જ. સૂર્યપ્રકાશમાં સૂર્યના તાપમાં ખેડૂત અનાજ પકવે છે, સૂકવે છે. હવે તો આપણે સૂર્યકૂકરથી રસોઈ પણ કરીએ છીએ કે થતી જોઈ છે.

સર આઇઝેક ન્યૂટને પ્રકાશના સ્વરૂપ અંગે સૌપ્રથવ વાર સમજૂતી આપી હતી. તેમના મતે પ્રકાશનું સ્વરૂપ કણો (corpuscle model) જણાવાયું હતું. ત્યાર પછી ઈ.સ. ૧૬૬૫માં એક બીજો મત પ્રચલિત થયો જે પ્રમાણે પ્રકાશ કોઈ વિલક્ષણ તરલ માધ્યમમાં થતા તરંગો હોઈ શકે. એ પાણીમાં થતા તરંગો અને ધ્વનિતરંગોની જાણકારી તો આપણને હતી.


ઈ.સ. ૧૬૯૦માં વિજ્ઞાની ક્રિશ્ચિયન હ્યુજેને (Huygen) પ્રકાશના તરંગ અંગે વધુ વિસ્તૃત સમજૂતી આપી. આ માટે તેમણે સર્વવ્યાપી, વજનરહિત, સ્થિતિસ્થાપક માધ્યમ ઈથરની કલ્પના રજૂ કરી. તેમના મત પ્રમાણે પ્રકાશ કણસ્વરૂપે ગતિ કરતો નથી, પરંતુ પ્રત્યેક પ્રકાશના ઉદ્‌ગમસ્થાનમાંથી તરંગોનું ઉત્સર્જન થાય છે. આદર્શ કલ્પિત માધ્યમ ઈથરમાં આવા તરંગો પ્રસરણ પામે છે. જેવી રીતે શાંત જળમાં એક પથ્થર નાખતાં પાણીની સપાટી ઉપર તરંગો ઉત્પન્ન થાય છે અને પ્રસરે છે તેવી જ રીતે પ્રકાશના તરંગો આદર્શ માધ્યમ ઇથરમાં પ્રસરે છે. ધ્વનિ પણ એક સ્થળેથી બીજા સ્થળે તરંગમય ગતિ કરે છે. પાણીની સપાટી ઉપરથી પસાર થતા તરંગો સામે જોતાં તે ઊંચે આવે છે પછી નીચે જાય છે. આમ, વારંવાર ઊંચે અને નીચે જાય છે. આ મહત્તમ ઊંચાઈવાળા ભાગને ટેકરો - શૃંગ કહીએ છીએ તથા મહત્તમ નિચાણવાળા ભાગને ખાડો - ગર્ત કહીએ છીએ.

બે ક્રમિક શૃંગ કે ગર્ત વચ્ચેનાં અંતરને તરંગલંબાઈ કહે છે. તેને સંજ્ઞા વડે દર્શાવાય છે. કોઈ બિંદુ પાસેથી એક સેકન્ડમાં પસાર થતા તરંગોની સંખ્યાને તેની તરંગ-આવૃત્તિ કહે છે. તેને F વડે દર્શાવાય છે. કોઈ બિંદુ પાસેથી એક તરંગને પસાર થતાં લાગતા સમયને તેનો આવર્તકાળ કહે છે. તેને T સંજ્ઞા વડે દર્શાવાય છે. પ્રકાશને તેમજ વિકિરણોને તેની તરંગલંબાઈ કે આવૃત્તિ વડે દર્શાવાય છે. તરંગલંબાઈનો એકમ મીટર છે અને આવૃત્તિનો એકમ વિજ્ઞાની હર્ટ્ઝના નામ ઉપરથી હર્ટ્ઝ (HZ) છે. તેનો મોટો એકમ કિલોહર્ટ્ઝ (KH_2) અને વધુ મોટો એકમ મેગાહર્ટ્ઝ (MH_2) છે. એવી જ રીતે પ્રકાશની તરંગલંબાઈને નેનોમીટર nm (=૧૦$^{-૯}$મીટર) વડે તેમજ માઇક્રોમીટર mm (=૧૦$^{-૬}$ મીટર) કે ઍંગસ્ટ્રોમ યૂનિટ A.U. વડે દર્શાવાય છે. એક એ.યુ. બરાબર ૧૦$^{-૧૦}$મીટર થાય છે. અત્રે સમજી લઈએ કે ૧૦^{૩} એટલે ૧૦૦૦-એક અને ત્રણ મીંડાં. તથા ૧૦$^{-૩}$ એટલે ૦.૦૦૧ એટલે કે એક છેદમાં એક હજાર. ૩૨૦૦ °A.U.થી ૭૮૦૦ °A.U. તરંગલંબાઈ ધરાવતા પ્રકાશને આપણે જોઈ શકીએ છીએ માટે તેને વર્ણપટનો દશ્યમાન વિસ્તાર કહેવામાં આવે છે. જેમ કે પીળા રંગના પ્રકાશની તરંગલંબાઈ ૫૮૯૬ °A.U.ની આસપાસની છે. જો કે પીળા રંગમાં પણ ઝાંખો પીળો, ઘેરો પીળો વગેરે જાતો હોય છે અને તે દરેકની તરંગલંબાઈ જુદી જુદી હોય છે.

જુદા જુદા રંગનાં પ્રકાશવિકિરણોને આપણે તેમની તરંગલંબાઈ વડે દર્શાવીએ છીએ. આમ, કોઈ એક રંગ વિચારીએ તો તેમાં જો વિવિધ તરંગલંબાઈઓ હોય તો તેવા પ્રકાશને ભલે નરી આંખે જોતાં તે એક રંગનો બનેલો દેખાય પણ વિજ્ઞાનની ભાષામાં તે એકરંગી પ્રકાશ નથી. સાચી રીતે એકરંગી પ્રકાશ એટલે એક જ તરંગલંબાઈ ધરાવતો અને તેથી એક જ આવૃત્તિ ધરાવતો પ્રકાશ.



સામાન્ય પ્રકાશ અને લેસર પ્રકાશ



પ્રિઝમમાંથી પસાર થતો સફેદ પ્રકાશ અને લેસર કિરણ (એક દિશ)

સામાન્ય પ્રકાશ એકરંગી હોતો નથી. પણ બનવા જોગ છે કે તેમાં જુદી જુદી તરંગલંબાઈવાળા પ્રકાશનું મિશ્રણ હોઈ શકે. આકૃતિમાં સામાન્ય પ્રકાશ દર્શાવ્યો છે. તેમાં વિવિધ તરંગલંબાઈનો પ્રકાશ છે. સામાન્ય પ્રકાશનો બીજો પણ એક ગુણધર્મ છે. જેમ આપણે પ્રકાશના ઉદ્‌ગમસ્થાનથી દૂર જઈએ તેમ તે વિસ્તૃત થતો જાય છે. આમ, પ્રકાશનું કિરણ અંતર વધતાં વિસ્તૃત થતું જાય છે. આના પરિણામ સ્વરૂપે તેની તીવ્રતા ઘટતી જશે. આથી જ જ્યારે આપણે દીવાથી દૂર બેસીને વાંચવા જઈએ ત્યારે પુસ્તક ઉપર ઓછો પ્રકાશ પડે છે. એટલે કે પ્રકાશની તીવ્રતા ઓછી હોય છે અને વાંચવાની મુશ્કેલી પડે છે.

લેસર પ્રકાશ

લેસરમાં એક વિશિષ્ટ એવી રચના કરવામાં આવી હોય છે કે જેમાંથી ઉત્પન્ન થતા પ્રકાશને વિવર્ધિત કરવામાં આવે છે. લેસર પ્રકાશ સુસંબદ્ધ (coherrent) અને એકરંગી છે. સુસંબદ્ધ પ્રકાશ કોને કહેવાય તેની વિસ્તૃત ચર્ચા આપણે આગળ ઉપર કરીશું. હાલ પૂરતું હારબદ્ધ કૂચ કરતા સૈનિકોની ટુકડીને સુસંબદ્ધ પ્રકાશની સાથે સરખાવી શકાય. વળી, સામાન્ય પ્રકાશની માફક લેસર પ્રકાશ પ્રસરણ પામતાં વિસ્તૃત થતો નથી પણ એક જ દિશામાં એક પાતળા સમાંતર કિરણપુંજ તરીકે આગળ વધે છે. પરિણામે લેસર પ્રકાશની તીવ્રતા પ્રસરણ પામતાં ઘટતી નથી. આગળ આકૃતિમાં દર્શાવાયું છે તેમ સામાન્ય પ્રકાશમાં ભિન્ન તરંગ લંબાઈવાળા તેમજ ભિન્નભિન્ન કંપવિસ્તારવાળા તરંગો છે. જ્યારે લેસર કિરણની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બધા તરંગો સમાન તરંગલંબાઈના એટલે કે એકરંગી હોય છે અને વિસ્તૃત થતા નથી. આના પરિણામ સ્વરૂપે લેસર પ્રકાશનું કિરણ પેન્સિલની અણી જેવું પાતળું અને પ્રબળ હોય છે. આથી જ તે હીરા જેવાં કઠણ પદાર્થમાં છિદ્ર પાડી શકે છે તેમજ કઠણ ધાતુને કાપી શકે છે, ઓગાળી શકે છે એટલું જ નહીં, પણ તેનું બાષ્પમાં રૂપાંતર કરી શકે છે. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે જ્યારે સફેદ કિરણને આવા પ્રિઝમમાંથી પસાર કરવામાં આવે છે ત્યારે તે વિચલન પામે છે તેમજ મેઘધનુષી રંગોમાં એટલે કે ઘટક રંગો પ્રમાણે વિભાજન પામે છે. આનું કારણ એ છે કે સફેદ કિરણ સાત ઘટક રંગોનું બનેલું છે. અને તે દરેકની તરંગલંબાઈ ભિન્નભિન્ન છે તેથી પ્રિઝમમાંથી પસાર થતા ભિન્નભિન્ન કોણે વિચલન પામે છે. આકૃતિના બીજા ભાગમાં બતાવ્યા પ્રમાણે લેસરકિરણને જ્યારે આવા પ્રિઝમમાંથી પસાર કરાવવામાં આવે છે ત્યારે તે વિચલન પામે છે પણ વિભાજન પામતું નથી, કારણ કે તે એકરંગી છે. આકૃતિમાં રૂબી લેસરનું રાતા રંગનું વિકિરણ આવા પ્રિઝમમાંથી પસાર કરાવતાં વિચલન પામી વળાંક લે છે. પણ તેમાં સઘળા તરંગો એકરંગી હોવાથી તેનું વિભાજન થતું નથી, પણ એક કોણે પાતળા કિરણ તરીકે વિચલન પામે છે.

લેસરના પિતા

લેસરની શોધ થઈ ત્યારે તે કેવળ દશ્યમાન પ્રકાશ પૂરતું જ મર્યાદિત હતું. પણ પાછળથી દશ્યમાન પ્રકાશની બન્ને બાજુનો વિસ્તાર એટલે કે ઇન્ફ્રારેડ અને અલ્ટ્રાવાયૉલેટ માટે પણ આવું વિવર્ધન શક્ય બનાવાયું છે. લેસરની શોધ થઈ તે પહેલાં અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સિટીના વિજ્ઞાની ચાર્લ્સ ટાઉન્સે ૧૯૫૪માં વિકિરણના ઉદીપ્ત ઉત્સર્જન દ્વારા સૂક્ષ્મ તરંગોનું વિવર્ધન (Microwave Amplification by Stimuated Emission of Radiation - MASER) મેસરની શોધ કરી હતી. તેમાં માઈક્રોવેવ એટલે કે સૂક્ષ્મ તરંગોનું વિવર્ધન થાય છે. આથી જ કેટલાક વિજ્ઞાનીઓ મેસરને 'લેસરનો પિતા' કહે છે. લેસરકિરણની શોધ થઈ ત્યારે કેટલાકે તેને પ્રકાશીય મેસર નામથી પણ ઓળખાવ્યાં હતાં.

મૉસ્કોની પાવર ઇન્સ્ટિટ્યૂટમાં ફેબ્રિકાઉન્ટ પણ મેસર ઉપર કાર્ય કરી રહ્યા હતા. તેમણે ૧૯૫૧માં સોવિયેટ સરકાર પાસે આ અંગે પેટન્ટ માટે અરજી કરી હતી. પણ પાછળથી તેઓ ઝાઝું આગળ વધી ના શક્યા. આ ઉપરાંત રશિયાના નિકોલાઈ બેસોવ અને એલેક્ઝાન્ડર પ્રોખોરોવે પણ મેસરની શોધમાં કીમતી ફાળો આપ્યો છે. આથી જ ૧૯૬૪ માટેનું ભૌતિકવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક મેસરના કાર્ય અંગે ટાઉન્સ, બેસોવ અને પ્રોખોરોવને સંયુક્તપણે આપવામાં આવ્યું હતું. પરન્તુ આજ તો હવે મેસર પછી શોધાયેલું લેસર તેની ઉપયોગિતામાં ઘણું આગળ નીકળી ચૂક્યું છે. (ક્રમશઃ)

પ્રસંગપરાગ

કેવો એવોર્ડ! કેવું વ્યક્તિત્વ!

તીર્થક્ષેત્ર ડાકોર પ્રમાણમાં નાનું ગામ. ગામની એકમાત્ર હાઈ સ્કૂલના હેડમાસ્તર ગામમાં સજ્જન તરીકે, ગામના ઉત્તમ લોકોપકારક વ્યક્તિ તરીકે તેમજ ખૂબ વિદ્વાન અને પવિત્ર પુરુષ તરીકે લોકહૃદયમાં પ્રતિષ્ઠિત. અંગ્રેજી, સંસ્કૃત વગેરેના એ ઉત્તમ શિક્ષક. દેખાવે-બાહ્યાચારે રૂઢિવાદી લાગે. શણિયું પહેરીને જમે. પૂજાપાઠ પછી જ ભોજન લે. નિત્ય ભાગવતપાઠ કરે. પણ વળી તેટલા જ શ્રદ્ધાળુ શિવપૂજક અને શાંકરવેદાન્તના પ્રખર અભ્યાસી બ્રાહ્મણ. કેવળ લોકશિક્ષણની દૃષ્ટિએ દર રવિવારે અને એકાદશીએ મોટા મંદિરમાં પ્રણાલિગત હમે વ્યાસપીઠ પર બેસીને ભગવદ્ગીતાનાં પ્રવચન કરે - જીવનભર કર્યાં. નાના ગામમાં ત્રણસો-ચારસોનું નિયમિત શ્રોતામંડળ, પણ પોતે તો એક પાઈ પણ ન લે. કોઈ અજાણી વ્યક્તિ કથા જાણીને ભૂલથી કાંઈ ભેટ મૂકી જાય તો તે મંદિરમાં જાય.

પોતે હરિકીર્તનકાર પણ ખરા. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે કેળવણીખાતા તરફથી ગામેગામ હરિકીર્તન કરેલાં. યુદ્ધ પૂરું થતાં, તેમની સેવા બિરદાવવા સરકારે તેમની ઇચ્છા પુછાવી - શું જોઈએ? જમીન-જાગીર? ઇનામ-ઇલ્કાબ? હોદ્દો? - તેમણે માગી લીધું કે મારું ગામ ગરીબ છે; અહીંનાં છોકરાં ભણી શકે તે માટે શાળા સ્થાપી છે - કોઈ આર્થિક આધાર ફંડ વગર. કેળવણીખાતાના નિયમ મુજબની ઓછામાં ઓછી ફી પણ ગામના મોટા ભાગનાં છોકરાંઓ આપી શકે તેમ નથી. તો, જો આપવા જ માગતા હો તો ઍવૉર્ડ તરીકે આપો કે હું જીવું ને શાળામાં કામ કરું ત્યાં સુધી આ શાળામાં ફીનું ધોરણ ખાતાના નિયમાનુસારના અલ્પતમ ધોરણથી પણ નીચું રાખી શકાય.

વાઈસરૉયે આ માગણી મંજૂર કરી અને તેમને ગોલ્ડમેડલ પણ આપ્યો. તે જીવ્યા ત્યાં સુધી ગંભીર માંદગીને બિછાનેથી પણ વર્ગો લેતા રહ્યા! પરિણામે બીજા વિશ્વયુદ્ધ વખતે જ્યારે મૅટ્રિક ક્લાસની ફી અન્ય શાળાઓમાં ૧૫-૧૭ રૂપિયા કે તેથી પણ વધારે હતી ત્યારે ડાકોરની શ્રી સંસ્થાન હાઈ સ્કૂલમાં તે ૪-૬ રૂપિયા જ હતી! વળી, તેમાંય કેટલાકને માફી!

અને તે સાથે શાળા આખા જિલ્લામાં અને બહાર પણ શિક્ષણનાં ઉચ્ચ ધોરણો, ઉત્તમ પરિણામો અને આજે પણ આશ્ચર્ય થાય તેવી ને તેટલી વિવિધ ઇતર પ્રવૃત્તિઓ અને તાલીમ વ્યવસ્થા માટે વિખ્યાત હતી! સદ્ગત હેડમાસ્તર શ્રી ગિ.દે. ભટ્ટના નામસ્મરણ સાથે આજે અનેક મસ્તક નમે છે. નમે જ ને!

- વિનોદ અધ્વર્યુ

આનકથા

ગુરુ બજુવાનું વસિયત

બહાદુરભાઈ જ. વાંક

એક દિવસ આશ્રમમાં કેટલાક શિષ્યોને અચાનક ખબર પડી કે ગુરુએ પોતાનું વસિયતનામું પણ તૈયાર કરી નાખ્યું છે. એટલે બધાને એક જ પ્રશ્ન મૂંઝવતો હતો - ગુરુએ વસિયતમાં શું લખ્યું હશે, અને વસિયત કોના નામે કર્યું હશે?

આથી ગુરુને પ્રિય એવા બેત્રણ શિષ્યો તરફ બધા દ્વેષભાવથી જોવા લાગ્યા. ફક્ત આ કારણે જ શિષ્યો વચ્ચેનું અંતર અને ખટરાગ ઉત્તરોત્તર વધવા માંડ્યાં.

આશ્રમનું એકદમ કલુષિત અને ડહોળાયેલું વાતાવરણ જોઈને એક સવારે ગુરુ બજુવાએ બધા શિષ્યોને એકઠા કર્યા, ને બોલ્યા : 'આજે હવે હું તમને બધાને મારું વસિયતનામું વાંચી સંભળાવવા માગું છું.' ને તેમણે એક શિષ્યના હાથમાં કવર મૂકી, બધાને વસિયતનામું વાંચી સંભળાવવાની તેને સૂચના આપી.

એ શિષ્યે જિજ્ઞાસાથી કવર ખોલ્યું. ને સ્તબ્ધ થઈ ગયો - કવરમાંથી માત્ર એક કોરો કાગળ નીકળ્યો હતો!

બજુવાએ તે શિષ્યના હાથમાંથી કોરો કાગળ લઈ, હાથ ઊંચો કરી, બધાને બતાવતાં બોલ્યા : 'જુઓ, આ છે મારું વસિયત!'

સાવ કોરું વસિયત જોઈ બધા શિષ્યો આશ્ચર્યમાં ડૂબી ગયા - ગુરુએ સાવ કોરું વસિયત કેમ કર્યું હશે!

બજુવા બોલ્યા : 'મારી મિલકત - સમૃદ્ધિ વિશે તમારે જાણવું છે ને? તો સાંભળો - આ દુનિયામાંથી હું જઈશ ત્યારે મારી પાછળ સૂરજ, ચંદ્ર, તારા, પહાડો, નદીઓ, વૃક્ષો અને પંખીઓની અઢળક સમૃદ્ધિ મૂકતો જઈશ. હવે હું તમને બધાને પૂછું છું - શું આનું વસિયત હોઈ શકે?'

ત્યાં એક શિષ્યે પૂછ્યું : 'તો પછી સાવ કોરું વસિયત કરવાનો શો અર્થ?'

'અર્થ એટલો જ - હું તમને બધાને એક સંદેશ આપવા માગતો હતો - અવકાશના-આકાશના અનંત ઐશ્વર્યનો!!'


પોતાની સંકુચિત સમજ બદલ દિલગીરી વ્યક્ત કરી, બધા શિષ્યોએ મસ્તક નમાવી ગુરુની ક્ષમા માગી લીધી.

બજુવા શિષ્યોને મસ્તક નમાવવાની ના પાડતાં બોલ્યા : 'જ્યાં તમે તમારી ભીતરના આકાશને મસ્તક નમાવી શકતા નથી, ત્યાં મને મસ્તક નમાવવાનો શો અર્થ?!' □

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

યાત્રાળુની રીતે

સંમુખ સાગરમઠ-૭



— પ્રીતિ સેનગુપ્તા —

પણ ચીની સરકારે જેની પસંદગી કરી છે તે કિશોરનો નાનો ફોટો તિબેટના કોઈ કોઈ મંદિરમાં જોવા મળી જાય છે.

ચીની ને તિબેટી મંદિરના ખંડોમાં બુદ્ધનાં વિવિધ સ્વરૂપો ને અવતારો, મુખ્ય ઉપદેશકો, દલાઈ લામાઓ વગેરેની અસંખ્ય મૂર્તિઓ મૂકી દેવાતી હોય છે. પછી એમની સાચવણી સહેલી પડે એટલે એ બધીને કાચનાં કબાટોમાં ગોઠવી દેવામાં આવે છે. એ-કબાટોને પાછું કોણ સાફ કરવાનું? એટલે કાચ ગંદા થઈને, ધૂળ ખાતા રહે છે - એવા અપારદર્શક કે અંદરની મૂર્તિઓ ઓળખી તો શું, સરખી જોઈ પણ ના શકાય.

બીજા એક ખંડની વચ્ચે એક સિંહાસન હતું. એ ચૌદમા - આજે જીવતા, પણ દેશવટો સ્વીકારીને ભારતમાં જઈ વસેલા - દલાઈ લામા માટેનું હતું. તિબેટના એ ધાર્મિક, આધ્યાત્મિક અને આદરણીય આગેવાન છે, પણ એમની પ્રતિમા કે તસ્વીર - મંદિર ને મઠમાં અને આખા તિબેટમાં ક્યાંય પણ - જાહેરમાં કે અંગત રીતે રાખવાની સખત મનાઈ છે. એ જીવંત દેવોપસ્થિતિનું નામ પણ લેનાર કઠિન સજાને પાત્ર બને છે. એ ખંડની બે દીવાલોમાં સરસ ખાનાં બનાવીને, એમની અંદર, જૂના થઈ ગયેલા, ઊપટી ગયેલા મરૂન રંગવાળા કપડામાં વીંટેલી પોથીઓ વ્યવસ્થિત ગોઠવેલી હતી. આદ્યઉપદેશક શક્યમુનિ-બુદ્ધ દ્વારા લખેલા એ બધા પૌરાણિક ગ્રંથો હતા. લામાઓ અને ભિખ્ખુઓ વર્ષો સુધી એમનું વાચન ને એમનો અભ્યાસ કરતા રહે છે અને એમાંનું કેટલુંયે મુખસ્થ કરી લે છે.


દરેક ખંડમાં એક એક અભ્યાસી બેઠા હોય - વૃદ્ધ લામા અથવા કિશોર ભિખ્ખુ સાવ શાંતિથી એમનો અણસાર પણ ના આવે. ઓરડા એવા અંધારા કે બે-ચાર ટમટમતા દીવા કે એકાદ ઝાંખી બત્તી - જો હોય તો! કોઈ બેઠેલું પહેલાં તો દેખાય પણ નહીં. આ મઠમાં વીજળીની સગવડ ૧૯૮૫થી જ થઈ. એ પહેલાં તો ઓહો, કેવું યે અંધારું હશે! એમ તો હજી પણ કેટલાંયે બારણાં, સીડીઓ ને ખૂણાઓ સાવ અંધારાં જ હતાં.

ક્યાંક એકદમ વાસ આવી જતી હતી - જાણે નજીકમાં ખુલ્લી ખાળ ના હોય! ચીની લશ્કરના માણસોનું થાણું ત્યાં સ્થપાયેલું છે. બરાબર સિંહાસનખંડ તથા ગ્રંથખંડની નીચે એ લોકોનો રહેવાસ હતો. એ બધા ઘોંઘાટિયા હતા. ફરતાં

ટ્રેપુન્ગ મઠ-સંકુલના ચોગાનમાં બસમાંથી ઊતર્યા પછી એનાં મકાનો જોવા માટે સૌથી પહેલાં એક સાંકડી, ઢાળ પડતી ગલીમાં થતાં, એમાંનાં પથરાળ પગથિયાં ચડતાં જવાનું હતું. અમે ચાલવા ને ચડવા તો માંડ્યાં, પણ તરત જ શ્વાસ ચડી જવા માંડ્યો. પોણા ચાર હજાર મીટરની ઊંચાઈ પર હતાં, તે વાતાવરણ અમને ભૂલવા દેવાનું નહોતું.

પગથિયાં પૂરાં થાય પછી મોટા, વૃદ્ધ ને ઘેઘૂર એક વૃક્ષની આસપાસ ખુલ્લું પ્રાંગણ હતું. એને એક છેડે ગાન્દેન પ્રાસાદ હતો. દ્વિતીય દલાઈ લામાએ પંદરમી સદીના અંતકાળે એ બંધાવેલો, ને ત્યારથી એ દરેક દલાઈ લામાનું ટ્રેપુન્ગમાંનું નિવાસસ્થાન રહ્યો છે. એક ઝરૂખા પર રંગરંગીન તિબેટી શોભા-ધ્વજ લટકાવેલા હતા. એ દલાઈનિવાસનો અંશ હતો, ને એ હિસ્સો જાહેર જનતા માટે બંધ હતો.

પ્રાસાદની અંદરના એક દેવખંડમાં પાંચમા દલાઈ લામાની પ્રભાવશાળી પ્રતિમા હતી. સત્તરમી સદીના મધ્યકાળમાં એમણે તિબેટની રાજકારણીય સત્તા હાથમાં લીધેલી અને ત્યારે આ પ્રાસાદ એમના શાસનનું મુખ્ય કાર્યાલય બનીને રહેલો. આ પ્રતિમાની પાછળ દેવની પ્રતિમા હતી, જેમાં બુદ્ધ ધ્યાનની કે કરુણાની મુદ્રામાં નહીં, પણ તાંત્રિક સ્વરૂપે રજૂ થયેલા હતા. બંને બાજુએ, બીભત્સ મુખભાવથી યુક્ત, આયુધોથી સજ્જ સંરક્ષકદ્વયની મૂર્તિઓ હતી. પાસે અંતિમ પંચેન લામાની નાની મૂર્તિ મૂકેલી હતી. એ ૧૯૮૯માં મૃત્યુ પામેલા. એ પછી સત્તાવાર રીતે કોઈ પંચેનવંશરાજની નિમણૂક નથી થઈ,



પાષાણ-શિલાઓ પર પીળા શિરાંચલવાળા ધર્મગુરુ લામાનાં ખૂબ મોટાં ચિત્ર

ફરતાં અમને એ લોકોની વાતોનો હસવાનો, જોરથી વગાડાતા સંગીતનો અવાજ સંભળાઈ જતો હતો. એ રીતે એ લોકો અનાદર વ્યક્ત કરતા હતા - તિબેટના સમગ્ર જીવનતત્ત્વ પ્રત્યે.

જાડાં, ઘેરાં, જૂના જેવાં લાક્ષણિક વસ્ત્ર પહેરેલાં સ્થાનિક તિબેટી યાત્રાળુઓ પણ અમારી જેમ ફરતાં હતાં. એ બધાંના હાથમાં યાક-માખણનાં પૅકેટ અને એલ્યુમિનિઅમના એક એક ચમચા રહેતા. અત્યંત મોટાં પાત્રોમાં માખણ ધરાવવાનું સતત ચાલુ રહેતું. અંદર મૂકેલી લાંબી લાંબી દીવેટો સતત બળતી રહેતી. જ્યાં ને ત્યાં ચીની નાણા 'યુઆન'ની નોટો દેખાતી - મૂર્તિઓમાં ખોસેલી, કબાટની જાળીઓમાં ખોસેલી, ક્યાંક તો ઢગલાની જેમ પડેલી. હંમેશાં એક કે બે યુઆનની નોટ હોય. પાંચની તો ભાગ્યે જ. કોને પોસાય એ તો? મને થાય, ક્યારે ખેંચી કાઢતા ને ભેગી કરતા હશે એ બધીને? ક્યારે ગણી રહેતા હશે એમને?


ઘણાં યાત્રાળુઓ સફેદ ઉપરણા ધરાવે છે. પ્રતિમાઓના ખોળામાં ઢગલા થાય - ખાસ કરીને બુદ્ધની પ્રતિમાઓના ખોળામાં. પછી પ્રસાદી તરીકે લોકોમાં વહેંચી દેવાય અથવા ફરીથી વેચી પણ દેવાય. ધાર્મિકતાની અંદર રહેલી એ વાસ્તવિકતા છે. એક જગ્યાએ શંખના આકારના પાત્રમાંથી પ્રસાદી જળ અપાતું હતું. યાત્રાળુઓ એને આચમનમાં લેતા હતા, ને હાથ પછી માથે અડાડતા હતા. મેં પણ એમનું અનુકરણ કર્યું. પશ્ચિમી પ્રવાસીઓ તો અજાણ્યું કશું મોઢામાં મૂકતાં જ ગભરાય - જ્યારે હું કદાચ ખોટાં જોખમ પણ લેતી હોઉં.

સભાખંડ અતિવિશાળ હતો. એમાં ૧૮૦ સ્તંભ બનાવાયેલા હતા. વચ્ચે બત્તીઓ હતી, પણ ખૂબ જ આછી. ફર્શ પર સાંકડી ગાદી બેઠકોની સળંગ હારની હાર હતી. ઊપટી ગયેલું લાલ કપડું એના પર પાથરેલું હતું. ઘણું જૂનું, ધોયા વગરનું હોય એવી વાસ ખંડમાં પ્રસરી ગયેલી હતી. નહાતું પણ કોઈ રોજ નથી હોતું. શિયાળામાં તો અઠવાડિયાં કે મહિનાઓ સુધી નહીં નહાતા હોય. ખંડને છેડે બુદ્ધનાં ત્રણ સ્વરૂપ હતાં - ભૂત, વર્તમાન ને ભવિષ્ય દર્શાવતાં. ઉપરાંત, મંજુશ્રી બુદ્ધની પ્રતિમા પણ હતી. પરમ જ્ઞાન તથા પ્રજ્ઞાનો આવિર્ભાવ આ બોધિસત્ત્વમાં આરોપાયો છે.

બે મકાનોની વચ્ચેના ખુલ્લા ચોગાનમાં આવતાં પાછળનો પર્વતીય પરિસર દૃષ્ટિગોચર થયો. એક પહાડી ઢોળાવ પરની એક વિશાળ પાષાણશિલાના ફલક પર પીળા શિરાંચલ પંથના પ્રણેતા ત્સૉન્ગખાપા - કે તિબેટીમાં 'દ્ઝૉન્ગાબા' - નું બૃહત્પ્રમાણ ચિત્રાલેખન કરેલું હતું. માથા પર લાક્ષણિક શંકુ આકારનું પીળું આવરણ. એક હાથમાં ખુલ્લી તલવાર, બીજો હાથ ઉપદેશની મુદ્રામાં. ચૌદમી સદીના, ગેલુક બૌદ્ધપંથના એ પ્રણેતા મંજુશ્રી બોધિસત્ત્વના અવતાર ગણાય છે. દર વર્ષે ઑગસ્ટ મહિનાની પહેલી તારીખે અનેક તિબેટી બૌદ્ધવિહારોમાં ખૂબ મોટો ધાર્મિક ઉત્સવ શરૂ થાય છે. એના ઉપક્રમે, વિરાટ પ્રમાણવાળું, 'તાન્કા' કે 'થાન્ગ્કા' કહેવાતું બુદ્ધજીવનના પ્રસંગો, અવતારો વગેરે આલેખતું ધર્મચિત્ર સંભાળપૂર્વક બહાર કાઢવામાં આવે છે. બસોથી પણ વધારે લોકો એને ઉપાડીને એ શિલાચિત્ર પાસે લઈ જાય છે અને પહાડના ઢોળાવ પર પાંચેક દિવસ માટે એને લટકાવી રાખે છે. હજારો યાત્રાળુ આ ઉત્સવમાં ભાગ લે છે, ને આ ધર્મચિત્રનાં દર્શન કરે છે. ઉત્સવ પૂરો થતાં, ફરીથી એક વર્ષ માટે એ વિરાટ થાન્કાને સરખો વાળીને એને માટેની કાષ્ઠપેટીમાં મૂકી દેવામાં આવે છે. સામ્યવાદી ચીની શાસન આ પ્રથા પર ધારે ત્યારે કાપ મૂકી શકે અને પ્રજાને ભક્તિથી વંચિત રાખી શકે.

રસોઈઘરમાં અમે પહોંચ્યાં ત્યારે જોયું કે યાત્રાળુઓ શ્રદ્ધાપૂર્વક યાક-માખણ, જવનો લોટ, ચાનાં પડીકાં વગેરે પધરાવી રહ્યાં હતાં. એ બધું ભરવા માટે અત્યંત મોટાં વાસણો ને દેગડા વગેરે પડ્યાં હતાં. ગરમ ચાનું પાણી ભરવા માટે, કોઠીના આકારનાં, લાકડાનાં અનેક પાત્ર પણ હતાં. પથ્થરની ફર્શ સાવ ઠંડી હતી, દીવાલો ભેજથી ભીની હતી. ઓરડામાં ઘણું

(અનુસંધાન પૃ.૭૧૨)



તિબેટનાં બે કિશોર ભિખ્ખુઓ

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૪

પ્રા. પ્રવીણ ન. શેઠ

અમેરિકામાં 'ભારતીય મધ્યપ્રવાહ' પણ છે!

આમ તો અમેરિકા અનેક આગંતુક વસાહતી જાતિઓનો બનેલ એક દેશ છે. પણ તેમાંય એક મધ્યપ્રવાહ છે. અહીં ઇંગ્લંડ સહિત પશ્ચિમ યુરોપથી આવી વસેલા જાતિપ્રવાહોમાંથી આવો અમેરિકન મધ્યપ્રવાહ બન્યો છે. અહીં અર્થકારણ, મીડિઆ, ટેક્નોલૉજિ જેવાં ક્ષેત્રોમાં તેમનામાં ખૂબ આગળ વધેલો વર્ગ અમેરિકન નીતિરીતિ અને સભ્યતા કેવી હોવી જોઈએ તે નક્કી કરે છે. સ્પેનિશભાષી લૅટિનો, અશ્વેતો, ચીનાઓ, ભારતીયો, કોરીઅનો જેવી વસાહતી પ્રજાઓનું સામાજિક સ્થાન પણ આ વર્ગ નક્કી કરે છે. ભારતીયો, ચીનાઓ જેવાની શાંતિમય પ્રગતિ સાધી બતાવવાની ઢબછબને કારણે આ મધ્યપ્રવાહે તેમને 'મોડેલ માઇનોરિટી' તરીકે નવાજ્યા ને ભારતીય અમેરિકન સમાજના આગેવાન વર્ગે પોરસાઈને ગોરાઓનો આગંતુક વસાહતી પ્રજાઓને સારું કે નરસું બિરુદ આપવાનો આવો હક સ્વીકારી પણ લીધો!

પણ અમેરિકન મધ્યપ્રવાહની જેમ અમેરિકામાં એક 'ભારતીય મધ્યપ્રવાહ' (મેઇન સ્ટ્રીમ) પણ છે. અહીંનો વસાહતી ભારતીય સમુદાય પણ એકરૂપ નથી. આવક, ધંધા-વ્યવસાયમાં ખૂબ આગળ આવેલા તેમજ મંદિરોથી માંડીને ભારતીય મંડળો-સંગઠનો ચલાવનારો પ્રભાવશાળી વર્ગ આવા મધ્યપ્રવાહને ચાલના આપે છે. ભારતીયતા એટલે શું? કોણ સાચો ભારતીય કહેવાય? ભારતીય સંસ્કૃતિનાં કયાં મુખ્ય લક્ષણો છે, અને તે આ અતિઆધુનિક સભ્યતા ધરાવતા દેશમાં કેવી રીતે સાચવી શકાય? આ બધું આ વર્ગ નક્કી કરે છે. આવી ઘટનાનો પહેલો ચિત્રાત્મક ખ્યાલ ૧૯૯૫ની ૧૫મી ઑગસ્ટે ન્યૂ યૉર્કમાં 'ફેડરેશન ઑવ્ ઇન્ડિયન્સ ઇન્ અમેરિકા'એ 'ઇન્ડિયા ડે પરેડ' યોજી ત્યારે આવ્યો. 'ઇન્ડિયા ડે પરેડ'એ ભારત બહાર ભારતના આઝાદીદિનની થતી સૌથી મોટી ઉજવણી છે. ભારતનાં રાજ્યોની અને બીજી વિવિધતાઓને કલાત્મક રીતે રજૂ કરતા મોટરગાડી પરનાં દૃશ્યો અને હજારો ભારતીય અમેરિકનો તેમાં ભાગ લે છે. આપણા ભારતીયો જે પ્રભાવ ઉપસાવી શક્યા છે, તેની તે પ્રતીતિ કરાવે છે. ભારતની ફિલ્મી હસ્તી તો ખરી, પણ મેયરો, આ પ્રદેશના સેનેટરો, કૉંગ્રેસમેનો વગેરે પણ તેમાં જોડાય છે. આપણા દેશની અહીં ઊપસેલી પ્રભાવક હસ્તીનો આ પરેડ દૃશ્યશ્રાવ્ય નમૂનો બની રહે છે.

૧૯૯૫ અને '૯૬માં ફેડરેશનના આગેવાનોએ આવી પરેડમાં ભાગ લેવા માગતા 'સાલગા' અને 'ત્રિકોણ' જેવા 'ગે' અને 'લેસ્બિઅન' સંગઠનોને પરવાનગી આપી નહીં; કારણ તે સજાતીય સંબંધોમાં માનતા પુરુષો અને સ્ત્રીઓનાં બનેલાં છે. વળી, ન્યૂ જર્સીની 'માનવી' જેવી અમેરિકામાં પહેલી સ્થપાયેલ નારીહિતોને સાચવતી ભારતીય સંસ્થાને પણ આ પ્રતિષ્ઠારૂપ કાર્યક્રમમાં ભાગ લેવામાંથી બાકાત રખાઈ. ફેડરેશન તરફથી આવા નિર્ણય પાછળનું કારણ એ અપાયું કે સાલગા જેવા 'લેસ્બીગે' સંગઠનોમાં સમગ્ર દક્ષિણ એશિયામાંથી આવેલાં સભ્યોનાં બનેલાં હતાં. જ્યારે પરેડ તો ભારતના આઝાદી દિનની ઉજવણી માટે યોજાઈ હતી. તે પછીનાં વર્ષોમાં આવી પરેડ વખતે આ બાબતનું પુનરાવર્તન થયું.

૧૯૯૫ની પરેડ વખતે ચર્ચા એ જાગી કે અમેરિકામાં 'ભારતીય મધ્યપ્રવાહ' જેવી પણ કોઈ સામાજિક-સાંસ્કૃતિક સ્થિતિ છે કે શું? અને હોય તો તેનું સ્વરૂપ કેવું છે? આવા મધ્યપ્રવાહમાં અહીંનાં ભારતીયોમાં જેઓ શ્રીમંત છે અને પોતાના વ્યવસાયમાં નામના મેળવી છે તેવો શક્તિશાળી વર્ગ છે તે ભારતીય સંસ્કૃતિની પરંપરાગત સમજને દોહરાવવા માગે છે. આ વર્ગ અહીંના ભારતીય સમાજની ધાર્મિક, સાંસ્કૃતિક અને રાજકીય સંસ્થાઓની સ્થાપના અને સંચાલનમાં કાબૂ ધરાવે છે. માહિતી વિષયક માધ્યમો તેમને હસ્તક છે તથા ભારતીયોના જાતિલક્ષી - એથ્નિક - મીડિઆમાં તેમની પ્રવૃત્તિઓ સહિતના ફોટા-હેવાલો આવતા હોય છે. ગોરાઓએ અપેક્ષી છે તેવી પેલી 'મોડેલ માઇનોરિટી'ને અનુરૂપ એવો 'સંસ્કારી' નમૂનારૂપ ભારતીય સમાજ અમેરિકા જેવા અતિઆધુનિક સભ્યતા (સિવિલાઈઝેશન) ધરાવતા દેશમાં કેવો હોય, તેમાં ભારતની સંસ્કૃતિ અને ભારતીયોની એકતા કેવી રીતે જળવાય, તેને માટે આ મધ્યપ્રવાહના વાહકો પ્રયાસ કરે છે. તેઓ માને છે કે ભારતીય સંસ્કૃતિ (કલ્ચર)ને બહારથી ગુરુતાગ્રંથિ ધરાવતા ગોરા અમેરિકનોના જાતિવાદી પ્રભાવ અને સ્વચ્છંદી વિચારોનો ભય છે. ભારતીયો અમેરિકન મધ્યપ્રવાહમાં એકરૂપ થઈને ભળી જશે, તો પોતાની નિજી ઓળખ ગુમાવી બેસશે. આ વર્ગે ભારતીય ઓળખને ટકાવી રાખવા માટે કેટલાંક પ્રતીકો ઉપસાવ્યાં છે અને તે માપવાનાં ધોરણો પણ નક્કી કર્યાં છે. જેમ કે, ભારતીય નારી નમ્ર અને નીતિમત્તા-પ્રણાલીગત ધોરણો સાચવે તેવી હોય. તે પોતાના કુટુંબનું પૂરેપૂરું ધ્યાન આપે તેવી હોય (ભલે જૉબ પણ કરતી હોય). આ વિષયનો અભ્યાસી અનન્યા ભટ્ટાચારજી તો ટકોર કરે છે : અરે, ભારતીયોનો એક વર્ગ તો માને છે કે અમેરિકામાં પહેલી પેઢીની જેમ બીજી પેઢીની તરુણી-યુવતી પણ આવું યોગ્ય

વલણ ધરાવતી હોવી જોઈએ. આ બાબત ભારતીય સમાજને સંગઠિત રાખવા માટેનો લિટમસ ટેસ્ટ (કસોટીરૂપ) ગણાતી. એથી જુદું વર્તન કરનાર વ્યક્તિ તો ભારતીય સમાજની દ્રોહી કહેવાય.

અને તો, ગે અને લેસ્બિઅનો તથા તેમનાં ઉદ્દામ સંગઠનો તો ન્યાતબહાર જ મુકાય. વળી, રટગર યુનિવર્સિટીના મનોવિજ્ઞાની અધ્યાપિકા શમિતા દાસગુપ્તા અને તેમની અહીં જન્મેલી નારીવાદી પુત્રી સાયન્તની આવો આક્ષેપ કરે છેઃ સામાજિક રીતે ઉદ્દામ ગણાતા મુદ્દાઓ અંગે કૉલેજોમાં વિદ્યાર્થીમંડળોની ચૂંટણી લડનારાં કે યુનિયનો રચનારાં ભારતીય યુવકયુવતીઓને અનિચ્છનીય રાજકીય પ્રવૃત્તિ કરનારા તરીકે ગણીને, તેમને આ મધ્યપ્રવાહની બહાર હડસેલી દેવામાં આવે છે. તે સામે મધ્યપ્રવાહના પહેલી પેઢીનાં માબાપો એવું માને છે કે અમેરિકામાં મીડિઆ ક્લબો અને સ્કૂલ-કૉલેજોના કેમ્પસો દ્વારા જે ધૂંવાધાર મધ્યપ્રવાહ વહે છે તેમાં માહિલાઓ અને બીજી પેઢી 'કરપ્ટ' નહીં થઈ જાય, તેમના સંતાનો 'હાઈબ્રીડ' કે 'અમેરિકનાઈઝ્ડ' નહીં બની જાય તે માટે ભારતીય સંસ્કાર અને પરંપાર જાળવી રાખવાનો આગ્રહ જરૂરી બની જાય છે. મીરાં નાયરની ફિલ્મ 'મિસિસિપી મસાલા'માં ગરમ મસાલા જેવી સેક્સ અપીલ ધરાવતી મીના, અને તેને સામાજિક નિયમમાં નિષ્ફળ રીતે રાખવા મથતો તેનો પિતા જય, આ વલણભેદને આકાર આપે છે. તે જ પ્રમાણે શ્રીનિવાસ કૃષ્ણની ફિલ્મ 'મસાલા'માં પુત્ર અનિલ પોતાના વ્યવહારુ પિતા લલ્લુભાઈ સોલંકીના મેડિકલ અભ્યાસક્રમ લેવાના આગ્રહને નકારીને હું તો વિમાની બનીશ એમ કહે છે, તેમજ પિતાએ પસંદ કરેલ કન્યા સરસ્વતીને સ્વીકારતો નથી. 'મસાલા'માં હવાઈ ઉડાણનું રૂપક વારંવાર યોજાય છે અને તે દ્વારા નવી પેઢી પહેલી પેઢી કરતાં પોતાની જુદી ઓળખ ઘડવા માટે ગતિમાન છે, તે શ્રીનિવાસ સુરેખ રીતે સૂચવે છે.

સુચેતા દોશી જેવી બીજી પેઢીની યુવતી કહે છે : પહેલી પેઢીનાં (ભારતીય) માબાપો માસાચ્યુસેટ્સમાં આવેલ વેલેસ્લી ગર્લ્સ સ્કૂલમાં પોતાની દીકરીઓને મૂકવાનું પસંદ કરતાં, જેથી અમેરિકન ઢબની મુક્ત સામાજિક હવા તેમને લાગે નહીં. ભારતીય મધ્યપ્રવાહના પ્રતિનિધિ જેવાં મારાં સહપાઠીઓ કૉલેજ વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં અને ઇન્ડિયન ફેડરેશનના એજન્ડામાં દક્ષિણ એશિયાને લગતા અભ્યાસક્રમો ઑફર થાય, તેવા મારા પ્રયાસોને 'રાજકીય' ગણતાં, ને તે સામે નાપસંદગી વ્યક્ત કરતાં. જે યુવકયુવતીઓ ભારતીયોની જ પાર્ટીમાં જવાનું રાખતાં નહીં, યા તો બીજી યુવતીઓ જેમ ભારતીય યુવાનો સાથે ભળવાનો પ્રયત્ન કરતી નહીં, તેઓ ભારતીય મધ્યપ્રવાહથી બહાર ફેંકાઈ જતાં. બીજી એક યુવતી આવા મધ્યપ્રવાહ વિશે ફરિયાદ કરે છે : 'અમારે દરેક ભાંગરા (નૃત્ય) સમયે ભારતીય વેશ પહેરવાનો. પણ આ 'ગાયૂઝ' (છોકરાઓ) બૅગી જીન્સ અને બૅકવર્ડ્ઝ બેઝબૉલકૅપ પહેરી શકે... પણ ત્યારે તેમને કોઈ કશું કહેતું નથી.'

મધ્યપ્રવાહના નેતાઓ માને છે કે એમના રાજકીય એજન્ડામાં અહીંની ભારતીય પ્રજાના પ્રશ્નો તેમજ ભારતનું હિત સચવાય તેવા વિષયો પૂરતી જ ચિંતા હોવી જોઈએ; ને તે પૂરતો વૉશિંગ્ટનના રાજકારણમાં આપણો રસ હોવો જોઈએ. પણ અશ્વેતો-હિસ્પેનિકો અને શ્રમજીવી વર્ગના ધંધાદારી પ્રશ્નોમાં રસ લઈને કે તેમની સાથે ભારતીયો જોડાય તે બરાબર નથી. ખાસ કરીને ભારતનાં સુખી ખેડૂત પરિવારોમાંથી આવેલા હોય, ન્યૂઝ પેપર વેચનારા કે ટૅક્સી ડ્રાઈવરો, ગ્રોશરી જેવા નાના સ્ટોરવાળા, તેમજ મંદિર/ધર્મલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા આવી મધ્યપ્રવાહની વિચારસરણીના મુખ્ય ટેકેદારો છે.

ભારતીય ફેડરેશનના ચંદ્રકાન્ત ત્રિવેદી, રમેશ પટેલ, એચ.આર. શાહ અને તેના નવા પ્રમુખ યશપોલ સૌઈએ ઇન્ડિયા પરેડને વર્ષોપર્યન્ત પ્રભાવશાળી બનાવવા ફાળો આપ્યો છે. તેઓ આવી પરેડ વખતે ભારતીયો વિશે કોઈ ખોટી કે ખરાબ છાપ ઊભી ન થાય તે માટે કેટલાક નિયમોના પાલન માટે સાવધ હોય તે સમજી શકાય તેમ છે.

પહેલી પેઢીના અગ્રણીઓ માનતા કે ભારતીયોનો 'રાજકીય એજન્ડા' અમેરિકાની ભારતીય પ્રજાના પ્રશ્નોમાં જ રસ લેવા જેવી પ્રવૃત્તિ પૂરતો મર્યાદિત રાખવો જોઈએ, ને સાથે ભારતનું હિત સચવાય, તે પૂરતો વૉશિંગ્ટનના રાજકારણમાં રસ લેવો જોઈએ. ન્યૂ યૉર્કના કૅબ (ટૅક્સી) ડ્રાઈવરો તેના મેયર ગીયોઆની જેવા ગોરા શાસકોની ભેદભાવભર્યા અને જાતિવાદી વ્યવહાર સામે પ્રતિકાર કરતા હોય, યા તો કેટલાંક પુરુષો અને નારીઓ સજાતીય સંબંધો રાખવાના અધિકારની વાત કરતાં હોય તો તેને ભારતીય મધ્યપ્રવાહનો પ્રભાવક વર્ગ એક પ્રકારની 'રાજકીય પ્રવૃત્તિ' ગણે છે અને તેને પસંદ કરતાં નથી તે જ રીતે અશ્વેત હિસ્પેનિકો - લૅટિનો જેવા મુખ્યત્વે શ્રમજીવી વર્ગના ધંધાદારી પ્રશ્નોમાં રસ લેવાનું હજુ ય તેઓ પસંદ કરતા નથી. ખાસ કરીને ભારતનાં સુખી ખેડૂત પરિવારોમાંથી આવેલા હોય, ટૅક્સી ડ્રાઈવરો, ન્યૂઝપેપર વેચનારા, ગ્રોશરી સ્ટોર ચલાવનારા હોય, તેમજ મંદિર અને ધર્મલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા આવા મધ્યપ્રવાહની વિચારસરણીના મુખ્ય ટેકેદારો હોય છે. તેઓ ભારતની સંસ્કૃતિને બીજી પ્રજાઓ કરતાં ચઢિયાતી ગણે છે. અમેરિકન મધ્યપ્રવાહ તેમજ અશ્વેતો અને લૅટિનોના બનેલા બહુજન-સમાજથી તેઓ વેગળા રહેવાનું પસંદ કરે છે.

આ પ્રભાવક વર્ગ હિંસા અને ટ્રાફિકના પ્રશ્નો માટે લાક્ષણિક સ્થળ એવાં અમેરિકન શહેરોનાં ડાઉનટાઉનથી દૂર તથા શાંત, સલામત અને વૃક્ષમંડિત એવાં ઉપનગરોમાં રહે છે. તેઓ બાગ કે જમીન સહિતના ઘર (હાઉસ)માં રહે છે. ટાઉન હાઉસ, કોન્ડોલિયમ અને અપાર્ટમેન્ટમાં રહેતા ભારતીયોથી વધુ સંપન્ન છે. એ તો અપાર્ટમેન્ટમાં રહે છે, એવું ય 'હાઉસ' ધરાવતાં વર્તુળોની પાર્ટીમાં કોઈક અધકચરી નારી ધીરા સ્વરે બોલતી સંભળાય પણ ખરી! કોની પાસે 'લેકસસ' (એક

પ્રકારની ખૂબ મોંઘી કાર) છે, કોની પાસે BMW મર્સિડીઝ છે, લેટેસ્ટ ડિઝાઈનની કમ્ફર્ટેબલ વેન (van) છે, ને કોણ મઝદા કે ટોયોટોની 'યુઝ્ડ' કાર વાપરે છે તેની પણ પરોક્ષ રીતે નોંધ લેવાય! આવું હોટેલ-મોટેલ ઉદ્યોગમાં પડેલા ભારતીયોમાં ઓછું છે, હોલી ડે ઈન કે એવી ઉચ્ચ ધોરણની ફ્રેન્ચાઈઝ હોટેલ ચલાવનાર કે અનેક 'સ્યૂટ' (suites) વાળી મોટેલચેઈનના માલિક કુટુંબ અને મધ્યમ ધોરણની મોટેલ ચલાવનાર કે સ્ટોર યા ગૅસ સ્ટેશન રાખનાર પટેલ કુટુંબો વચ્ચે વર્તનમાં આવું અંતર જોવા મળતું નથી. તેમ જ પહેલાં સફળ વ્યવસાયીઓ (ડૉક્ટરો, એન્જિનીઅરો) અને સ્ટોર-મોટેલ ચલાવનાર વચ્ચે 'સ્પેશ્યલાઈઝેશન' (નાનાં વર્તુળનાં સામાજિક મિલનો) તેમજ પાર્ટીમાં નિમંત્રણ આપવા માટે જે સૂક્ષ્મ વર્ગભાવ વર્તાતો હતો, તે ઓછો થાય તેમ છેડા પર રહેલા ભારતીયો તેમના મધ્યપ્રવાહમાં ભળતાં જશે.

ભારતીય મુખ્યપ્રવાહના અગ્રણીઓ જે સંદર્ભમાં પોતાના આગ્રહો દોહરાવતા હતા, તે સંદર્ભ પણ ભૂલવા જેવો નથી. અમેરિકન સમાજમાં કેફી દ્રવ્યોનો અને દારૂનો વ્યાપક વપરાશ; જાતીય સંયમ કે નિયમનો સર્વથા થતો છેદ અને કૌટુંબિક ભંગાણ ઉપરાંત તરુણાવસ્થાથી જ ઊભરતો પરંપરા અને વડીલો સામેનો વિદ્રોહ - આ બધાની અસરથી પોતાની નવી પેઢી તેમજ નારીવર્ગને મુક્ત રાખવાની તેમની ચિંતા સમજી શકાય તેવી છે. વળી, 'ઇન્ડિયા ડે પરેડ'ના મુખ્ય યોજકોની વાતમાં પણ તર્ક હતો. આવી પરેડનાં આકર્ષક અને નાટ્યાત્મક દૃશ્યોને ન્યૂ યૉર્કના મોટા માર્ગોની બાજુએથી જોનાર બીજી પ્રજાઓમાં ભારતીયોની એકતા અને સંસ્કૃતિ વિશે વિધાયક છાપ ઊભી કરે તે જરૂરી હોય છે. ૧૯૯૦ના દસકામાં મધ્યભાગમાં શરૂઆતમાં ભારતીયોની વતનપરસ્તી પોષવા માટેનો તે મહત્ત્વનો પ્રસંગ હતો. વળી, બીજી (યુવા) પેઢીને 'સાંસ્કૃતિક શિક્ષણ' મળે તેનું તે જાહેર રૂપનું માધ્યમ બને તેવી પરેડ બને, તેવી અપેક્ષા પણ ખરી. ઉપરાંત, 'લેસ્બિગે' (Lesbigay) ખાતે નારીસંસ્થાઓમાં માનતાં કે તેમને ટેકો આપે તેવાં ભારતીયોની સંખ્યા ખૂબ નાની હતી.

પણ દર વર્ષે આવી પરેડમાં તેના યોજકો તેમને બાકાત રાખતા, તેમના વિરોધમાં પરેડની બહાર, પણ ત્યાં જ તેઓ મધ્યપ્રવાહના વર્ચસ સામે આકર્ષક સૂત્રો અને પહેરવેશ સાથે દેખાવો યોજતા, અને 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ' વગેરે છાપાઓમાં પણ આવા વિરોધ-પ્રદર્શનના ફોટાઓ સાથે હેવાલો છપાતા. ત્યારે યોજકોના શુભહેતુઓ છતા તેઓ બચાવાત્મક સ્થિતિમાં મુકાઈ જતાં! વળી, કાળક્રમે નારીવાદી સંસ્થાઓની સાચી વાત વધુ ને વધુ સ્વીકારાતી જાય છે. 'માનવી' વગેરે નારીસંસ્થાઓને મધ્યપ્રવાહનો સંપન્ન વર્ગ હવે સહાય કરતો પણ થયો છે. આથી આ વર્ષની 'ઇન્ડિયા ડે પરેડ'માં નારીવાદી સંસ્થાઓનો પણ સમાવેશ થયો. સાન ફ્રાન્સિસ્કોના 'બે એરિઆ'માં તો 'મૈત્રી' જેવી નારીસંસ્થા તેમજ 'ત્રિકોણ' જેવી સજાતીય સંબંધને માનનાર સંસ્થાને ત્યાંની 'ઇન્ડિયા ડે પરેડ'માં પહેલેથી જ ભાગ લેવા દીધો હતો. એટલે કે ભારતીય મધ્યપ્રવાહ વિચાર અને વર્ગને ધોરણે વધુ અનેકવિધ જૂથોને સમાવે તેવી પ્રગતિનાં એંધાણો જોવા મળે છે. તો, ભારત અને અમેરિકા જેવા વિવિધતાના ગુણ ધરાવતા બહુજાતિક, બહુસાંસ્કૃતિક મહાસમાજોની મર્યાદા અને શક્તિ આ ઘટનામાં જ છે ને!

અનુ.] **સંમુખ સાગરમઠ** [પૃ.૭૦૯થી

અંધારું હતું. ત્યારે બે લામાપ્રવાસીઓની ને યાત્રાળુઓની અવરજવરથી ધ્યાનભંગ કર્યા વગર એકચિત્તે એમનું હિસાબનું કામ કરતા રહ્યા.

એક તો પૂરતા અજવાળાનો અભાવ, ને બીજું કશું પકડીને ચાલવા જાઓ તો દીવાલો ને કઠેડા ખૂબ ચીકણા બનેલા હતા. યાત્રાળુઓના માખણવાળા હાથ વર્ષોથી ત્યાં લાગતા આવ્યા હતા. ને કદાચ ચીકાશથી ટેવાયેલા હતા, પણ અમારે બહુ સાચવીને હાથ, તેમજ પગ મૂકવા પડતા હતા. એક પછી એક જાણે અંત વગર ઓરડાઓ આવ્યા જ કરતા હતા. અને ઉપરનીચે જતી સાંકડી, અંધારી સીડીઓ. નાની નાની અગાશીઓની કોરે લામાઓને રહેવા માટેની નાની ઓરડીઓ હતી. બધે પથ્થર જડેલા. સગવડ કશી નહીં, પણ જ્યાં ને ત્યાં પાળીઓ પર લાલ 'જેરેનિયમ' ફૂલવાળાં કૂંડાં મૂકેલાં. એ જોઈને સ્નેહ અને કરુણાથી મન લીંપઈ જાય. જાણે અંત જ નહીં... ઓરડાઓ ચાલ્યા જ કરે. અને બારપંદર તો ત્યાં મંદિરો હશે. બધું જૂનું લાગે. છત પર બાંધેલા ચંદરવા, દીવાલ પર લટકાવેલાં વસ્ત્રચિત્રો અને પાથરેલી જાજમો તો પાંચસો-હજાર વર્ષ જૂનાં મનાય છે. કળાના વિરલ નમૂના જ વળી.

એક મંદિરમાં નાની નાની એક હજાર બુદ્ધપ્રતિમાઓ હતી. એટલા જ નાનકડા ગોખલા અને સાચવણી માટે મૂકી દીધેલું કાચનું આવરણ. એ બધા લાંબું જીવન બક્ષતા બુદ્ધ હતા. ગોખલાઓની નીચે વળીને ચારે બાજુ ચાલવાનું, જેથી સહસ્રબુદ્ધના આશીર્વાદ પ્રાપ્ત થાય. બીજું એક મંદિર સાવ નાનકડું હતું - ચાર બાય છ ફીટના નાના, અંધારા ઓરડા જેવું. પણ ટ્રેપુન્ગમાંનું જૂનામાં જૂનું, અને તેથી અતિપવિત્ર ગણાતું એ દેવગૃહ હતું. એમાં દેવ યમંતક - અથવા વજ્રભૈરવ - વિરાજમાન હતા. એમને નવ મસ્તક, ચોત્રીસ બાહુ અને સોળ પગ છે. તાંત્રિક પ્રથાના એ પ્રતિનિધિ છે અને ગેલુક પંથના એ ખાસ રક્ષક ગણાય છે.

આંખો ટેવાતાં મેં જોયું કે એક બાજુ એક વૃદ્ધ લામા બેઠા હતા. એમના હાથમાં લાકડાના લાંબા ખડ્ગ જેવું કશું હતું. નમન કરનારના માથા પર એને લામા ફેરવતા હતા. તરત હું પણ ઘૂંટણિયે પડી. એ ખડ્ગ મારા વાળમાંની પીનમાં અથડાયું, ને છેક પીઠ સુધી ફર્યું. એ પણ આશીર્વાદની એક રીત હતી, દેવ દ્વારા લેવાતી નોંધનું એમાં સૂચન હતું. □

લઘુકથા

મા-દીકરી

તરુલતા દવે

કિશોરાવસ્થાની ઉત્તરાર્ધે પ્રવેશી રહેલી દીકરીને શિખામણ આપતાં માએ કહ્યું, 'બેટા, ચોરી કરવી, ખોટું બોલવું એ પાપ છે. માટે ગમે તેવા સંજોગોમાં પણ આનાથી તો દૂર જ રહેવું. આ જમાનામાં તો ડગલે ને પગલે આવું બધું કરવાના સંજોગો ઊભા થતા જ રહે. પણ આપણે ધ્યાન રાખવું. મારું કહેવું તને સમજાય છે ને!'

દીકરી કશું બોલી નહીં. સાંભળી રહી. માની સામે જોઈ રહી. વળી, મા બોલી, 'બેટા, હું તારી મા છું એટલે જ કહું છું. મનમાં કશું ખરાબ કરવાનો વિચાર ન કરવો. કાલે તેં જે પિક્ચર જોયું એમાં પેલી સ્ત્રીએ કેવો હાર ચોરી લીધો! કેવી ખરાબ વાત! ને પછી જાણે જાણતી જ ના હોય એવું વર્તન હતું ને એનું! આવા સંસ્કારો તો મન ઉપર પડવા જ દેવા નહીં.' આટલું બોલી મા ચૂપ થઈ ગઈ.

માએ જોયું તો દીકરી પણ કશું કહેવા માગે છે. પણ એ કશું કહે એ પહેલાં જ મા બોલી, 'પેલી કમલ ખરીને? તારી બહેનપણી! એણે શું કર્યું ખબર છે? એની ચોપડી કોઈને આપી દીધી ને ઘેર આવીને જૂઠું બોલી કે ખોવાઈ ગઈ છે. અસત્ય ક્યાં સુધી છૂપું રહે? જેને ચોપડી આપી હતી એ જ બોલી ગઈ કે કમલે ચોપડી આપી છે. પોતે લઈ શકે એમ નહોતીને એટલે. આ તો કેવું થયું - દયા કરવા ગઈ ને પોતે જ ફસાઈ ગઈ! ને વળી ખોટાબોલાની છાપ પડી એ નફામા. માટે બેટા, ખોટું બોલીને ખાનગી રીતેય કોઈને મદદ કરવી નહીં. અરે, દયા પણ ન બતાવવી. ઘરનાંથી છાનું કરવા જઈએ તો પણ પાપમાં જ પડીએ.'

દીકરીને સમજાતું ન હતું કે આવું બધું કહીને આખરે માને કહેવું શું છે? એના મનમાં પડેલી કોઈ વાત કહેવા તો માગતી નથી ને? એની તો આવું બધું સાંભળીને આશ્ચર્યથી આંખો પહોળી થઈ ગઈ. પણ મા તો અત્યારે શિખામણનું પોટલું છોડીને બેઠી હતી. બોલી : 'સાંભળ, કોઈને છેતરવું અને અનીતિ કરવી એ પણ પાપ જ કહેવાય. એટલે એનાથી પણ દૂર રહેવું. નહીંતર કોઈને છેતર્યાનું દુ:ખ આપણામાં જ પસ્તાવો ઊભો કરે.'

દીકરી અકળાઈ ઊઠી. મા શા માટે આવી શિખામણો આપતી હશે? એણે માની સામે જોયું. મા હજુય કશું કહેવા જઈ રહી હતી. પણ દીકરીની આંખો જોઈને જ મૂક બની ગઈ. દીકરીની આંખોમાં પ્રશ્નોનું ઝુંડ ઊભરાયું હતું. એને પણ કહેવું હતું કે મા, ગરીબ શાકવાળીની લારીમાંથી રીંગણ ઉપાડીને ઝોળીમાં સિફતથી સરકાવી દઈએ એને શું કહેવાય? ને શાકવાળી પૂછે ત્યારે નામકર જઈને રૂપિયા બે રૂપિયાના શાક માટે ઝગડો કરી બેસીએ એને શું કહેવાય?

પણ એ મૂક રહી. ને મા પણ એના મૌનને જાણી ગઈ હોય એમ આગળ કશું યે બોલ્યા વગર ઊભી થઈ ગઈ. □

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

અમારી વિશિષ્ટ પદયાત્રા

તા.૧૦-૯-૭૦. તા. ૨૯-૮ને રોજ અલીઆબાડામાં આચાર્ય ડૉ. ૨. માંકડ (અમારા કુટુમ્બના 'માંકડકાકા')નું અવસાન થયું. રવિવારે મારાં પત્ની અને હું અલીઆબાડા ઉઠમણામાં ગયાં હતાં. પણ રવિવાર સાંજથી સૌરાષ્ટ્રમાં મુશળધાર વરસાદ શરૂ થયો. અલીઆબાડાથી રવિવારે રાત્રે નીકળીને રાજકોટ આવ્યાં. રાજકોટથી સોમવારે સવારે બસમાં અમદાવાદ આવવા માટે નીકળ્યાં. પેલો રવિવાર સાંજથી શરૂ થયેલો વરસાદ સુરેન્દ્રનગર જિલ્લામાં સતત ચાલુ જ હતો. સોમવારે સવારે ૮ વાગે અમારી બસ સુરેન્દ્રનગર પહોંચી ત્યારે ત્યાં જળબંબાકાર હતું. ઝમઝટ વરસાદ ચાલુ જ હતો તેથી બસ આગળ જાય તેમ ન હતું.

આમ, સોમવારે સવારે ૮ વાગે સુરેન્દ્રનગર પહોંચેલાં તે બુધવાર ૧૧ વાગ્યા સુધી ત્યાં રહ્યાં. દરમિયાન ૨૪ કલાક સુધી સતત વરસાદ પડતો રહ્યો. કુલ ૨૧ ઈંચ વરસાદ પડ્યો એટલે નદીનાળાં ઊભરાયાં. ભોગાવો નદી પરના બે બંધ - નાયકા બંધ અને ધોળીધજા બંધ - ઊભરાયા. રેલવે લાઈનમાં ૩૦ કિલોમીટર સુધી પાટા હવામાં લટકતા રહી ગયા અને નીચેથી કાંકરા, પથ્થર, માટી વહી ગયાં! પુલ તૂટી ગયા. બસ માટેના સરિયામ રસ્તા પણ તૂટી ગયા. સુરેન્દ્રનગર સમગ્ર દેશથી છૂટું પડી ગયું.

માંકડકાકાના ખરખરામાં ગયેલા યશવંત શુક્લ, રજિસ્ટ્રાર જે.એમ. મહેતા અને અમે બે એમ ચાર સમદુ:ખીઆં સુરેન્દ્રનગરમાં ભેગાં થયાં. બધી જ ટ્રેનો અટવાઈ પડેલી તેનાં હજારો મુસાફરો સ્ટેશનોમાં રોકાઈ રહેલાં. લાઈન ચાલુ થતાં ઘણી વાર લાગે એટલે છેવટે રેલવેવાળાઓએ સાથે મળીને એવી ગોઠવણ કરી કે સુરેન્દ્રનગરથી પાટે પાટે ચાલીને લખતર પહોંચી જવું. લખતરથી દુનિયા સાથે સંપર્ક સાધવો શક્ય હતો એટલે ત્યાંથી બધું થઈ રહેશે.

બુધવાર તા.૯-૯-૭૦ના રોજ સવારે ૧૧-૩૦ વાગે ચાલવાનું શરૂ કર્યું. નિસર્ગે વરેલી તારાજી જોતાં, વચ્ચે વચ્ચે પડતાં વરસાદનાં ઝાપટાંથી ભીંજાતાં, નાનાં સ્ટેશનો પર હેલિકોપ્ટરે નાખેલાં નાસ્તા પેકેટના સેવ-ગાંઠિયા ખાતાં ખાતાં, સાડા છ કલાકની દડમજલ કરી સાંજે ૬ વાગે લખતર પહોંચ્યાં અને ત્યાંથી ગ્રામ પંચાયતે કરેલી સગવડ પ્રમાણે ચા-નાસ્તો કરી એક ટ્રકમાં બેસીને કડુ ગયાં. કડુથી એસ.ટી. બસમાં વિઠ્ઠલગઢ.

વિઠ્ઠલગઢનું નાળું તૂટી ગયું હતું તે પગે ચાલીને પાર કરી સામે પાર ઊભેલી બીજી બસમાં ગોઠવાયાં અને વીરમગામ આવ્યાં. વીરમગામથી સ્પેશ્યલ બસની વ્યવસ્થા હતી તેમાં બેસીને રાત્રે ૧૨ વાગે પાલડી અને ૧૨-૩૦ વાગે ઘેર પહોંચ્યાં!

સુરેન્દ્રનગરથી લખતર સુધીની ૧૭ કિ.મી.ની આ અમારી (મારી તથા મારાં પત્નીની) પદયાત્રા અમારાં સહિયારા જીવનની વિશિષ્ટ યાદગાર ઘટના બની ગઈ!

પત્રમાં લખવાના તો ઘણા સમાચાર ઊભા થયા છે. જાણીતા નાટ્યકાર અને યુવક નેતા શ્રી જયન્તિ દલાલનું અવસાન થયું. તેમના વિશે મારે તમને લખવું હતું ત્યાં મુ.માંકડકાકાનું અવસાન થયું. તેમની વૈજ્ઞાનિક દૃષ્ટિ વિશે લખવું હતું ત્યાં ગુજરાત ઉપર આ રેલની આફત આવી અને એમાં અમે બરાબર વચમાં એટલે સમયસર આ પત્ર જ ન લખાયો. હવે તો બીજા પત્રે વાત.

આચાર્ય ડોલરરાય માંકડ

તા. ૨૮-૯-૭૦. એ વાત સાચી છે કે મારે અંગત કહી શકાય તેવા બહુ થોડા મિત્રો છે અને તેમાંથી ડૉ. ર. માંકડ



(મારાં કુટુમ્બીઓના માંકડકાકા) ચાલ્યા ગયા! એક રીતે વિચારીએ તો મારી અને માંકડકાકાની ઉંમરમાં ૧૬ વર્ષનો તફાવત. અમારા વિષયોમાં ઘણો ભેદ. છતાં આ મિત્રાચારી કેમ ઊભી થઈ હશે?

મોટી ઉંમરે જે દોસ્તી થાય તેમાં Emotional Attachment ઝાઝું ન હોય પણ બુદ્ધિગમ્ય સમાનતા તે માટે કારણભૂત હોય છે. મારી અને માંકડકાકાની બાબતમાં બુદ્ધિમાં ઊતરે એવી સમાનતા કઈ હતી તે વિષે વિચાર કરું છું ત્યારે ૧૯૫૦ના એ દિવસો યાદ આવે છે. માંકડકાકા પુરાણિક ક્રૉનૉલૉજિ નામના તેમના પુસ્તકની હસ્તપ્રત તૈયાર કરી રહ્યા હતા. આ હસ્તપ્રતની તેમણે મારી સાથે સર્વાંગી ચર્ચા કરી હતી અને ત્યારે મને થયું કે ભારતીય ઇતિહાસનું માંકડકાકાનું આ સંશોધન ઉપયોગાત્મક ગણિત (applied mathematics)ના સંશોધન જેવું હતું. ગણિતનો ઉપયોગ ફક્ત ભૌતિકવિજ્ઞાનનાં સત્યો સમજવામાં જ થાય છે અથવા અર્થશાસ્ત્ર અને સમાજનાં વહેણો સમજવામાં જ થાય છે એવું નથી. માંકડકાકાની પુરાણિક ક્રૉનૉલૉજિ વાંચીએ તો તેમાં પણ ગાણિતિક વિશ્લેષણ અને તર્કનો ભરપૂર ઉપયોગ મળે છે. અરે, ગણિતના વિશિષ્ટ વાક્યપ્રયોગો If, If and only if (તો, તો અને તો જ) વગેરે પણ તેમાં જોવા મળે છે.

પુરાણિક ક્રૉનૉલૉજિનું વિષયવસ્તુ કાંઈક આવું છે. આપણા પુરાણોમાં મનુવૈવસ્વતથી માંડીને મહાભારતના યુદ્ધ સુધીના રાજાઓની વંશાવળી આપેલી છે. મહાભારતના યુદ્ધ પછી સૂર્યવંશી અને ચંદ્રવંશી એમ બે જુદી વંશાવળીઓ આપેલી છે. વંશાવળીમાં રાજાઓનાં નામ છે. તે ઉપરાંત પુરાણોમાં મન્વન્તર પણ આપેલા હોય છે. પુરાણોમાં આપેલા આ મન્વન્તરો શું સૂચવે છે અને પુરાણોમાં જે ચાર યુગ (સત્, કૃત, દ્વાપર અને કલિ) આવે છે તે કેટલો સમય દર્શાવે છે તે નક્કી કરવાનો માંકડસાહેબે રસ્તો બતાવ્યો છે.

જુદાં જુદાં પુરાણોમાંથી માહિતી એકઠી કરીને તેમણે તારવ્યું કે મન્વન્તર = ચતુર્યુગ x ૭૦ + થોડાંક વર્ષો. આ 'વત્તા થોડાંક વર્ષો' તો જે રાજાના રાજ્યકાળમાં આ મન્વન્તરની ગણતરી થઈ તે ગણતરીના સમય સુધીમાં તે રાજાના રાજ્યકાળનાં વર્ષો આવે.

અને વધુ રસપ્રદ તો એ વાત છે કે આ ચતુર્યુગ એટલે પુરાણના ચાર યુગોનો સરવાળો (૪,૩૨,૦૦૦ વર્ષો) નહિ પણ ચતુર્યુગ એટલે ૪૦ વર્ષ. પુરાણમાં જે વંશાવળી આપી છે તેમાં જેમ રાજા થઈ ગયા તેમ નામ નથી આપ્યાં પણ દર ૪૦ વર્ષે એક રાજાનું નામ મૂકવું એ નિયમ પ્રમાણે રાજાનાં નામ ગોઠવેલાં છે. આમ, મનુ વૈવસ્વત અને કોઈ એક રાજા વચ્ચે ૩૦ રાજાઓનાં નામ હોય તો ૩૦ x ૪૦ = ૧૨૦૦ વર્ષનો સમયગાળો બે વચ્ચે ગયો તેમ ગણતરી કરવાનો પુરાણકારોનો રિવાજ હતો!

અને આ બધું માંકડકાકાને સૂઝ્યું ગ્રીક મુસાફર મેગેસ્થીનીસની એક નોંધ ઉપરથી. તેણે લખ્યું છે કે, 'Father Bachhus was the first who invaded India... from him to Alexander the Great, 6451 years are reckoned, the calculation being made by counting the kings who reigned in the interval to 153.' (ભારત પર પહેલો ગ્રીક આક્રમણકાર ફાધર બૅકસ હતો. ત્યાર બાદ ૬૪૫૧ વર્ષ પછી મહાન સિકંદરનું આક્રમણ થયું અને આ સમયગાળામાં થઈ ગયેલા રાજાઓની સંખ્યા ગણી તો ૧૫૩ થઈ અને તે ઉપરથી આ ૬૪૫૧ વર્ષનો આંકડો ગણી કાઢ્યો.)

આમ, મેગેસ્થીનીસના કાળમાં સમયગાળો માપવા માટે રાજાઓની સંખ્યાની ગણતરી કરવાનો રિવાજ હતો. તો પછી આ ગણતરી કરવાની રીત અને એક રાજા બરાબર કેટલાં વર્ષ તે પણ આપણાં પુરાણોમાંથી અભિપ્રેત થવું જોઈએ એમ ચિંતનથી શરૂ કરીને પુરાણોમાં સચવાયેલી મન્વન્તર ચતુર્યુગ પદ્ધતિ તેમણે ઊખેળી પ્રકટ કરી. ગણિતમાં પ્રતિજ્ઞાથી શરૂ કરી તર્કની મદદથી આખી વ્યવસ્થા ગોઠવી લેવાય છે તેવું જ માંકડકાકાનું આ સંશોધન હતું. આમ, અમારા બન્નેના વિષયો ઉપર ઉપરથી ભલે ભિન્ન દેખાતા હોય, પરંતુ વિશ્લેષણ અને તાર્કિક નિગમન (Logical Deduction)ની રીતનો અમે બન્ને ઉપયોગ કરવાને ટેવાયેલા. તેથી જ તો અમારા બે વચ્ચે મિત્રાચારી ઊભી થઈ હતી!

ભવાઈ શૈલીનું દ્વિઅંકી નાટક

હાથીરાજા

પ્રવીણ પંડ્યા

અંક બીજો

[અસાઈત અને માંડણ ગાતાંગાતાં મંચ પર પ્રવેશે છે.]

ગીત :

ગઢમાં રાજા એશ કરે છે
રૈયત દુઃખમાં સબડે.
ભીતર ભડભડ સળગે સઘળા
અને હોઠમાં બબડે.

સહુને વ્હાલો સ્વાર્થ બન્યો છે
જાય ભરતપુર ખાડે.
હે જૂઠ અનીતિ પાપ વહે છે
લોહી બનીને નાડે.

સહુમાં લોહી બનીને નાડે
રે સહુમાં લોહી બનીને નાડે.

અસાઈત : ખરા છે મારા બેટા.

માંડણ : કોણ?

અસાઈત : ભરતપુરના રાજા અને એમના સેવકો. માળા સેવકો બામણોનેય છેતરે છેં!

માંડણ : તેં શું કામ છેતરે છે? ભરતપુરમાં રાજા કેવી રીતે નક્કી થાય છે કહો જોઉં ?

અસાઈત : રાજા તો હાથણી કળશ ઢોળીને નક્કી કરે છે..

માંડણ : આ ખરું હોં બાપા. રાજ્ય ચાલે હાથણીપ્રથાથી અને તંત્ર પાસે છે હાથીના દાંત - બતાડવાનાય જુદા અને ચાવવાનાય જુદા!

અસાઈત : મારા બેટા દાંડ છે દાંડ. આખું તંતર આવા ગઠિયાઓથી ભરેલું છે.

માંડણ : અને રૈયત બધું સાંખી લે છે.

[હાથણી મંચ પર પ્રવેશે છે. માંડણ વિસ્મયથી હાથણીને જોઈ રહે છે.]

માંડણ : બાપા, આ શું?

અસાઈત : અરે, આ તો હાથણીમાતા છે. આપણું રાજ્ય આમનાથી જ તો ચાલે છે. જ્યારે જ્યારે રાજસિંહાસન ખાલી પડે છે ત્યારે ત્યારે આ હાથણીમાતા સૂંઢમાં કળશ ધારણ કરીને નીકળે છે અને પછી એ જેના માથે કળશ ઢોળે એ રાજા થાય છે. આજકાલ ઘણાં બધાં રાજ્યોમાં રાજા આ જ પદ્ધતિથી નક્કી થાય છે.

માંડણ : લે... આ એ હાથણીમાતા છે! હું તો ઓળખી જ ન શક્યો. માફ કરજો હોં માતા, આ તો તમે આ તરફ ક્યારેય આવતાં જ નથી ને એટલે ઓળખાણ ક્યાંથી પડે?

અસાઈત : અરે આ તો બહુ સમર્થ માતા કહેવાય. એની કૃપાથી જ તો રંક રાજા થાય છે. લાગે છે કે એ આપણાં દુઃખ દૂર કરવા આપણી વચ્ચે આવ્યાં છે. માતાજી, અમે ભરતપુરના લોકો બહુ દુઃખી છીએ.

માંડણ : હા માતાજી. આ રાજાના તંતરથી અમે ગળે આવી ગયા છીએ.

અસાઈત : અમારી વહારે ચઢો માવડી.

[હાથણીની ચાલ મંદ છે. એની ક્રિયામાં માંદગી અને કંટાળો છે.]

હાથણી : બેટા માંડણ. મારું એક કામ કરને!

માંડણ : હુકમ કરો, માતાજી. તમારા માટે તો હું જીવ દેવા પણ તૈયાર છું!

હાથણી : જીવ તો બહુ મોટી વાત છે, દીકરા. જો ને, મારા આખા શરીર ઉપર બગાઈઓ બણબણે છે. લોહી ચૂસે છે મારું. મને એક પળનીય નિરાંત નથી. માંડણ થોડીવાર બગાઈ ઉડાડને. મારો ભાઈ કરું!

માંડણ : બગાઈ. તમારા શરીર ઉપર! પણ દુબળી ગાયને બગાઈઓ વળગે, તમે તો...

હાથણી : મારી હાલત દુબળી ગાય કરતાંય ખરાબ છે, મારા ભાઈ. થોડી વાર બગાઈ ઉડાડને, મારી આંતરડી ઠરશે. તને મુજ અબળાના આશીર્વાદ ફળશે.

[અસાઈત તથા માંડણ પોતાના ખેસથી બગાઈઓ ઉડાડે છે.]

અરેરેરે. આ બગાઈઓએ તો કાળો કેર વર્તાવ્યો. ઠેઠ હાથણીમાતા સુધી પહોંચી ગઈ! પણ હે માતા! તમારી સેવા માટે તો કેટલાય હસ્તિનીપાળો છે, રાજા છે, રાજાનું આખું તંતર છે!

હાથણી : બગાઈઓય છે! કોણ જાણે આ રૌરવ નરકની પીડામાંથી હું ક્યારે છૂટીશ.

માંડણ : પણ તમને બગાઈઓથી છોડાવવાનું કામ તો રાજા જ કરી શકે. તમે એમને કળશ ઢોળીને રાજા બનાવ્યા છે.

હાથણી : ભાઈ, મારો અને રાજાનો સંબંધ હવે કળશ ઢોળવા પૂરતો જ રહ્યો છે. એય એક જમાનો હતો. હું કળશ ઢોળીને જેને રાજા બનાવતી એ રાજા આઠે પહોર મારી સેવા કરતો. મને એકાદ છીંક આવેને તોય એની બચારાની ઊંઘ હરામ થઈ જતી. પણ એ તો રાઈના ભાવ રાતે ગયા. કાળ ગયો ને કહેણી રહી. હવે તો કળશ ઢોળાયા પછી તું કોણ ને હું કોણ? [નેપથ્યમાંથી સાંઢનો અવાજ. હાથણી ગભરાય છે.]

હાથણી : મારે હવે ભાગવું પડશે. પેલો માતેલો સાંઢ આવી રહ્યો છે, એ મને શિંગડે ભેરવે છે.

અસાઈત : તો એ સાંઢને રાજા કે સૈનિકો કોઈ રોકતા કેમ નથી?

હાથણી : અહીં મારી પડી છે કોને, મારા ભાઈ!

['ભાગજો સાંઢ આવે છે.' એવી બૂમાબૂમ કરતાં ગજાધર અને ભગો પ્રવેશે છે.]

ગજાધર : નસ્કોરાં ફુલાવતો, શિંગડાં ઉલાળતો સાંઢ આખા ગામ માથે ફરી વળ્યો છે. એણે આખેઆખા બજારને ધમરોળી નાખ્યું છે.

વિદ્યાધર : એને કોઈ લજ્જા-પ્રેમ, દયા કે કરુણા જેવું છે જ નહિ. છિન્નભિન્ન કરી નાંખી છે પાઠશાળાઓ. ત્રાહિમામ, ત્રાહિમામ.

ભગો : રોટલા રઝળી પડ્યા છે, અમારાં માઈબાપ. સાંઢની બીકે ઘરમાંથી દાણાપાણીનો જોગ કરવા ય બહાર નથી નીકળી શકાતું. અમારામાંના કોઈકને છાતીમાં શિંગડાં ભરાવીને મારી નાખ્યા છે આ સાંઢે. શું કરીએ? ક્યાં જઈએ?

માંડણ : શું, શું કરીએ, ક્યાં જઈએ? બધાં ભેગાં મળીને સાંઢનો મુકાબલો કરો અને ધૂળ ચાટતો કરી દો એને.

[સાંઢ પ્રવેશે છે.]

હાથણી : બચાવો, બચાવો, કોઈ તો મારી વહારે ચઢો!

[સાંઢ અને હાથણી એકમેક સામે ગોળ ફરે છે.]

ભગો : [મોટેથી]

જય જય જય હનુમાન ગુંસાઈ,
કૃપા કરો ગુરુદેવકી નાઈ.
ભૂત-પિશાચ નિકટ નહીં આવે,
મહાબલી જબ તું નામ ન સુનાવે.

વિદ્યાધર : ગજાધર આ સાંઢને રોકને.

ગજાધર : મને છેલ્લા અઠવાડિયાથી ઝાડા થયા છે, શરીર સાવ નંખાઈ ગયું છે. વિદ્યાધર, તું જાને.

વિદ્યાધર : મારે આજકાલ અનુષ્ઠાન ચાલે છે. હિંસા આચરું તો પાપ લાગે. માંડણભાઈ, તમે જાવને.

ગજાધર : હાથણીમાતાની રક્ષાનો પ્રશ્ન છે.

વિદ્યાધર : તમારા જેવા પરાક્રમી સપૂત હોય અને ભરતપુર રાજ્યમાં સાંઢ હાથણીમાતાને રંજાડી જાય?

અસાઈત : હું જાઉં છું, માંડણ.

માંડણ : હું છું, બાપા. હું જઈશ સાંઢનો સામનો કરવા.

[માંડણ હાથણીને સાંઢ સામેથી હટાવી પોતે સાંઢનાં શિંગડાં પકડી ગોળગોળ ફરે છે. ગજાધર, વિદ્યાધર અને ભગો ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ આંખ-કાન અને મોં બંધ કરીને બેસી જાય છે. માંડણ સાંઢને ગોળગોળ ફેરવી મંચ પરથી ભાગી જાય છે. એની પાછળ સાંઢ પણ જાય છે.]

અસાઈત : તમે આમ જ તાબોટા પાડતા બેસી રહેજો.

હાથણી : જો આ લોકોમાં જરા જેટલી ય બહાદુરી હોત તો શું મારી આ દશા હોત? મને ભરતપુરનમાં લાવનાર આમના પૂર્વજો અત્યારે ઉપર બેઠા બેઠા પણ શરમાતા હશે. એ તો બચારા હાથણીપ્રથા સ્થાપીને ગયા અને અહીં ભરતપુરમાં શરૂ થઈ ગાજર અને સાંઢની રાજનીતિ.

અસાઈત : ગાજર અને સાંઢની રાજનીતિ?

હાથણી : હા અસાઈત, ગાજર અને સાંઢની રાજનીતિ. શું આ કનકનંદનને મેં કળશ ઢોળીને રાજા બનાવ્યો છે?

અસાઈત : તો એ રાજા બન્યો કેવી રીતે?

હાથણી : અસાઈત. જે દિવસે હું કળશ ઢોળવાની હતી એ દિવસે કનકનંદને આખા ભરતપુરમાં ગાજર વહેંચ્યાં હતાં ગાજર. પ્રજા ગાજરના કેફમાં મસ્ત હતી અને કનકનંદનનો જયજયકાર કરતી હતી. તોય હું તો એના પર કળશ ન જ ઢોળત. પૂણ... પણ...

અસાઈત : પણ શું, હાથણીમાતા!

હાથણી : એણે હિંસક, સશક્ત, મદાંધ સાંઢને મારા પર છોડી મૂક્યો. એ સાંઢે મને વિવશ કરી. આ બધાં જોતાં રહ્યાં, અને એણે બળપૂર્વક પોતાના માથે કળશ ઢોળાવ્યો અને એમ એ રાજા થયો!

અસાઈત : હોય નહિ, માતા! શું વાત કરો છો?

હાથણી : હા, અસાઈત. આ છે હાથણીપ્રથાનું કડવું સત્ય!

માંડણ : [હાથમાં સાંઢનું માસ્ક મસ્તકની જેમ પકડીને પ્રવેશ કરે છે.]અને આ છે ભરતપુરમાં પરાક્રમ પ્રકટી રહ્યું છે એનું પ્રમાણ!

અસાઈત : સાંઢ મરાયો, માંડણ! વાહ, તેં તો મારું નામ રાખ્યું! [ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ બેઠેલા ગજાધર, વિદ્યાધર અને ભગો ઊઠે છે. સાંઢનું માથું જુએ છે.]

ગજાધર : તમે માર્યો આ સાંઢને? તમારું તો મોતીઓથી સ્વાગત કરવું જોઈએ?

વિદ્યાધર : તમારા નામની તો પાઠશાળાઓ ખૂલવી જોઈએ. ઇતિહાસના પુસ્તકમાં વીર માંડણ એવો પાઠ હોવો જોઈએ!

ભગો : પરાક્રમી વીર માંડણનો જય હો!

[ગજાધર, વિદ્યાધર અને ભગો માંડણને ખભે ઊંચકીને એનો જયજયકાર કરતાં મંચ પર ફરે છે, હાથણી પાસે આવે છે.]

હાથણી : બેટા માંડણ, થોડી વાર બગાઈ ઊડાડને!

અસાઈત : બંધ કરો આ જયજયકાર. તમને આ સિવાય કાંઈ આવડતું નથી? રાજા આવે તો એનો જયજયકાર, હાથણીમાતા આવે તો એનો જયજયકાર, મારા જેવો માણસ નાનું અમથું પરાક્રમ કરે તો એનો જયજયકાર! તમારાં લોકોનો જન્મ શું 'જય હો જય હો' કરવા જ થયો છે ?

માંડણ : આ હસ્તિની, હાથણી, તમે એને માતા ગણો છો માતા. એની પૂજા કરો છો, એ તમને કળશ ઢોળીને રાજા આપે છે, અને આ કળશ ઢોળવાની પ્રથા પણ કેમ આવી? આપણને લોહી વહાવ્યા વિના આપણી ઇચ્છા પ્રમાણેનો રાજા મળે એટલા માટે. ભરતપુરનો અદનામાં અદનો માણસ પણ સુખચેનથી જીવી શકે એટલા માટે. આ હથણી તો સમર્થ હોવી જોઈએ, સર્વોપરી હોવી જોઈએ. પણ એ અશક્ત - વિવશ અને લાચાર છે. એના પર પારાવાર બગાઈઓ જામી છે. લોહી ચૂસી લેતી પારાવાર બગાઈઓ અને તમે ઊંધું ઘાલીને જય હો જય હો કરી રહ્યા છો. ગળામાં ગાજર બાંધીને આંખ-કાન અને મોઢું બંધ રાખીને ફરી રહ્યા છો. જાવ, ચાલ્યા જાવ અહીંથી. જય હો... જય હો...

[ગજાધર - વિદ્યાધર અને ભગો જાય છે.]

અસાઈત : બેટા માંડણ, માંડણ.

માંડણ : બાપા, આ ભરતપુરના હાલહવાલ અને હાથણીમાતાની સ્થિતિ જોઈ હું અંદરથી હચમચી ગયો છું.

અસાઈત : માંડણ,

હિંમતવાળો જુવાન થઈને આંસુ શાને સારે?
અંધારું છે આજે સૂરજ ઊગશે કાલ સવારે.

માંડણ : હસ્તિનીની દશા જોઈ હું રોમરોમ પિડાયો.
બાપુ રોમરોમ પિડાયો.
વિવશ અને લાચાર બન્યો છું હું ધરતીનો જાયો.
પ્હાડ હોત તો તોડી નાખત,
પશુ હોત તો નાથત.
કાળ વચોવચ હું ઊભો
લૈ' ઓળા સરખી આફત,
બાપુ ઓળા સરખી આફત.

[ક્રોધથી શ્રાપ ઉચ્ચારતો હોય એવી રીતે]

હસ્તિનીને પીડશે જે
તે અંતરિયાળ મરાશે.
એને પૂજશે તેનું મૃત્યુ
ઉત્સવ થૈ ઉજવાશે,
અહિંયાં ઉત્સવ થૈ ઉજવાશે.

[ક્રોધિત મુદ્રામાં રાજા પ્રધાન સાથે પ્રવેશે છે.]

કનકનંદન : અંતરિયાળ મરીશ હું, ને તું ઉત્સવ જેવું મરશે?
તારો અંત થશે એવો કે જોઈ બધાં થરથરશે.
બે બદામના માંડણ, તેં તો સત્તા મારી ભાંડી છે!
હસ્તિનીનું નામ લઈને અંધાધૂંધી માંડી છે.

માંડણ : બે બદામના માંડણથી તારી સત્તા લોપાશે,
વિષવૃક્ષનો નાશ થશે ને કલ્પવૃક્ષ રોપાશે,
રાજા, કલ્પવૃક્ષ રોપાશે.

કનકનંદન : પ્રધાનજી, આજ ક્ષણે આ ભવાયાનું માથું ધડથી અલગ કરો. [પ્રધાન ખુલ્લી તલવારે માંડણને મારવા જાય છે. માંડણ હાથણી પાસે બેસી જાય છે.]

માંડણ : રક્ષ, રક્ષ, હે માત હાથણી! હું છું તારો જાયો;
મોત થશે મારું તો તમને ભજશે કોણ ભવાયો.
રક્ષ, રક્ષ, હે માત હાથણી,
રક્ષ, રક્ષ, હે માત હાથણી!

[વીજળીના ચમકારા અને મેઘગર્જના થાય છે. હાથણી માંડણ પાસે ઊભી રહે છે.]

હાથણી : મને જે રક્ષે, એની હું કરું છું રક્ષા સર્વદા,
માંડણ અને હું બે હવે રહ્યા નથી જુદાજુદા.
હતી હું માત્ર હાથણી, તમારો ભાર વેઠતી,
હુકમ તમારો થાય તેમ ઊઠતી ને બેસતી.
હવે છું લોકમાત હું, અને ભળી છું લોકમાં,
પ્રજા લઈ ઊભી છું હું હવે સમયના ચોકમાં.

કનકનંદન : લોક. [અટ્ટહાસ્ય]

લોક ગણે છે જેને તું એ કઠપૂતળી છે મારી,
જેના રોમરોમ વહે છે સ્વાર્થ અને લાચારી.
સ્વકેન્દ્રી આ લોક તને દેશે શેનો આધાર?
રાજતંત્રની શક્તિ છે કે ઊંચકે તારો ભાર?
મૂર્ખ નથી કે તને મારીને નાશ નોતરું મારો?
કળશ ઢોળવા રાજ ચલવવા મારે ખપ છે તારો.
તારી પાસે માત્ર ભવાયા કેવી રીતે લડશે?
એ રીબાશે તું રીબાશે મોજ બધાંને પડશે.

હાથણી : રાજા, હું કળશ ઢોળીને રાજા નિમનાર હાથણી છું
માંડણ મારો અંશ છે. હું એને ભરતપુર રાજ્યમાં
રહેવાનું અને ભવાઈ રમવાનું અભયવચન આપું છું.

કનકનંદન : ભવાઈ ! [માંડણને]

આભ ફાટતાં કહે થીંગડું કેમ કરી દેવાશે?
હકીકતોથી નથી થયું તો ભવાઈથી શું થાશે?

માંડણ : ભવાઈ મારી ઢાલ છે રાજા, ભવાઈ છે હથિયાર.
ભવાઈની પાસે છે રાજા, લોકોનો આધાર.
લોકોની વચ્ચે આ માંડણ, જોમ બની ફેલાશે.
એક દિવસ તારા આ ગઢનો ભરભર ભુક્કો થાશે.
રાજા તારો ભુક્કો થાશે,
તારા ગઢનો ભુક્કો થાશે.

કનકનંદન : નહીં તૂટે જો મારો ગઢ, તો આણ માનજે મારી,
પછી હાથણી ગઢમાં રહેશે, ગુલામ બનશે મારી.

ભવાયા, આ ભરતપુરની ઊબડખાબડ જમીન ઉપર નાચીનાચીને તારા ડૂચા નીકળી જાશે. કાંઈ નહીં થાય સમજ્યો? હા, ગઢમાં આવ ક્યારેક. સંગેમરમરની ફર્શ ઉપર નાચ મસ્તીથી. રાજદરબારમાં તારી કલાની કદર થાશે, સમજ્યો! તારું ઘર સુખ અને સમૃદ્ધિથી છલકાઈ જાશે. બાકી હાથણીને ભજવામાં રહીશ ને તો જઈશ સોળના ભાવમાં. બોલ તાક થૈયા થૈયા તાક થૈ. એલા હાલો.

[રાજા અને પ્રધાન જાય છે. માંડણ અને અસાઈત ગીતા સાંભળતા અર્જુનની મુદ્રામાં હાથણી પાસે બેસે છે.]

માંડણ : માતા, અમે કોઈ રથી, મહારથી કે અતિરથી નથી.

અસાઈત : અમે તો સાધારણ ભવાયા છીએ ભવાયા.

માંડણ : આવડી મોટી લડાઈ અમારાથી કેમ લડાશે? ટેક તો લીધી છે, હોડ તો બકી છે રાજા સાથે, ખબર નથી કે શું થાશે?

અસાઈત : હે લોકમાતા.

હાથણી : અસાઈત, માંડણ, તમે સાધારણ માણસો નથી. તમારું મૃત્યુ પણ સાધારણ નહીં હોય. તમે એકલા નથી, તમારી સાથે તમારો સમય છે. તમારી સાથે છે તમારી અંદર પડેલા શુભ અને સત્ય. તમારી સાથે હું છું હું!

[શંખ અને નગારાના ધ્વનિ સાથે હાથણીનું દિવ્ય-વિરાટ સ્વરૂપ પ્રકટે છે.

માંડણ અને અસાઈત હાથણીનું દિવ્ય-વિરાટ સ્વરૂપ જોઈ રહે છે.]

અસાઈત : હે લોકમાતા, આ રાજાનો અંત શેં આવશે? ક્યારે ભરતપુરની પ્રજામાં સત્યનો ઉદય થશે ? ક્યારે તમારા પરની બગાઈઓ દૂર થશે અને આખા ભરતપુર રાજ્યમાં તમારો પ્રભાવ પથરાશે?

હાથણી : અસાઈત, માંડણ, રાજા પોતે રચેલા પ્રપંચી તંત્રના ગઢમાં સુરક્ષિત છે. એ ગઢમાંથી જ મારું લોહી ચૂસતી બગાઈઓ જન્મે છે, જે મને નિર્બળ-નિસ્તેજ અને લાચાર બનાવે છે. જ્યારે સમગ્ર ભરતપુરની પ્રજા જાગશે ત્યારે પ્રજાની દુર્બળતા નાબુદ થશે, જ્યારે દૂર દૂર જંગલમાં અને ગામડાંમાં વસતાં લોકોનાં હૃદયમાં મારા માટે પ્રેમ અને શ્રદ્ધા જાગશે, જ્યારે લોકો ગળે બાંધેલાં ગાજરો ફગાવશે, જ્યારે પ્રજા નિઃસ્વાર્થભાવે, તટસ્થતાથી નિર્ભય બનીને મારો સ્વીકાર કરશે, ત્યારે રાજાનો પ્રપંચી ગઢ તૂટશે. એનો અને એના પ્રપંચી તંત્રનો અંત આવશે. મારા પરની બગાઈઓ દૂર થાશે. હું મારું મૂળ સ્વરૂપ પામીશ. પણ આ દાખલો ખૂબ અઘરો છે.

અસાઈત : માતા, તમે માર્ગ બતાવ્યો છે એટલે અઘરો દાખલો પણ સરળ થઈ જાશે.

અસાઈત અને માંડણ : [બન્ને ગાય છે.]

અઘરું સાવ સરળ કરનારા અમે ભવાયા છૈયે,
ચાચરમાં જ ત્રણેત્રણ લોકને અમે બતાવી દૈ'યે.
હવે ભવાયા ખેલી જાશે છેલ્લી એક ભવાઈ,
દાવ રમાશે એવો કે નૈ પર્વત રૂહે નૈ રાઈ.
નૈ પર્વત રહે નૈ રાઈ,
નૈ પર્વત રહે નૈ રાઈ...

[અસાઈત-માંડણ અને હાથણી મંચ પરથી જાય છે. સકળસેન તથા અકળસેન 'સાંભળો સાંભળો' બોલતા પ્રવેશે છે.]

બન્ને : સાંભળો, સાંભળો, સાંભળો. મહારાજાધિરાજ કનકનંદન તરફથી, હવે ગાયની યોજનાની સાથેસાથે, ચારો આપવાની યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના, ભરતપુરમાંથી ગરીબી દૂર કરવા માટેની યોજના છે. સાંભળો, સાંભળો, સાંભળો.

સકળસેન : અકળસેનજી, પ્રજાજનો કેમ દેખાતાં નથી?

અકળસેન : હું પણ એજ વિચારું છું! સાલું, ભરતપુરમાં કાંઈક રંધાતું હોય એવું લાગે છે!

સકળસેન : શું?

[ગજાધર અને વિદ્યાધર દોડતા દોડતા મંચ પર પ્રવેશે છે.]

ગજાધર : ગજબ થઈ ગયો સકળસેનજી!

વિદ્યાધર : પૃથ્વીનો જાણે પ્રલય થવા બેઠો છે.

ગજાધર : અસાઈત, માંડણ અને એમના ભવાયાઓએ આખા ભરતપુરને ઉપરતળે કરી નાખ્યું છે.

વિદ્યાધર : એ લોકો ઠેરઠેર ભવાઈ ભજવી રહ્યા છે. ભવાઈ, તુચ્છ નાટ્યપ્રકાર!

ગજાધર : અને એમની ભવાઈમાં મહારાજની અને મહારાજના તંત્રની મજાક ઉડાવી રહ્યા છે.

વિદ્યાધર : ભવાઈ વડે પ્રજાને ઉશ્કેરી રહ્યા છે દુષ્ટ ભવાયાઓ. કલાનો આટલો બધો દુરુપયોગ! કલા તો કેટલી પરમ અને પવિત્ર વસ્તુ છે? એને આટલી બધી તુચ્છ બનાવી મૂકી ભવાયાઓએ! [નેપથ્યમાંથી ભૂંગળનો બુલંદ નાદ પ્રકટે છે. અસાઈત એની સાથે ભવાઈપાત્ર સ્વરૂપે પ્રવેશે છે.]

ભવાઈ : હું ભવાઈ છું, લોકકલા છું. રમું સમયની સાખે,
આરપાર હું સમાજ આખો જોતી મારી આંખે.
હું છું દર્પણ, મારી અંદર સહુનો સાચો ચહેરો,
રાજા-રૈયત, કુદરત-કાળ, એ સૌ પર મારો પહેરો.
તુચ્છ મને તું ગણે એટલે તુચ્છ નથી હું થાતી,
મતિ ભ્રષ્ટ તારી છે તેથી નથી તને સમજાતી.

ગજાધર : તો તું ભવાઈ છે ભવાઈ! ગામડિયાઓના મનોરંજનનું સાધન!

વિદ્યાધર : આ સમયમાં તારું મહત્ત્વ શું છે? આજે બધું જ રાજસત્તાની આણમાં છે આણમાં. સર્વ વિદ્યાઓ, ધર્મ, સંસ્કૃતિ, કલા, બધું જ રાજસત્તાના આશ્રયે છે સમજી. રાજનીતિ અને રાજસત્તાની સર્વોપરિતાને કોઈ નકારી શકતું નથી ત્યારે તું નકારે છે, તું? લોકકલા! ભવાઈ!

ભવાઈ : હું આકાશની મુક્તિ છું, હું પવનનું ગીત છું. હું તાપ છું અગ્નિનો. હું ખળખળ વહેતું નિર્બંધ જળ છું. હું તને આધાર દેનારી ભૂમિ છું ભૂમિ. હું કોઈનીય ગુલામ નથી. મારા પર કોઈનુંય આધિપત્ય નથી. રાજદરબારોની ઝાકઝમાળ પણ અંજાઈને નિસ્તેજ બની જાય છે મારી સામે અને કોઈક અદના માણસના મનના ખૂણે પ્રકટું છું ત્યારે કોટીકોટી સૂર્યનો પ્રકાશ પથરાઈ જાય છે એના મનમાં. હું સંપૂર્ણપણે જેનામાં પ્રકટું છું એ મનુષ્ય કાળથી પણ પર થઈ જાય છે. આ ક્ષણે હું પ્રકટી છું પૂર્ણપણે આ અસાઈતમાં, માંડણમાં. તમારે જોવો છે મારો પ્રભાવ? તો જુઓ!

[અસાઈત ચારે દિશામાં ભૂંગળ વગાડે છે. નેપથ્યમાંથી 'જાગો, જાગો' ગીતની ધૂન સંભળાય. માંડણ અને પ્રજાજનો ગીત ગાતાંગાતાં મંચ પર પ્રવેશે છે.]

ગીત : [કોરસ]

જાગો, જાગો, જાગો, ઓ ભરતપુરનાં લોકો,
રાજાને ભજવાનું છોડી હવે હાથણી પૂજો... જાગો...
સકળ-અકળની લીલા, વિદ્યા-ગજાની માયા,
રગદોળે છે રાજા, આ ભરતપુરની કાયા... જાગો...
રાજા કરતાં રૈયત મોટી છે આ કાળે,
ગઢના ઠેકેદારો, જાત હવે સંભાળે... જાગો...

સકળસેન : આ શું તાયફો માંડ્યો છે?

કોરસ : ચૂપ!

એક : કોણ છો તમે?

બે : આટલા જાડાપાડા કેમ છો?
ત્રણ : રૂઆબ શેના ઝાડો છો?
ચાર : કેટલી હવેલી બાંધી છે?
એક : ઘરવાળી કેટલી રાખી છે?
[સકળસેન-અકળસેન, ગજાધર-વિદ્યાધર ચારે બઘવાયેલા છે.]
બે : ભાગો અહીંથી.
ત્રણ : અમને છેતરો છો?
ચાર : ઘાણીએ ઘાલીને તેલ કાઢીશું.
કોરસ : ભાગો ભાગો ભાગો. ઓ ગઢ અંદરના લોકો.
ગાજરને ભજવાનું છોડી હવે હાથણી પૂજો... ભાગો...
[રાજા કનકનંદન પ્રધાન સાથે ક્રોધિત મુદ્રામાં પ્રવેશે છે.]
કનકનંદન : વિરોધનો આ સાદ અમારો કોપ વ્હોરશે આજે.
અમે એમ વર્તીશું, જેવું રાજમૂકુટને છાજે.
રાજા છું ગાદી પર બેસી, ને હું રાજ કરું છું,
મારી સામે થાય છે એને હું તારાજ કરું છું.
ધારું એને હું ઝુકાવું મારી સત્તા પાસે,
વિરોધીઓને આપું છું હું પીડા શ્વાસે શ્વાસે.
માંડણ : પીડા સઘળી પાર કરીશ હું, ગઢ તોડીને જંપીશ,
તારી આંખમાં કણું બનીને કાયમ માટે ડંખીશ.
મરવું એ તો એક સત્ય છે, એના ભયથી પર છું.
કલાકાર છું રાજા હું, ને ત્રણે કાળથી પર છું.
કનકનંદન : કલાકાર છું?
ભવાઈના જોરે તેં બળવાનો અગ્નિ ફૂંક્યો છે.
તેથી તારી ભવાઈ માથે પ્રતિબંધ મૂક્યો છે,
આજે પ્રતિબંધ મૂક્યો છે. હું, ભરતપુરનો રાજા
કનકનંદન, રાજ્યમાં શાંતિ જળવાય એ માટે, આજથી ભવાઈ ભજવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. ભરતપુર રાજ્યમાં જે કોઈ ભવાઈ ભજવશે તે દેહાંતદંડની સજાને પાત્ર બનશે. આજથી આ રાજ્યમાં ભવાઈ ભજવવી સંગીન અપરાધ ગણાશે.
[પ્રધાન ભવાઈના માથા ઉપર કાળું કપડું નાંખે છે અને ગળા પર દોરી બાંધી બુરખાની જેમ ભવાઈનો ચહેરો ઢાંકી દે છે.]
માંડણ : ભવાઈ માથે રોક લગાવી ચીંધ્યો છે તેં રસ્તો,
અમે વાળશું જવાબ એનો ભવાઈથી સણસણતો.
પ્રણ લઉં છું કે ભવાઈ ભજવી તારો ગઢ હું તોડીશ,
તને ઉખાડીને પાયો હું લોકરાજનો ખોડીશ.
પાયો લોકરાજનો ખોડીશ. રાજા, તેં ભવાઈ ઉપર પ્રતિબંધ મૂક્યો છે ને? તો આ માંડણ, ભરતપુરની પ્રજા સામે, એવી પ્રતિજ્ઞા કરે છે કે આજથી આઠ દિવસ પછી શરદપૂનમના દિવસે, હું તારા રાજદરબારમાં જ આવીને ભવાઈ ભજવીશ અને ભવાઈ ભજવતાં ભજવતાં તારો ગઢ તોડીશ.
કનકનંદન : હું ભરતપુરનો રાજા કનકનંદન, ભરતપુરની પ્રજા સામે એવી જાહેરાત કરું છું કે જો માંડણ શરદપૂનમને દિવસે, રાજદરબારમાં આવી ભવાઈ ભજવશે તો એને ત્યાં ને ત્યાં ફાંસીની સજા ફટકારીશ. એને સાથ દેનારાના પણ એ જ હાલ કરીશ. માંડણ, ફંદો તૈયાર રાખીશ. એલા હાલો.
[કનકનંદન તથા દરબારીઓ ત્યાંથી જાય છે.]
અસાઈત : માંડણ, દીકરા, તે ખરી હોડ બકી!
માંડણ : હા બાપા, ખબર નથી અંત શું આવશે? મારે તો ફેંસલો કરવાનો કે મહત્ત્વ શેનું છે? જીવનું કે સત્યને ઉચ્ચારનારી જીભનું?
અસાઈત : અને તેં પળનીય વાર લગાડ્યા વિના ફેંસલો કરી લીધો કેમ?
માંડણ : હા, પણ હવે આપણે બધાએ નક્કી કરવાનું છે.
કોરસ : શું નક્કી કરવાનું છે?
માંડણ : એ જ કે વ્હાલું શું છે? જીવ કે સત્ય?
કોરસ : સત્ય.
માંડણ : સત્ય એટલે શું? કોરસ : હાથણીમાતા.
માંડણ : જાત અને હાથણીમાતા બેમાંથી એક જ બચે એમ હોય તો કોને બચાવશો? કોરસ : હાથણીમાતાને.
માંડણ : રહેંસાવું પડશે. કોરસ : પરવાહ નથી.
માંડણ : અંતરિયાળ મરવું પડશે.
કોરસ : પરવાહ નથી.
માંડણ : સહુએ પોતપોતાનાં અંગત સુખ છોડવાં પડશે. ગળામાં લટકતાં ગાજર તોડવાં પડશે!
[સન્નાટો. કોરસ પોતાના ગળા પરનાં ગાજર પર હાથ ફેરવતું અવઢવમાં ઊભું છે. પ્રથમ કોઈ એક નટ જાત સાથે ખેંચતાણ અનુભવતો હોય એમ ગળામાંનું ગાજર તોડે છે. પછી બધાં ગળામાંથી ગાજર તોડીને માંડણને આપે છે.]
માંડણ : તો પછી ભરતપુરની કાયાપલટ નિશ્ચિત છે. કનકનંદન, હવે તો તારો ગઢ તૂટીને જ રહેશે. બોલો હાથણીમાતાનો...
કોરસ : જય હો.
[અસાઈત, માંડણ, ભવાઈ અને પ્રજાનું કોરસ 'હાથણીમાતાનો જય હો' પોકારતું જાય છે. ગજાધર, વિદ્યાધર, ભીમજી તથા ભગો પ્રવેશે છે.]
ભગો : જય જય હનુમાન ગુંસાઈ. ચારેકોર હથિયારધારી સૈનિકો જ દેખાય છે.
ભીમજી : આખા ભરતપુરમાં સોપો પડી ગયો છે. શેરીઓ સૂમસામ છે. બધાંના જીવ તાળવે ચોંટી ગયા છે. આ કલાકારોએ ભારે કરી.
ભગો : મારું બેટું ખેલ એવો જામ્યો છે ને કે મનેય શૂરાતન ચડે છે.
ભીમજી : ડેબા પર ધોકાવાળી થાશે ને તો બધું ય શૂરાતન છૂ થઈ જાશે!
ગજાધર : વિદ્યાધર, ગઢ તૂટશે તો? મને તો બીક લાગે છે.
ભગો : વિદ્યાધરજી, ગઢ તૂટશે તો આપણું શું થાશે? બોલો ને ભગવન્!
વિદ્યાધર : એવો સંશય પણ અસ્થાને છે, વત્સ ભગા. ગજાધરજી, શતાબ્દીઓ સુધી વાયુ મસ્તક પટકતો હોય છે ત્યારે ગઢમાંથી

માંડ એકાદ કાંકરી ખરતી હોય છે. ભવાઈથી તે કાંઈ સત્તાનો ગઢ તૂટતો હશે? કલાથી તો લોકોનું મનોરંજન થાય, મનોરંજન.
છડીદાર : ગૌબ્રાહ્મણપ્રતિપાળ, દયાળુ, દાનવીર, પરાક્રમી, મહારાજાધિરાજ કનકનંદન પધારે છે.
['રાજા કનકનંદનનો જય હો' ગાતાગાતા પ્રધાન, સકળસેન-અકળસેન તથા એક સેવક રાજાને લઈને આવે છે. બધા રાજાની ફરતે ગઢ રચે છે.]
પ્રધાન : મહારાજ. ગઢ તૂટશે તો?
કનકનંદન : શું પ્રધાનજી તમેય? કોણ તોડશે ગઢ? ભવાયા? કે પછી ભરતપુરનાં લોકો? પ્રધાનજી આવા તો કેટલાય ગઢના પાછલે બારણેથી આવીને ઝૂકી પડ્યા આપણી પાસે અને આપણે એમના ગળે એમનાં માપનાં ગાજરે બાંધી દીધાં. તો આજે એ ભવાયું છડેચોક રાજદરબારમાં ભવાઈ રમશે કેમ?
પ્રધાન : હા મહારાજ, આપણે જલ્લાદને ફાંસીનો ગાળિયો તૈયાર રાખવા માટે કહેલું જ છે. પણ માંડણ હજુ કેમ દેખાયો નહીં?
કનકનંદન : છેલ્લી ભવાઈ છે ને. તૈયારી કરતો હશે. અલા, માંડણને કહો કે ભવાઈ શરૂ કરે.
છડીદાર : [નેપથ્યમાંથી] માંડણજી હાજર હો...
[માંડણ અને ભવાઈ મંચ પર આવે છે. ભવાઈના માથા ઉપર રાજા દ્વારા નંખાયેલું પ્રતિબંધનું કાળું કપડું યથાવત્ છે.]
કનકનંદન : માંડણ, ગઢ તોડવાનની વાત ભૂલી જા. કહેતો હો તો ગઢનું પાછલું બારણું ખોલાવું? ગઢમાં આવી જા. નાચ સંગેમરમરની ફર્શ ઉપર.
માંડણ : નાચ તો કરીશ આજે કનકનંદન, તારા આ ગઢ ઉપર, તારી સત્તા ઉપર, તારી છાતી ઉપર.
[ભવાઈના માથા ઉપરથી પ્રતિબંધનું કાળું કપડું હટાવી રાજા ઉપર ફેંકતા.]

હે ભૂલતા નહીં આ ભવાઈ તો છે અમનચમનનો ખેલ,
સામે મોંઢામોંઢ છે લોકો જેનું બળતું તેલ.
ગમ્મત સાથે કહીએ વાતો સહુને સાચેસાચી,
અમે ભવાયા લોકોના મનની ભાષાને વાંચી.
હા મનની ભાષાને વાંચી...

કનકનંદન : તો આજે છેલ્લી વાર ભવાઈ રમાશે કેમ, માંડણભાઈ?
માંડણ : ભવાઈ તો મહારાજ રમાતી આવશે ને રમાતી રહેશે. હા, આ માંડણ આજે પોતાના જીવનની છેલ્લી ભવાઈ રમશે.
કનકનંદન : તો રમો. જલ્લાદ અને ફાંસીનો ગાળિયો તૈયાર જ છે.
માંડણ : પણ પરસેવો તો તમારા કપાળે છે, મહારાજ! અને ગાલ ઉપર આ નાનકડો કાળો ડાઘ શેનો છે? આંખનું કાજળ ગાલે ઘસ્યું લાગે છે?
કનકનંદન : પ્રધાનજી, મારા ગાલેથી કાળો ડાઘ ભૂંસી નાખો!
[પ્રધાન પોતાના ખેસથી રાજાનું મોંઢું લૂછે છે અને રાજાનો ચહેરો કાળો થઈ જાય છે.]
માંડણ : [હસતાં હસતાં] લ્યો મહારાજ, તમે તો મારા મરતા પહેલા જ મ્હોં કાળું કર્યું!
કનકનંદન : ભવાયા, મોતને આડે ગણતરીની ઘડીઓ બાકી છે ને તોય તને મશ્કરી સૂઝે છે?
માંડણ : સિંહાસને બેસી જાવ, મહારાજ. હજુ તો મેં ભવાઈ શરૂ કરી છે! મારી નાની કહેતી હતી કે માણસનું મોત નજીક હોય ને ત્યારે પહેલાં એનું મોઢું કાળું પડી જાય!
કનકનંદન : અંતિમ ઘડી છે તારી. બોલી નાખ જે બોલવું હોય તે!
માંડણ : તો આ છે તમારો ગઢ? જૂઠની ચાવી ચાલે, ચાલે સિક્કાની ખનખન. રાજતંત્રમાં તમે રચ્યું છે દરવાજાનું વન! આ ગઢ તૂટે એટલે તમારો ખેલ ખલાસને?
કનકનંદન : મારા આ ગઢની એક કાંકરી તો ખેરવ, ભવાયા. ડાબળીબંધ ચણતરનો આ ગઢ છે. તારી કોડા જેવી આંખો ફાડીને જો. એક એક દરવાજે ખીલા જડેલા છે ખીલા!
માંડણ : હમણાં ઘડીના છઠ્ઠા ભાગમાં તારા ગઢનો ભાંગીને ભુક્કો કરું છું. ફૂંક મારીને દરવાજાઓ તોડી નાખીશ.
[માંડણ જાદુગરની જેમ હોઠ પાસે હથેળી રાખી ફૂંક મારતો ગઢની આજુબાજુ ફરે છે. જોરદાર ઉધરસ ચડે છે. રાજા અને ગઢ અટ્ટહાસ્ય કરે છે.]
કનકનંદન : મોત સામે ભાળીને ભવાયું ઘાંઘું થયું છે. માંડણ, ગઢ તૂટ્યો કે નહીં?
માંડણ : હમણાં કડડભૂસ કરતોક તૂટશે ગઢ. જોઈ લે મારો ચમત્કાર. મારી પાસે જાદુઈ મંત્ર છે મંત્ર.
[તાંત્રિકની અદામાં]

આલા મંતર કોલા મંતર
બાઉ મંતર છૂ.

[મંત્ર બોલતા માંડણ ગઢ ફરતો ફરે છે. રાજા અને ગઢ અટ્ટહાસ્ય કરે છે.]
કનકનંદન : શેખીખોર ભવાયું, ભવાઈની તાકાતથી ગઢ તોડવા આવ્યું છે. એલાવ તમારું કામ તો રાજદરબારમાં નાચી ખાવાનું કે પછી ગામડેગામડે પાઈપૈસા માટે ખેલ કરવાનું છે. એલા ગઢ તૂટ્યો કે નહિ!
માંડણ : ઘમંડી રાજા, તને મરવાની આટલી બધી ઉતાવળ શેની છે? ગઢ આજે તૂટવાનો જ છે, એય મારાથી. મારામાં હજાર હાથીનું બળ છે. દરવાજાને ધક્કા મારીશને એટલે દરવાજા તૂટશે!
[માંડણ ખીલા જડેલા દરવાજાઓ સાથે 'હેયસ્સો' 'હેયસ્સો' કરતો વારંવાર અથડાય છે અને પડે છે. ગઢ અને રાજા અટ્ટહાસ્ય કરે છે.]
માંડણ : [કરગરતા] હે ગઢ! હું તને પગે પડું છું, હાથ જોડું છું. કહું છું તૂટી જા. જો તું નહીં તૂટે ને તો આ રાજા નહીં મરે અને જો આ રાજા નહીં મરેને તો મારે મરવું પડશે.
[માંડણ કરુણ આક્રંદ કરે છે. રાજા ખડખડાટ હસતો હસતો ગઢમાંથી બહાર આવે છે.]
કનકનંદન : મૂર્ખ ભવાયા, આ ખીલા જડેલા દરવાજાઓ એમ ન તૂટે. આ અડીખમ તોતિંગ દરવાજાઓ તોડવા હાથીનું

બળ જોઈએ બળ અને દરવાજા આગળ આડશ તરીકે મૂકવા ઊંટનું કળ જોઈએ કળ! એલા, તારી પાસે હાથીનું બળ અને ઊંટનું કળ ક્યાં છે? [માંડણ ખડખડાટ હસતો ઊભો થાય છે.]

માંડણ : આવ્યું, રાજા આવ્યું. તારું મોત તારી જીભે ચડીને આવ્યું રાજા. આ ગઢ માત્ર હાથીના બળથી જ તૂટશે ને? તો છે હાથીનું બળ મારી પાસે. ખીલા જડેલા દરવાજા તોડવા આડશ તરીકે મૂકવા ઊંટનું કળ જોઈશે ને? તો એ ય છે મારી પાસે. હું તારા ખીલા જડેલા ગઢના દરવાજે ઊંટ તરીકે ધરું છું મારી જાતને! મારું મોત તો નક્કી છે, રાજા. પણ ફાંસીના માંચડે નહીં તારા ગઢને દરવાજે. મારું મોત તારા શાસનની અંતિમ મહોર બની જાશે. તું હાર્યો રાજા. એક ભવાયાથી હાર્યો, તું હાર્યો ભવાઈથી. [વાદળનો ગડગડાટ થાય છે. વીજળી ચમકે છે અને હાથણી મંચ ઉપર પ્રવેશે છે. રાજા પોતાના ગઢમાં ચાલ્યો જાય છે.]

ગઢનું કોરસ : આ ગઢમાં છે રાજ સલામત, સુરક્ષિત રાજા,
પડી ભાંગશે સઘળું જ્યારે તૂટશે હર દરવાજા.

કનકનંદન : [ગઢમાંથી] માંડણ, એક માંડણ ઊંટ બનવા તૈયાર હોય એનાથી કોઈ ગઢ ન તૂટે, મારો અંત ન થાય. મારા ગઢના અસંખ્ય દરવાજા છે. એટલા દરવાજા તોડવા એટલી આડશ જોઈશે ને એટલાં મરણિયાં લોકો ક્યાં છે ભરતપુરમાં?

માંડણ : એટલા તો શું પણ અસંખ્ય મરણિયા લોકો હમણાં જ અહીં હાજર થશે તારા આ ગઢની સામે, ભવાઈનું ભૂંગળું સાંભળીને! હે લોકકલા, બતાવ તારી શક્તિ, ખડી કરી દે રાજાના પ્રપંચી ગઢની સામે લોકશક્તિને.

[ભવાઈ હાથથી ભૂંગળની મુદ્રા બનાવી મંચ પર નાચ કરે છે. નેપથ્યમાંથી ભૂંગળનો બુલંદ નાદ પ્રકટે છે. ભવાઈ માંડણ પાસે આવી ઊભો રહે છે. ભૂંગળનો નાદ શમે છે.]

કનકનંદન : [અટ્ટહાસ્ય] ચકલુંય ન ફરક્યું!

ગઢનું કોરસ :

ચકલુંય ન ફરક્યું, ચકલુંય ન ફરક્યું, આ ગઢની સામે.
પગલુંય ન ઊપડ્યું, પગલુંય ન ઊપડ્યું આ ગઢની સામે.
આ ગઢ પાસે તો ભરતપુર તુચ્છ છે તુચ્છ.
આ ગઢ સામે બધું જ કડડડભૂસ છે ભૂસ.

[ગઢનું કોરસ અટ્ટહાસ્ય કરે છે. નેપથ્યમાંથી તીવ્ર ઢોલનો નાદ ઊઠે છે. અસાઈત તથા પ્રજાજનોનું કોરસ ગાતુંગાતું મંચ પર પ્રવેશે છે.]

પ્રજાનું કોરસ : કાળ બનીને આવ્યા અમે સહુ ઝાળ બનીને આવ્યા,
રાઈ જેવડા તેં માન્યા'તા પ્હાડ બનીને આવ્યા,
અમે ઊંટડા આડશ બનીશું દરવાજો ખડવાની,
ઘડીઓ ગણાય અમ શ્વાસે આ કિલ્લાના પડવાની.

અસાઈત : જોઈ લે કનકનંદન, કોણ ઊભું છે તારા ગઢની બહાર? ભરતપુરનો અદનામાં અદનો માણસ, ગળે બંધાયેલાં ગાજર ફગાવીને, હાથણીમાતા માટે જીવ હથેળી પર લઈને ઊભો છે તારા પ્રપંચી ગઢને ભાંગવા. બોલો હાથણીમાતાનો...

પ્રજાનું કોરસ : જય હો!

માંડણ : [એક દરવાજે આડશ બનીને ઊભો રહે છે.]
આવ આવ હે માત હાથણી
ગઢ ભાંગીને ભુક્કો કર.
આવ આવ હે માત હાથણી
ગઢ ભાંગીને ભુક્કો કર.

[હાથણી માંડણને માથું મારે છે. ગઢ લથડે છે, ફરી સ્થિર થાય છે. માંડણ પડે છે. અસાઈત દરવાજા પાસે ઊભા રહી હાથણીને આહ્વાન આપે છે.]

અસાઈત : આવ આવ હે માત હાથણી
ગઢ ભાંગીને ભુક્કો કર....

[હાથણી અસાઈતવાળા દરવાજે ધક્કો મારે છે અને ગઢ તૂટી પડે છે. શંખ અને નગારાનો ધ્વનિ. રાજા નિસ્તેજ ઊભો છે અને પાછળ ખસે છે. કોરસ કનકનંદનને મંચની મધ્યમાં હાથણી સામે ફેંકે છે. રાજા ઘૂંટણીએ પડી થરથર કાંપી રહ્યો છે.]

હાથણી : જોઈ લે કનકનંદન, આ છે મારું મૂળ સ્વરૂપ. તેં ગઢનું પ્રપંચી તંત્ર રચીને એ તંત્રમાંથી બગાઈઓ ઉત્પન્ન કરીને મને નિર્બળ-નિસ્તેજ અને લાચાર બનાવી હતી. પણ આજે તારા પ્રપંચી તંત્રનો ગઢ તૂટ્યો છે. મારા પરથી બગાઈઓ હટી ગઈ છે. તેં જોયું ને રાજા, સમય જ્યારે પડખું બદલે અને પ્રજા જાગે ત્યારે શું થાય છે? ભરતપુરનાં વાસીઓ, તમે કળશ ઢોળીને રાજા નિમવાની પ્રથા સ્વીકારી છે. હું તો તમારી વિનંતીથી તમે ઇચ્છો એના પર કળશ ઢોળીને મારું કર્તવ્ય નિભાવું છું. જરૂર છે તમારે જાગ્રત રહેવાની. તમે જો ગાજરની લાલચ સામે અને સાંઢની હિંસક શક્તિ સામે ઘૂંટણિયે પડશો તો આવા જ કનકનંદનો રાજસત્તા પર રહેશે. ગઢનાં પ્રપંચી તંત્ર ઊભા કરશે અને ભરતપુરના વર્તમાનને તો શું પણ ભવિષ્યનેય કલંકિત કરશે.

[હળવા આલાપ અથવા સંગીત સાથે મંચ પરનો નટસમૂહ હાથણીની બન્ને બાજુએ બે પાંખના આકારમાં ગોઠવાય છે.]

ગાન : લોકશાહીનાં મૂલ્યો સહુની ભીતર ઊગશે જ્યારે,
લોકશાહી એ વિધિ મટીને આચાર બનશે ત્યારે,
જનમનગૌમુખ, લોકશાહી છે ત્યાંથી વહેતી ગંગા,
ગૌમુખ સ્વચ્છ હશે તો ચોખ્ખી રહેશે આખી ગંગા.

(સંપૂર્ણ)

સાહિત્યસંપર્ક

ગ્યૂન્ટેર ગ્રાસને નોબેલ પારિતોષિક

'હું મારી જાતને કલકત્તાથી અલગ પાડી શકતો નથી. તેને મૂળભૂત રીતે મને બદલી નાખ્યો છે' એમ કહેનાર આપણા સમયના સહુથી વિશેષ



વિવાદાસ્પદ જર્મન સાહિત્યકાર ગ્યૂન્ટેર ગ્રાસ (Günter Grass)-ને ૧૯૯૯નું સાહિત્યનું નોબેલ પારિતોષિક મળે છે. આ પારિતોષિક તેઓ પોતાની રમતિયાળ કાળી દૃષ્ટાંતકથા કે કાલ્પનિક વાર્તા કે ઇતિહાસના વિસ્મૃત ચહેરાની છવિને વ્યક્ત કરે છે તે માટે અપાયું છે. ૧૬ ઑક્ટોબર ૧૯૨૭ના રોજ પોલિશના ડાન્ઝિંગ શહેરમાં જન્મેલા આ જર્મન કવિ, નાટ્યકાર, નવકથાકાર, વાર્તાકાર, ચિત્રકાર ગ્યૂન્ટેર ગ્રાસ અઢાર વર્ષની નાની વયમાં ૧૯૪૪-૪૫માં જર્મન લશ્કરમાં જોડાયા હતા. હિટલરના પ્રભાવ તળે યુવા-આંદોલનમાં ઝંપલાવ્યું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઘવાયા અને યુદ્ધકેદી બન્યા. ૧૯૪૬માં અમેરિકાએ કેદીઓને મુક્ત કર્યા ત્યારે ગ્રાસ પણ મુક્તિ પામ્યા. પણ બહાર આવ્યા ત્યારે ઘરબાર વગરના હતા. આજીવિકા મેળવવા માટે પહેલાં ખેતમજૂર બન્યા પછી પોટાશની ખાણમાં ખાણિયા તરીકેનું કામ કર્યું. પથ્થર ફોડવાનું કપરું કામ પણ કર્યું. દરમિયાન ગ્રાસને શિલ્પી થવાની ઇચ્છા થતાં, તેની તાલીમ લેવા માટે ફ્રેન્કફર્ટ ગયા અને ત્યાંથી ડસેલફોર્ડની અકાદમી ઑવ્ આર્ટમાં પ્રવેશ મેળવ્યો. આવક ઓછી પડતી હતી એટલે જાઝમાં ડ્રમર તરીકેનું કાર્ય કર્યું. ૧૯૫૩માં બર્લિનની ફાઇન આર્ટ્સ અકાદમીમાં જોડાયા. ૧૯૫૫માં સામાજિક ટીકા કરતાં ત્યાંના 'ગ્રૂપ ૪૭'ના સક્રિય સભ્ય બન્યા અને ૧૯૫૬ થી ૬૦ દરમિયાન પેરિસ ગયા. ૧૯૬૪-૬૫માં અમેરિકા રહ્યા. ૧૯૬૫માં જર્મનીમાં ચૂંટણી થઈ ત્યારે સોશલ ડેમોક્રેટિક પાર્ટીનો એમણે પ્રચાર કર્યો. ક્રમશઃ તેઓ જર્મની, એની પ્રજા, એનો ઇતિહાસ, એની સમસ્યાઓથી અવગત થતા ગયા અને પછીનાં વર્ષોમાં આ જ ઘટનાઓ એમના સાહિત્યમાં વણાતી ગઈ.

પ્રારંભે ગ્યૂન્ટેર ગ્રાસે આધુનિકતાના પ્રભાવે અર્થનિરપેક્ષ કવિતા રચી અને બેકેટની અસર તળે એબ્સર્ડ નાટકો રચ્યાં. પરન્તુ પછીના કાળમાં ગ્રાસે પોતાની આગવી ઓળખ આપતી કવિતાનું સર્જન કર્યું, જેમાં આધુનિક મનુષ્યની મિથ્યા ઓળખને ઉઘાડી પાડવાનો ઉપક્રમ રહેલો છે. વળી, એમાં વિશૃંખલ જગતને પામવાનો પ્રયાસ પણ વર્તાય છે. એની સમસ્યાઓ અને તુચ્છતાની અભિવ્યક્તિમાં ગ્રાસ સફળ રહ્યા છે. 'ફોર્ત્સુંગ ડેયર વિન્ડહવુહનેર', 'ગ્લીસડ્રેયએક', 'આઉસગ્રેફાગ્ટ' અને 'ઈન ધી ઓગ એન્ડ અધર પોઈમ્સ' ગ્રાસના કાવ્યસંગ્રહો છે. 'ટેન મિનિટ્સ ટુ બફેલો', 'ફલડ', 'અંકલ, અંકલ', 'થર્ટી ટુ ટીથ', 'ધ વિકેડ કૂક', 'ફોર પ્લેઝ', 'મેક્સ : અ પ્લે' એમના નાટ્યસંગ્રહો છે. એમનું ખૂબ જાણીતું નાટક છે : 'ધ પ્લેબિયન્સ રિહર્સ ધી અપરાઈઝિંગ.' જર્મનપ્રજાની વિવિધ વિભાવના ગ્રાસે નાટકો દ્વારા છતી કરી છે.

કવિ, નાટ્યકાર ઉપરાંત ગ્રાસ ઊંચી કોટિના નવલકથાકાર છે. એમની કથાગૂંથણી વાચકોને જકડી રાખે છે. એમની શૈલી કથાને વેગ આપે છે. 'ધ ટિન ડ્રમ' ગ્રાસની પહેલી નવલકથા. એ પ્રસિદ્ધ થઈ ૧૯૫૯માં. નાઝીયુગથી પ્રારંભી વિશ્વયુદ્ધ સુધીના જર્મન ઇતિહાસને નિરૂપતી પહેલા પુરુષ એકવચનમાં રચાયેલી આ નવલકથા ગ્રાસની અત્યંત લોકપ્રિય કથાકૃતિ છે. એમાં ઠીંગુજીનું કથાનક છે. વિશ્વની અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. ટિનનું ડ્રમ એ વિદ્રોહનું પ્રતીક છે. એમની બે લઘુનવલ 'કૅટ ઍન્ડ માઉસ' તથા 'ડૉગ ઇયર્સ'માં જર્મનીનું જ નિરૂપણ છે. 'લોકલ એનેસ્થેટિક', 'ફ્રોમ ધ ડાયરી ઑવ્ અ સ્નેલ', 'ઈનમેરીપ્રેઝ', 'ધ ફલાઉન્ડર' અને 'ધ કૉલ ઑવ્ ધ ટોડ' એમની નવલકથાઓ છે. વિધુર-વિધવાની પ્રણયકથા એ 'ધ કૉલ ઑવ્ ધ ટોડ' નવલકથાનું કથાવસ્તુ છે. અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકનું ટાઈટલ ચિત્ર ગ્રાસે જ બનાવ્યું છે, જે અહીં રજૂ કર્યું છે.

ગ્રાસ માત્ર શબ્દસેવી સાહિત્યકાર નથી. એમની નિસબત દેશ-સમાજ સાથે છે અને એના અનુષંગે રાજકીય ગતિવિધિથી એ અલિપ્ત રહેતા નથી. એમને મન માનવીય મૂલ્યનું મહત્ત્વ વિશેષ છે. માટે એ મિસાઈલને ધિક્કારે છે. પશ્ચિમ જર્મનીની સંસદને ઉદ્દેશીને લખેલા બહુચર્ચિત ખુલ્લા પત્રમાં એમણે આ બાબતે પોતાનો વિચાર સ્પષ્ટ દર્શાવ્યો છે. વિનાશક મિસાઈલને સ્થાને અસરકારક નોકરી-સંપાદનનો કાર્યક્રમ ઘડી કાઢવાની અપીલ કરી છે. ગ્રાસ કલાકારમાં વિશેષ શક્તિનાં દર્શન કરે છે, માટે એમની માન્યતા છે કે, 'An artist must never try to avoid or





'ટંગ લેશિંગ' —— સ્વરચિત મુખપૃષ્ઠો —— 'ધ કૉલ ઑવ્ ધ ટોડ'

compromise with the truth, he should rather reveal the truth.'

ગ્યૂન્ટેર ગ્રાસ ભારતમાં બે વાર આવ્યા હતા. બન્ને વખતે કલકત્તામાં નિવાસ કર્યો. પહેલી વાર ૧૯૭૫માં આવ્યા અને બીજી વાર ૧૯૮૬માં પત્ની યૂટે સાથે આવ્યા. કલકત્તાના નિવાસ દરમિયાન એમણે ત્યાં જે કંઈ જોયું, જેનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું, જે લોકોને મળ્યા તેની છાપ અને પ્રતિક્રિયાની નોંધપોથી લખી હતી, જે પાછળથી જર્મનમાં પ્રસિદ્ધ થઈ હતી. કલકત્તાના નિવાસના આધારે એમણે લખેલું પુસ્તક 'Tongue-lashing' (જિહ્વાનો માર) ખૂબ ચર્ચાસ્પદ બન્યું હતું. કાલિમાતા જીભ બહાર કાઢે છે તે સમાજમાં આજુબાજુ થતી દરેક પ્રકારની લૂંટની શરમને કારણે, એવું એમનું તારણ એમને વિવાદના વમળમાં ખેંચી ગયું હતું. કલકત્તા ગ્રાસને ગમતું શહેર છે. ૧૯૭૫માં થોડા દિવસ કલકત્તા રહી ગયેલા ગ્રાસ ૧૯૮૬માં પુનઃ કલકત્તા આવે છે. 'For Example, Calcutta' એ 'Club of Qomeo'માં આપેલા વ્યાખ્યાનમાં એમણે કહ્યું હતું : 'I promised myself that I would come again, stay longer, bear with it, observe with more precision and patience and if possible, try to understand.'

ગ્રાસ પાખંડ, ધર્માન્ધતા, કીર્તિના વિરોધી છે. એ વ્યક્તિગત સ્વાતંત્ર્યના હિમાયતી છે. ગ્રાસ આ યુગના વિવાદાસ્પદ વિલક્ષણ બુદ્ધિશાળી સાહિત્યકાર હોવા ઉપરાંત સ્વતંત્રતા ઇચ્છતા જન્મજાત કલાકાર છે. - પ્રફુલ્લ રાવલ

યશવન્ત શુક્લનું નિધન



જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર અને વિચારક યશવન્ત શુક્લનું દોઢેક માસની લકવાની બીમારી બાદ ૨૩ ઑક્ટોબર, ૧૯૯૯ ને શનિવારની સાંજે પાંચ વાગ્યે અમદાવાદના એમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું છે. એક તેજસ્વી વિદ્યાર્થી કારકિર્દીથી આરંભી, અભ્યાસી અધ્યાપક, વ્યવહારદક્ષ વહીવટકર્તા આચાર્ય અને ઊંડા અભ્યાસી સાહિત્યસેવી તરીકે એમણે ગુજરાતમાં અમીટ છાપ ઉપસાવી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, કેન્દ્રિય સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા આદિ સાહિત્યિક સંસ્થાઓમાં તેઓ સક્રિય રીતે દીર્ઘકાલ સુધી સંકળાયેલા રહ્યા, અને તે તે સંસ્થાઓમાં વિવિધ પદો પણ શોભાવ્યાં. વળી, અનેક સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ તેમની ગાઢ નિસબત હતી. યૌવનકાલીન સામ્યવાદરંગી પ્રગતિવાદી વિચારસરણીથી આકર્ષાઈ ધીમે ધીમે ગાંધીમૂલ્ય-કેન્દ્રિત વિચારસરણી તરફ વળ્યા હતા. એમની વાક્છટાથી અનેક શ્રોતાઓને એમણે મુગ્ધ કર્યા છે. એમની લેખિની પણ એવી જ પ્રૌઢ અને પળોટાયેલી ગદ્યછટાથી ઓપતી છે. પણ એમણે લોકસંપર્ક નિમિત્તે જેટલો વક્તવ્યો-વ્યાખ્યાનોમાં રસ લીધો તેટલો રસ વિવેચનના સર્જનમાં સક્રિય કર્યો હોત તો તેમની પાસેથી જે મળ્યાં છે તેના કરતાં વધુ ગ્રંથો ગુજરાતને મળ્યા હોત. આવા એક સહૃદયી સાહિત્યકાર, સમજદાર શિક્ષક, નિષ્ઠાપ્રિય કુશળ સંચાલક અને સૌહાર્દપૂર્ણ સજ્જનને ગુમાવી ગુજરાત રંકતાની લાગણી અનુભવશે. (એમના વિશેનો ચરિત્રલેખ આવતા અંકે.) - ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

સંસ્કાર સાહિત્યમંદિર, ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે, ભાવનગર - ૩૬૪૦૦૧નાં અચૂક વસાવી લેવા જેવાં સમગ્ર પરિવારને ઉપયોગી ઉત્તમ પુસ્તકો : **ધર્મક્ષેત્રે-કુરુક્ષેત્રે** : ૧ થી ૭ ભાગ, પૃ.૨૧૦૦, પાકું પૂઠું, કિં.રૂા.૩૦૦ + ૩૦. **ભાગવત કથાઓ** : તેત્રીસ કથાઓનો સંગ્રહ લે. નાનાભાઈ ભટ્ટ, પૃ.૨૨૫, કિં.રૂા.૨૫. **જીવનઘડતર સંસ્કારમાળા** (દસ પુસ્તિકા) આલ્બર્ટ સ્વાઈટ્ઝર, જ્યોર્જ વૉશિંગ્ટન કારવર, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, માદામ ક્યુરી, ભગવાન મહાવીર, શ્રીમદ્ રાજચંદ્ર, વિક્રમ સારાભાઈ, સ્વામી આનંદ, અવધૂત આનંદઘન, ભગવાન સ્વામિનારાયણ), લેખિકા : વીણાબહેન શાહ, સેટના રૂા.૮૪. **ગિજુભાઈનાં પુસ્તકો : (૧) બાળવાર્તાઓ** (૧થી ૫ ભાગ) સેટના રૂ.૧૪૦. (૨) **રખડુ ટોળી** : કિં.રૂ.૫૦. (૩) **દિવાસ્વપ્ન** : રૂ.૩૦. (૪) **આ તે શી માથાફોડ** : રૂ. ૪૫. (૫) **મા-બાપ થવું આકરું છે** : રૂ.૪૦ **બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ** : લે. રામનારાયણ ના. પાઠક, રૂ.૩૫. લે. મૂળશંકર મો. ભટ્ટનાં પુસ્તકો. (૧) **ઘરમાં બાલમંદિર**, (૨) **બાળકોને વાર્તા કેવી રીતે કહીશું?** (૩) **બાળકો તોફાન કેમ કરે છે?** ત્રણે પુસ્તકોના સેટના રૂ.૨૦. **વિજ્ઞાનબાબુ** : લે. એચ.જી. વેલ્સ (વૈજ્ઞાનિક સાહસકથા), અનુ. રમણલાલ સોની, કિં.રૂ.૩૦.

પ્રવીણ પુસ્તક ભંડાર (લાભ ચેમ્બર્સ, મ્યુ.કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ)નાં પ્રકાશનો : (૧) **રાવજી પટેલ** (વિવેચન-સંશોધન) પૃ.૮૦, રૂ.૪૦, (૨) **મણિલાલ દેસાઈ** (વિવેચન-સંશોધન) પૃ.૬૪, રૂ.૩૨. (૩) **જગદીશ જોષી** (વિવેચન-સંશોધન) પૃ.૪૮, રૂ.૨૫. ત્રણે પુસ્તકના લેખક અરુણ કક્કડ, ડિમાઈ સાઈઝ. **અંધારાં ઉલેચાય છે** (સ્વ. ભૂમિકાને ભાવાંજલિ) : સંકલન : છોટુભાઈ અનડા, પ્ર. અનડા ટ્રસ્ટ, 'સૌજન્ય', ૨૩, પંચવટી, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮ ડિમાઈ સાઈઝ, પૃ.૩૨. **મનભવન** લે. ડૉ. દિવ્યાક્ષી દિવાકર શુક્લ, પ્ર. નીજુ પ્રકાશન, વિદ્યાનંદ, ૧૪, સરસ્વતી સોસાયટી, વાસણા રોડ, વડોદરા. ડિમાઈ સાઈઝ, પૃ.૮૪, રૂ.૪૫.

(અનુસંધાન પૃ.૭૨૭)

કલાવાર્તા

અર્ધી સદીની કલાયાત્રા

'કનુભાઈ છે? હું કનુભાઈ બોલું છું.'



'હા, જી; કનુભાઈ, હું કનુભાઈ બોલું છું.'

ટેલિફોનમાં આમ 'કનુભાઈ' શબ્દ સામ-સામે ટકરાય પછી 'સંવાદ' આગળ ચાલે. સંવાદ અઠવાડિયે બે-ત્રણ વખત ન થાય તો બેચેની પણ અનુભવાય. મહિને એકાદ વખત રૂબરૂ મળીએ ત્યારે કલાજગતની મનભર વાતો માણી લઈએ.

એક દિવસ રાત્રિના ૧૦.૩૦ વાગ્યા હશે ને મેં ફોન કરીને પાછા કનુભાઈ નાયકને યાદ કર્યા. હતો'તો બાજુમાં, છતાં પૂછ્યું :

'કનુભાઈ જાગો છો ને? સૂવાની વાર હોય તો મુલાકાત લઉં?'

'અરે! આવો...આવો. તેમાં પૂછવાનું શું હોય?' એ જ સૌજન્યપૂર્ણ પ્રતિભાવ. આપણે તો જઈ પહોંચ્યા.

'કનુભાઈ, આ બહારની દીવાલ પર સિરામિક મ્યુરલ કોણે કર્યું?'

'મારાં પત્ની જ્યોતિનું એ શ્રમકાર્ય છે. તમને ગમ્યું?'

સંન્યાસ આશ્રમની બાજુમાં આવેલી એક સોસાયટીમાં પ્રવેશતાં જ દીવાલ ચિત્રસભર દેખાઈ અને પૂછી લેવાયું. નાનકડા ફ્લૅટમાં નાનકડી જગ્યાને વિશાળતાનું પરિમાણ આપે તેવી આંતરિક વ્યવસ્થા જોઈ. કનુભાઈની ઑફિસ, અભ્યાસખંડ કે ગ્રંથાલય જે ગણો તે બધું એક દીવાલમાં એક જ વિવિધલક્ષી કબાટમાં સ્થાપિત. તેમને વ્યક્તિ તરીકે જોતાં ઊંચી કાઠી અને એકવડિયા બાંધાનું શરીર. આ કલાકાર બીજાને વિસ્તરવાની જગ્યા આપી; પોતે જાણે જાત સંકોરી જીવે છે.


આરામથી સ્થાન ગ્રહણ કર્યા પછી તેમની બાટિકની કૃતિઓ ઉપરાંત અન્ય કૃતિઓ જોવા મળી. કૃતિઓમાં રંગ અને ભાવનું અપ્રતીમ મિશ્રણ અમને કલાના ભાવજગતમાં ઘસડી ગયું. તેમની સર્જનયાત્રાનાં સોપાનમાં રેખાચિત્રો, જળરંગી ચિત્રો, બાટિક ચિત્રો, વ્યાવસાયિક ધોરણે દોરેલાં ચિત્રો અને એ બધાંની સાથે બેસી સખ્યભાવે વાત કરે તેવાં તેમનાં કલાસમીક્ષક તરીકે દોરેલાં કલા અને કલાવિભાવના પરનાં શબ્દચિત્રો.

તેમનાં ચિત્રોમાં ભાવસ્પંદનો રેખા અને રંગમાં આત્મારૂપે ધબકે છે. કોઈ પણ આડંબર વગર તેઓ એક ચિત્રમાં એક જીવન ભરે છે તો ક્યારેક સમૂળો સમાજ લઈ આવે છે. તેમનાં બાટિક ચિત્રો એ બાટિકની ટેક્નિક મટી જઈ રંગલાવણ્યની અદ્‌ભુત ગાથા બની રહે છે. રંગોનું વૈવિધ્ય અને રેખાની સિદ્ધહસ્ત બારીકી મનહૃદયને અચરજના પ્રદેશમાં લઈ જાય છે. તેઓ પોતાનાં ચિત્રો વિશે બોલવાનું ટાળે છે, પરંતુ અભિવ્યક્તિનાં પૂર્ણ વાહકો સમાં આ ચિત્રો મૌનની પરિભાષા શીખવે છે.

કલાજગત માટે તેઓ અપરિચિત વ્યક્તિ નથી, છતાં આ પ્રતિભાવંત કલાકારનો પરિચય કરીએ.

તેમનો જન્મ મહેસાણા જિલ્લાના પાનસર ગામે તા. ૯મી ડિસેમ્બર ૧૯૩૦માં થયો. 'નાયકો' જન્મજાત કલાકારો હોય છે, એટલે તેમના ઘરાનામાં પિતાશ્રી સ્વ. ચુનીલાલ નાયક પણ આજીવન કલાકાર રહેલા. જેમના આયુષ્યનો ઉત્તરભાગ શ્રી દેશી નાટક સમાજમાં ખલનાયકનાં પાત્રોમાં સંપૂર્ણ વિકસેલો. મુંબઈની મહાનગરપાલિકાએ તથા ગુજરાત રાજ્ય સંગીતનાટક અકાદમીએ તેમનું સન્માન કરી સુયશ મેળવ્યો તથા આપ્યો. 'વડિલોના વાંકે'માં ખલનાયક તરીકે 'કીર્તિકુમાર'નું પાત્ર હજીયે લોકો યાદ કરે છે એટલું જ નહિ, બધાં પાત્રોના અભિનેતા બદલાયા પણ તેમણે ૪૬૦ નાટ્યપ્રયોગ સુધી સતત એકધારી નાટ્યક્ષેત્રે સેવા આપેલી!

કનુભાઈ નાયકે વારસામાં મળેલી





'અહં'નું વજન કેટલું?



→ મા અને બાળક

કલાભિમુખતાથી પ્રેરાઈ કલાના બીજા ક્ષેત્ર 'ચિત્રકળા'માં ઝુકાવ્યું. ચિત્રકાર તરીકે સર જ.જી. કલા મહાવિદ્યાલયમાંથી સ્નાતક થયા. કેટલાક સમય પછી તેમને ત્યાં જ અતિથિવિશેષ વ્યાખ્યાતા તરીકે આમંત્રણો મળ્યાં. તેવી જ રીતે જે. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ અપ્લાઈડ આર્ટ્સ તેમજ રાહેજા સ્કૂલ ઑવ્ આર્ટ્સ (બાંદ્રા)માં બાટિક વિશેષજ્ઞ તરીકે વ્યાખ્યાતા બનવાની તક મળી. શિક્ષક-માર્ગદર્શક તરીકે તેમના શિક્ષણવિભાગમાં ચારેક વર્ષ સેવાપ્રદાન કરી; પછી તો ત્રીસેક વર્ષથી પોતાની કલાસંસ્થા 'આકાર ભારતી'માં જ વિશેષ કાર્યરત રહ્યા છે. પાંચેક વર્ષ મુંબઈના કલાકાર સભ્યોની બનેલી 'આકાર ગૌરવી'ના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવીને હમણાં જ નિવૃત્ત થયા. કલાનાં પ્રદર્શનો અને શિબિર આયોજી આ સંસ્થાએ ગુજરાતી કલાકારોમાં જે યશસિદ્ધિ પ્રાપ્ત કરી છે તે ભૂલવા જેવું નથી.

ચિત્રકાર, ચિત્ર-અધ્યાપક અને કલા-સમીક્ષક તરીકે તેમણે જે પ્રવૃત્તિઓ હાથમાં લીધી છે, તેમાં સિદ્ધિ મેળવવામાં પાછું વળી જોયું નથી. સાથે સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં 'સેવાદલ' ક્ષેત્રે તેમણે નામના અને માનસન્માન પ્રાપ્ત કર્યાં છે. ચિત્ર- પ્રદર્શનો દ્વારા તેઓ દેશવિદેશમાં છવાઈ ગયા છે. આ પ્રવૃત્તિને કારણે કલા- સંગ્રાહકોનાં ઘરમાં તેમનાં ચિત્રો સ્થાઈ થયાં છે.

'કનુભાઈ! તમે મૂળભૂત તો ચિત્રકાર અને વળી કલાશિક્ષક, છતાં કલાકૃતિઓના સર્જનનું સાતત્ય તમે જાળવી શક્યા નથી એ ખરું છે ને?' મારાથી પૂછી બેસાયું.

સ્વભાવસહજ સરળતાથી હસી પડતા તેમણે કહ્યું, 'હા! એ ખરું છે. આ જમાનામાં માત્ર કલાની લગન રાખી સાતત્ય જાળવી શકાતું નથી. કલાસર્જનનો ખર્ચ તથા પરિવારનિભાવનો ખર્ચ ઘણાયે કલાકારોને મૂંઝવતો હોય છે. મેં આ બાબતની સ્થિરતા પ્રાપ્ત કરીને હવે અન્ય કલા, સાહિત્ય, સંગીતની પ્રવૃત્તિઓમાં ઝુકાવ્યું છે.' કનુભાઈના અવાજમાં કોઈની સામે ફરિયાદ નહોતી, વાસ્તવિકતા તરફનું નિદર્શન હતું. થોડી વાર પછી ફરી કહે, 'ચિત્રઅધ્યાપનમાં નવોદિત કલાકારોને પ્રોત્સાહન આપવાનો સંતોષ અને કલા-સમીક્ષક તરીકે કલાકારોને યોગ્ય ઉત્તેજન તથા શીખ આપવાનો અભિગમ મને જીવનમાં યથાર્થ લાગ્યો છે. ઉપરાંત વાચન, ચિંતન અને મનન માટે પર્યાપ્ત સમય આ કાર્ય પછી મળી રહે છે. આજીવિકાનું સાધન શુદ્ધ અને નિર્મળ રહે તે જરૂરી છે.'

કનુભાઈ નાયકની કલાવિભાવના તેમનાં ચિત્રો જેટલી જ સ્પષ્ટ છે. તેમનાં દશેક પ્રસિદ્ધ પુસ્તકોમાંથી આ વાત જાણવા મળે છે. વિખ્યાત પુસ્તકોમાં 'કલામાધુર્ય' (ગુજરાતી/મરાઠી), 'ભારતીય ચિત્રકળા' (પરિચય ટ્રસ્ટ), 'કલાપાથેય' વગેરેમાં તેમના વિચારો અને ચિત્રોની સૌમ્ય સરિતા વહેતી લાગે છે! 'નવનીત', 'ગુજરાત', 'સમર્પણ' તથા 'કુમાર' જેવાં ઘણાં માસિકોમાં તેમના અભ્યાસલેખો પ્રકટ થયા છે. મુંબઈનાં લગભગ બધાં સામયિકો-દૈનિકોએ વત્તોઓછો સમય તેમની 'કલાકટાર' નિયમિત આપી; તેમની કલમને બિરદાવી છે.

'તમારા સ્વભાવમાં અસંતોષ નથી, છતાં આ નિવૃત્તિ વયે કોઈ ખાસ ઇચ્છા ધરાવો છો ખરા?' મેં પૂછ્યું.

'હજુ શરીર સશક્ત છે. મહેચ્છા છે કે વાંદરાથી બોરવલી વચ્ચે એક 'કલાવીથી'નું નિર્માણ કરાવવું, જેમાં નવોદિત કલાકારો ખિસ્સાને પરવડે તે રીતે પ્રદર્શન યોજી શકે, પરિસંવાદો અને કલાશિબિરો આયોજી શકે. વિલે પાર્લે આ માટે યોગ્ય ઉપનગર છે, અને 'કલાગુર્જરી' જેવી સંસ્થાએ છેલ્લાં દશ વર્ષમાં સારું એવું કાઢું કાઢ્યું છે.

તેમના પરિવાર પર તેમની પ્રવૃત્તિઓની સ્પષ્ટ છાયા છે. તેમનાં પત્ની જ્યોતિબહેનનાં શરૂઆતનાં બાટિક ચિત્રો જોવા મળેલાં એ એનો સ્પષ્ટ પુરાવો છે. તેમના ત્રણે પુત્રો જુદી જુદી કલામાં પરોવાયેલા છે. જ્યેષ્ઠ પુત્ર સંગીત કાર્યક્રમો યોજે છે, અને વિદેશી આમંત્રણો મેળવી ચૂકેલા છે. બીજો પુત્ર કિન્નર સ્થાપત્ય ક્ષેત્રે પત્ની સાથે મળી અનેક નવીનતમ મહાલય રચનાકૃતિઓ સાકાર કરતો રહ્યો છે. ત્રીજો પુત્ર ભાવિક 'તાંત્રિક યંત્રવિદ્' બની વ્યવસાયક્ષેત્રે આગળ વધી રહ્યો છે.

'કલાગુર્જરી' સંસ્થાના ઉદયથી આજ સુધી કનુભાઈ આ સંસ્થા સાથે ઓતપ્રોત રહ્યા છે. રવિશંકર રાવળ શતાબ્દી મહોત્સવ નિમિત્તે યોજાયેલા ત્રિદિવસીય કાર્યક્રમમાં તેમનો સિંહફાળો નોંધવા લાયક રહ્યો.

કનુભાઈની સિદ્ધિનું પરિમાણ 'મુંબઈ સમાચાર'માં પ્રસિદ્ધ થયેલા કટારલેખોથી મળી શકે. જેમણે નિયમિત આ કટારો વાંચી હશે તેમને તેમની વિવેચનશક્તિ તથા કલાસૂઝનો પરિચય થયો હશે જ. મૂર્ધન્ય કવિઓનાં અવતરણ સહજતાથી પ્રયુક્ત કરવાથી તેમની સમીક્ષા વધુ સરળ અને હૃદયસ્પર્શી બની રહે છે.

કલાસંસ્કાર વધુ અને વધુ આયાસથી સંપૂર્ણતાને પ્રાપ્ત કરે છે. તેમની રોજની ચિત્ર-સાહિત્ય માટેની શ્રદ્ધા અને ભક્તિપૂર્વકની સંગીત-કાવ્ય-અક્ષરઅર્ચનાનું પરિણામ તેમને મળ્યું છે. ૭૦ વર્ષની વયે 'કલાગુર્જરી' દ્વારા યોજાતી ગીત-ગઝલ સ્પર્ધામાં 'શ્રીમતી વિમળાબહેન ગોરધનદાસ સૂચક પારિતોષિક' તેમને પ્રાપ્ત થયું છે. હવે તેઓ પોતાના ઉપનામ 'અંકન'થી વિખ્યાત થયા છે.

કાયા ભલે નબળી પણ આત્મા ઘણો બળવાન, એ ન્યાયે 'કનુભાઈ' એક જીવંત ઉદાહરણ છે. એમણે કલાની 'અહાલેક' જગાવી અન્યોમાં ચેતના પૂરી છે. એક સંપૂર્ણ કલાવીથીનું તેમનું સપનું પૂરું કરવા 'આપણામાંથી કો'ક તો આગળ આવશે' એ તેમની શ્રદ્ધા અચળ છે.

કનુભાઈની કલાસન્નિષ્ઠતાનું અખિલ ભારતીય ક્ષેત્રે થયેલું 'સન્માન' જ્યારે આ વર્ષના પ્રારંભમાં જાણ્યું ત્યારે સમસ્ત ગુજરાત અને મુંબઈ માટે તે ગૌરવરૂપ સમાચાર બની રહ્યા.

'કલાગુર્જરી' સંસ્થા આવા અને અન્ય પ્રતિભાસંપન્ન કલાકારોની શક્તિ તથા કલાભક્તિનો ઉચિત સન્માન સાથે વિનિયોગ કરશે, તો ચાક્ષુષ કલાનું ભવિષ્ય મુંબઈમાં ઉત્તરોત્તર ઊજળું થતું જશે.

– કનુ સૂચક 'શીલ'

કલાવૃત્ત


કલાકાર પૂનમ શર્માનાં ચિત્રો અને તનુજા રાણેની ગ્રાફિક પ્રિન્ટ્સ

અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગેલરીમાં પ્રદર્શિત થયેલી ઉભય કલાકારો




પૂનમ શર્મા અને તનુજા રાણેની સર્જનાત્મક કલાકૃતિઓ ખરેખર ધ્યાનપાત્ર છે.

અમદાવાદમાં ૧૯૭૬માં જન્મેલી અને ૧૯૯૭માં સી.એન. કૉલેજ ઑવ્ ફાઈન આર્ટ્સમાંથી ડ્રૉઈંગ ઍન્ડ પેઈન્ટિંગમાં ડિપ્લોમા પ્રાપ્ત કરતી પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતી પૂનમ શર્માએ ૧૯૯૬, ૧૯૯૭ અને ૧૯૯૯માં ગ્રૂપ શોમાં રાષ્ટ્રિય કક્ષાએ જાણીતાં કલાપ્રદર્શનોમાં ભાગ લીધો. આ પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો ઉપરાંત ડ્રૉઈંગ પ્રદર્શિત થયાં. તેમને દિલ્હીની અવંતિકા કલાપ્રદર્શનનો ઍવૉર્ડ ૧૯૯૬માં તથા ગુજરાત લલિતકલા અકાદમીનો ૧૯૯૬માં મળ્યો. ૧૯૯૮, ૧૯૯૯માં કનોરિયા સેન્ટર ફૉર આર્ટ્સમાં કલાકાર તરીકે કામ કર્યું. તેમની પ્રદર્શિત થયેલી



બિલાડી-અંક પ્રભાવકારી રચના : તનુજા રાણે

→ આદિવાસી મંડળ : પૂનમ શર્મા




નાની સાઈઝની ચિત્રકૃતિઓમાં તેમણે એક્રિલિક અને પોસ્ટર રંગોનો કલાત્મક ઉપયોગ કર્યો છે. તેમની ચિત્રસંરચનાઓમાં કુદરતના આકારોને સરળ તથા ભૌમિતિક અને સુશોભનાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા છે. તેમનાં ચિત્રો જંગલની આદિવાસી પ્રજાઓનાં ભીંત્તચિત્રોના શૈલીગત સાદગીયુક્ત આકારોને સપાટ ભૂમિ પર રજૂ કરે છે. સૂર્યના, પ્રાણીઓના, ફૂલોના, ડુંગરો તથા વૃક્ષોના-છોડોના આકારો અને સાદી માનવાકૃતિઓ પણ સપાટ ભૂમિ પર રજૂ થઈ છે. વિવિધ પોત પણ ધ્યાન ખેંચે છે.

તનુજા રાણેનો જન્મ ૧૯૭૬માં. બી. એફ. એ. ૧૯૯૭માં સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટ, મુંબઈથી કર્યું. ૧૯૯૬. ૧૯૯૭, ૧૯૯૮માં ભારતનાં જાણીતાં પ્રદર્શનોમાં ભાગ લીધો. તેમણે પાંચ મહત્ત્વપૂર્ણ ઇનામો મેળવ્યાં. હાલમાં કનોરિયા સેન્ટર ફૉર આર્ટમાં ગ્રાફિક્સ વિભાગમાં કામ કરે છે. તેમની ગ્રાફિક પ્રિન્ટોની ગુણવત્તા તેમને સિદ્ધહસ્ત પ્રિન્ટર સાબિત કરે છે. તેમની ઇચિંગ અને લિથોની પ્રિન્ટો ધ્યાનપાત્ર છે. અવકાશને ભરી દેતા વિશાળ બિલાડીઓના આકારો સાથે તેમનાં બચ્ચાં તથા મધમાખીનાં ચિત્રો તેમની કૃતિઓમાં છે. - બંસીલાલ દલાલ

સી.એન.ની કલાવિદ્યાર્થિનીઓનું પ્રદર્શન


થોડા સમય પૂર્વે જ સી.એન. કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્સમાંથી ડિપ્લોમા (ઇન પેઇન્ટિંગ અને ડ્રોઇંગ) પ્રાપ્ત કરનાર પાંચ કલાવિદ્યાર્થિનીઓ દીપલ, જાસ્મિન, માર્ગી, નેહા અને શીલે તેમની કલાકૃતિઓનું નોંધપાત્ર પ્રદર્શન રવિશંકર રાવળ કલાભવનમાં પ્રથમ માળે યોજ્યું હતું.

માર્ગી શાહનાં અમૂર્ત ચિત્રો સુંદર ઊભા-આડા એકબીજા પર પડેલા લંબચોરસ, લંબગોળ રંગીન આકારો તથા પાર્શ્વભૂમાં દેખાતી આડીઊભી એકબીજીને



પોળનાં મકાનો : શીલ દેસાઈ

છેદતી રેખાઓનાં સંયોજનો છે.



'કન્સ્ટ્રકશન'ની રચનાકૃતિ : નેહા લવિંગિયા

શીલ દેસાઈનાં ચિત્રો તથા મોટા ભાગની ગ્રાફિક પ્રિન્ટોમાં અલગ અલગ માધ્યમના કલાત્મક ઉપયોગની સૂઝ, ટેક્નિકની પકડ દેખાય છે. એચિંગ અને ડ્રાઇ પૉઇન્ટમાં થયેલું મકાનોનું ગ્રાફિક/ચિત્ર નોંધપાત્ર છે.

દીપલ જેસલપુરાએ એક્રેલિક રંગોના જાડા થરોમાં રોલરનો ઉપયોગ કરી પોતપ્રધાન અમૂર્ત રચનાકૃતિઓ સર્જી છે.

જાસ્મિન પટેલે પણ એક્રેલિક અને તૈલ રંગોમાં દીપલની માફક ઊભા-આડા અમૂર્ત આકારોની ગોઠવણી દ્વારા અમૂર્ત રચનાઓ કરી છે, જે મકાનોના આકારોની યાદ આપે છે.

છેલ્લે સૌથી ધ્યાન- પાત્ર કૃતિઓ છે નેહા લવિંગિયાની. તેણે સાંપ્રત ફૂલી-ફાલી રહેલી મકાનોના કન્સ્ટ્રકશનની અમૂર્ત લાગતી રચનાઓ કરી છે. - બંસીલાલ દલાલ

અનુ.] **સાહિત્યસંપર્ક** [પૃ.૭૨૩થી
વન્દન હે ગુજરાત (કાવ્યસંગ્રહ) લે. ગોવિન્દભાઈ, પ્ર. પ્રણવ પ્રકાશન, બી-૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ્સ-૨, અમદાવાદ - ૩૮૦૦૫૪, ફુલ્સ્કેપ સાઈઝ, પૃ.૭૨, રૂ.૨૫. **દાદાબાપૂની પદયાત્રા** સંપાદિકા : આશા જી. થાનકી, પ્ર. તનસુખભાઈ મણિશંકર ત્રિપાઠી, વાડિયા રોડ, પોરબંદર-૩૬૦૫૭૫, ડિમાઈ સાઈઝ, પૃ.૧૦૮. **હું જ દરિયો, હું જ ભેખડ** (કાવ્યસંગ્રહ) લે. યોગેશ વૈદ્ય, પ્ર. સાહિત્ય સંગમ, વેરાવળ, ડિમાઈ સાઈઝ, પૃ.૪૮, રૂ.૨૫. **મૂંગામંતર થઈ જુઓ** (કાવ્યસંગ્રહ) લે. સુધીર પટેલ, પ્ર. પી.ડી. પટેલ, પ્રાર્થ પ્રકાશન, 'નિકેત', પ્લૉટ નં. ૩૬/એ/૧, અનંતવાડી, ભાવનગર-૩૬૪૦૦૨, ડિમાઈ સાઈઝ, પૃ.૮૮, રૂ.૩૫. **એક ઝલક** - આરોગ્ય વિજ્ઞાનની સંપાદક : ગોપાળદાસ જીવાભાઈ પટેલ, પ્ર. આચાર્યશ્રી મગનભાઈ દેસાઈ અને વિઠ્ઠલદાસ કોઠારી શતાબ્દી મહોત્સવ સમિતિ, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪ ક્રાઉન સાઈઝ, પૃ.૪૦, રૂ૧૦. **સંવેદના** : લે. માણેકલાલ પટેલ, પ્ર. પારિજાત પ્રકાશન, જૂની રામકૃષ્ણ હાઇ સ્કૂલની બાજુમાં, શ્યામજી કૃષ્ણ વર્મા રોડ, માંડવી-કચ્છ - ૩૭૦૪૬૫, ડિમાઈ સાઈઝ, પૃ.૪૮, રૂ.૨૫. **એબ્રાહમ લિંકન** લે. મણિભાઈ દેસાઈ, પૃ.૬૪, રૂ.૫. **મુગ્ધાવસ્થાના ઉંબરે** લે. પ્રેમળજ્યોતિ, પૃ.૩૨, રૂ.૩. **મારી વાચનકથા** લે. મનુભાઈ પંચોળી-'દર્શક' પૃ.૪૮, રૂ.૫. ત્રણે ડિમાઈ સાઈઝ, ત્રણેના પ્રકાશક : લોક મિલાપ ટ્રસ્ટ, પો.બો.૨૩, ભાવનગર

ઈતિહાસધારા

— અશોક હર્ષ —

ઈ.૧૮૪૮ની ફ્રાન્સની રાજક્રાન્તિએ બ્રિટનની પ્રજા પર ભારે પ્રભાવ પાડેલો - ખાસ કરીને ત્યાંના મજૂરવર્ગમાં તેણે નવો ઉત્સાહ પ્રેરેલો. પરિણામે ત્યાંની પાર્લમેન્ટ સમક્ષ પોતાની માગણીઓ રજૂ કરવા સશસ્ત્ર કૂચ કરવાનું નક્કી કરવામાં આવ્યું. સરકાર આ લોકનિર્ણયથી ભડકી ઊઠી અને પાર્લમેન્ટ સમક્ષ કૂચ લઈ જવા પર પ્રતિબંધ લાદી દીધો. બ્રિટનના મજૂરનેતા અને આ કૂચના યોજક અર્નેસ્ટ જૉન્સે આ પ્રતિબંધનો વિરોધ કરતાં તેને જેલમાં ધકેલી દેવામાં આવ્યો. અને મજૂરવર્ગનું ઉત્થાન દબાવી દેવામાં આવ્યું.

પરંતુ અર્નેસ્ટ જૉન્સનો જુસ્સો જરા યે ઓછો થવા ન પામ્યો. જેલના સળિયા પાછળ રહ્યે રહ્યે તે વિશ્વભરના ગરીબ વર્ગના ચાલુ રહેલા શોષણ સામે સંઘર્ષ જગાવવાની યોજના વિચારવા લાગ્યો. એ પોતે એક કવિ હોઈને માનવહૃદયને સૌથી પવિત્ર તીર્થ માનતો, હર હૃદયને એ શોષણથી મુક્ત રાખવા માગતો, પછી તે અંગ્રેજ હોય કે ભારતીય.

બ્રિટનનું શાસનતંત્ર અને ન્યાયતંત્ર ત્યારે મૂડીવાદીઓના હાથમાં હતું. જૉન્સે જેલમાં રહ્યે 'ન્યૂ વર્લ્ડ' નામની એક કવિતા લખી જેમાં ભારત સહિત અન્ય પરાધીન દેશોની સ્વાધીનતાની કલ્પના કરવામાં આવેલી. આ જ કવિતા ઈ.૧૮૫૭ના ભારતના સ્વાતંત્ર્ય વિપ્લવ દરમિયાન 'ધ રિવોલ્ટ ઑવ્ હિન્દુસ્તાન'ના નવા શીર્ષક નીચે પ્રસિદ્ધ કરવામાં આવી. જેલના અધિકારીઓએ તો તેને લેખનસામગ્રી પૂરી પાડવાની પણ સાફ ના પાડી દીધેલી. એટલે આ કવિતા તેણે પ્રાર્થનાપોથીનાં પાનાં ફાડીને તે પર પોતાના લોહીથી લખી કાઢેલી! બ્રિટન પર ભારતના ઉત્પીડનનો સીધો આક્ષેપ મૂકનાર જૉન્સ આ રીતે ભારતનો એક વીર અને સહૃદય મિત્ર બની રહ્યો. એણે અંગ્રેજોને ભારતીય પ્રજાના ઉત્થાન સામે દૂમ દબાવીને ભાગતા આલેખ્યા છે.

કવિ જૉન્સની આ ભવિષ્યવાણી તો પાછળથી લગભગ એક સૈકા બાદ સાચી પડી. પરંતુ 'હિન્દુસ્તાન આઝાદ થઈ શકે તેમ છે અને થશે જ' એવો અદમ્ય આત્મવિશ્વાસ તે ધરાવતો હતો, અને એટલે જ ઈ.૧૮૫૭ના વિગ્રહને તેણે 'સિપાઈઓનો બળવો' ન ગણાવતાં 'જનવિપ્લવ' ગણાવ્યો છે. એક કારાવાસી અંગ્રેજ કવિહૃદયે ભારતના માટે જે લાગણી દર્શાવેલ છે એની યાદ દરેક ભારતવાસીના હૃદયમાં અર્નેસ્ટ જૉન્સ પ્રત્યે કૃતજ્ઞતા અને સ્નેહ પ્રેર્યા વિના નથી રહેતી. પોતાની કવિતાની ભૂમિકામાં એણે એક બહુ જ માર્મિક વાક્ય લખેલું છે અને તે એ કે, 'અંગ્રેજોનાં સંસ્થાનોમાં સૂર્ય કદી આથમતો નથી, પરંતુ એમની ધરતી પરથી લોહી પણ કદી સુકાતું નથી.'

*

હિન્દુ ધર્મ અને તેના તત્ત્વજ્ઞાન પ્રત્યે દુનિયાના અનેક વિદ્વાનો આકર્ષાતા રહ્યા છે. આવા વિદ્વાનોમાં આયર્લેન્ડના ચાર્લ્સ સ્ટુઅર્ટનું નામ સૌથી મોખરે આવે. એણે માત્ર હિન્દુધર્મનો તલાવગાહી અભ્યાસ જ નહિ કરતાં હિન્દુ ધર્મને જ પોતાના ધર્મ તરીકે અપનાવી લીધેલો.

ઈ.૧૭૭૭માં ભારતીય સેનામાં દાખલ થઈ તે ભારત આવ્યો. એની વીરતાને લઈને અંગ્રેજી સેનામાં તે વધુ ને વધુ ઊંચા પદે પહોંચતો ગયો અને લશ્કરમાંથી નિવૃત્ત થતાં તે પોતાના વતનમાં પાછો ન ફરતાં કલકત્તા મુકામે જ સ્થાયી થયો, જ્યાં ઈ.૧૮૨૮ના માર્ચની ૩૧મીએ અવસાન પામ્યો.

હિન્દુ ધર્મ સ્વીકારનાર ચાર્લ્સ સ્ટુઅર્ટ પહેલો જ યુરોપિયન હોઈને યુરોપમાં તે 'હિન્દુ સ્ટુઅર્ટ' તરીકે ઓળખાતો. રોજ સવારે ગંગાસ્નાન કરી તે મંદિરે દર્શને જતો. હિન્દુ ધર્મ અને તત્ત્વજ્ઞાનના તેના વ્યાસંગ પર મુગ્ધ બની હિન્દુ પંડિતો તેને પોતાનામાંનો એક ગણતા. વિદ્યાવ્યાસંગ ઉપરાંત પ્રાચીન ચિત્રો, શિલ્પલેખો, દસ્તાવેજો વગેરેનો પણ એ સંગ્રાહક હતો. તે માટે તે દેશના ગમે તે ભાગમાં પહોંચી જતો. આ સંગ્રહમાં શાસ્ત્રો તેમ જ શસ્ત્રાસ્ત્રોનો પણ સમાવેશ થઈ જતો. તેણે પોતાના વસિયતનામામાં જણાવેલું કે મૃત્યુ પછી પોતાના શબને દાટવાને બદલે હિન્દુ વિધિ પ્રમાણે તેના અંતિમ સંસ્કાર કરવામાં આવે, પરંતુ એક સમયનો એ લશ્કરી અધિકારી હોઈને સરકારે તેના શબદહનની રજા ન આપતાં ખ્રિસ્તી દેવળમાં તેના શબનું દફન કરી તેના પર હિન્દુ વિધિ પ્રમાણે સમાધિ ચણાવવામાં આવી. □

અનુ.] વાચકો લખે છે [પૃ.૬૮૪થી

તેથી તેમને થતા દર્દની કરુણાથી પ્રેરાઈ તેમણે આ રસાયણના બીજા 'ભાઈબંધો'ની તપાસ આદરી. તેના ફળ સ્વરૂપે તેમણે સેલિસિલિક અમ્લનું બીજું સ્વરૂપ - એસિટાઈલ સેલિસિલિક અમ્લ (ઍસિડ) શોધી કાઢ્યું, જે સાવ ઓછી અથવા નહિવત્ આડઅસર ઉપજાવતું હતું. શ્રી હોફમાન આટલેથી જ અટક્યા નહિ. તેમણે લગભગ ઈ.સ. ૧૮૯૭માં આ રસાયણ મોટા પાયા પર બનાવવાની પદ્ધતિ પણ વિકસાવી અને ઈ.સ. ૧૮૯૯માં બાયર કંપનીએ આ દવા 'ઍસ્પિરીન'ના નામે બજારમાં મૂકી! તેને આજે બરાબર એક સૈકો વીત્યો. અત્યારે દર વર્ષે લગભગ ૫૦,૦૦૦ ટન એસ્પિરીન વપરાઈ જાય છે. આ ઔષધ માત્ર તાવ, દુઃખાવામાં જ ઉપયોગી થાય છે તેવું નથી પરન્તુ તે દાંતના દુઃખાવા, હાર્ટ અટેક, પક્ષઘાતના હુમલા, ચિત્તભ્રાન્તિ, તેમજ મોટા આંતરડાના કેન્સરની શક્યતા વગેરેને પણ ઘટાડી શકે છે.

ઍસ્પિરીન શરીરમાં કઈ રીતે આ બધા રોગો હટાવવા કાર્ય કરે છે તે શોધી કાઢવા માટે લંડનની રૉયલ કૉલેજ ઑવ્ સર્જન્સના શ્રી જૉન વેઈનને ઈ.સ. ૧૯૮૨માં નોબેલ પારિતોષિક અપાયેલું.

તિબેટપ્રવાસના લેખમાં મુકાયેલા બંને ફોટોગ્રાફનાં નામો અદલબદલ થઈ ગયાં છે. જ્યાં 'સૂકા પરિસરમાં રંગરંગીન પ્રાર્થના ધ્વજ' છે ત્યાં 'ક્ષેત્ર પ્રદેશમાં યાકને બળદ તરીકે વાપરી થતી ખેતી' છપાઈ ગયું છે.

- દેવ ચાવડા (વડોદરા)

ફતેહપુર સીકરી (દેશાટન-૧૦)

આગ્રાથી લગભગ ૩૬ કિલોમીટર દૂર સિકરવાસ ગામની પાસેના પહાડી



પ્રદેશમાં આવેલા ફતેહપુર સીકરીનું નિર્માણ મોગલ બાદશાહ અકબરે પોતાના સામ્રાજ્યની નવી રાજધાનીરૂપે કરેલું. ધાર્મિક અવરોધોથી માનવ-માનવ વચ્ચેની તિરાડો દૂર કરવાની અકબરની ઇચ્છા-શક્તિનું એ પ્રતીક છે. અકબર સર્વ ધર્મો પ્રત્યે સહાનુભૂતિ અને સમભાવ ધરાવતા.


ફતેહપુર સીકરી લાલ પથ્થરોથી બાંધેલી સાત દરવાજાવાળી ઇમારત છે, જેમાં જામામસ્જિદ અને શેખ સલીમ ચિશ્તીની દરગાહ ખૂબ આકર્ષક છે. જામા-મસ્જિદ મક્કાની મસ્જિદની પ્રતિકૃતિ મનાય છે, અને તેમાં ફારસી તથા ભારતીય સ્થાપત્ય શૈલીનું કલાત્મક મિશ્રણ છે. મુખ્ય પ્રવેશદ્વાર 'બુલંદ દરવાજા'ની ઊંચાઈ ૫૪ મીટર છે, જે એશિયાખંડનો સૌથી ઊંચો દરવાજો મનાય છે.

ફતેહપુર સીકરીની ઉત્તર-પૂર્વે રાજમહેલ અને પુરાણું શહેર છે, જેમાં જોધાબાઈનો મહેલ, બીરબલ ભવન, મરિયમ મહેલ અને પંચમહેલ પણ પર્યટકોનું આકર્ષણ-કેન્દ્ર છે, જેની મોટી પરસાળો અને થાંભલાઓ તે વખતની વાસ્તુકલાના ઉત્કૃષ્ટ નમૂના છે. પંચમહેલ-માં બૈજુ બાવરા અને તાનસેનનાં સંગીત ત્યારે ગુંજતાં હતાં.

દીવાન-એ-ખાસ, દીવાન-એ-આમ, આંખ-મીચૌલી, તુર્કી બેગમનો મહેલ, હીરન મિનાર વ. જોવાલાયક ઇમારતો છે.

ફતેહપુર સીકરી જવા માટે આગ્રાના ઇદગાહ બસસ્ટેન્ડથી રાજ્ય પરિવહનની બસો-ટેક્સીઓ મળે છે. ('યોગક્ષેમ'ને આધારે)





હું મૌન રહી એક અનાહત નાદ ગજાવી જાણું છું,
ભરનિદ્રામાં પણ સૂતેલો સંસાર જગાવી જાણું છું.
મુજ અંતર બાળી બાળીને એક જ્યોત જલાવી જાણું છું,
બરબાદ થતાં પણ બીજાને આબાદ બનાવી જાણું છું.

'શયદા'

આર.કે. બૅનરની અંતિમ કડી શાયર હસરત જયપુરી

એક કાપડની ફૅક્ટરીમાં યોજાયેલા કવિસંમેલનમાં પૃથ્વીરાજ કપૂરે ત્યાં કામ કરતા એક યુવાનની શાયરીમાં કંઈક વિશેષ દમ જોઈને તેને રાજ કપૂરને મળવા કહ્યું. તે રાજ કપૂરને મળ્યો. રાજે તેની પાસેથી અનેક ગઝલો સાંભળી ને તેને શંકર-જયકિશનની ધૂનો પર ગીત લખવાનું કહ્યું, જે ખૂબ જ ખ્યાતનામ બન્યું અને તેણે કવિ અને દિગ્દર્શક, બંનેને ઝાકમઝોળ ફિલ્મસૃષ્ટિની ઊંચાઈ બક્ષી આપી. તે ગીત હતું 'બરસાત' ફિલ્મનું

'જિયા બેકરાર હૈ, છાઈ બહાર હૈ, / આજા મોરે બાલમા, તેરા ઇંતજાર હે,'

આજે પણ આ ફિલ્મી ગીતોમાં લોકપ્રિય જ બની રહ્યું છે. આના ગીતકાર છે હસરત જયપુરી. તાજેતરમાં જ તેમનું નિધન થયું. અત્યારે તો આપણે આ એમની જ પંક્તિઓ ગણગણવી પડશે કે,

'તુમ મુઝે યું ભૂલા ન પાઓગે,
જબ કભી ભી સુનોગે ગીત મેરે, સંગ સંગ તુમ ભી ગુનગુનાઓગે.'

૧૯૯૯ની ૧૮મી સપ્ટેમ્બરે મુંબઈ બાન્દ્રાની હૉસ્પિટલમાં એંશીમા વર્ષે આ કવિએ વ્યથિતાવસ્થામાં દેહત્યાગ કર્યો. હિન્દી ફિલ્મસૃષ્ટિનો આ શાયર પોતાના મિત્રોની તૂટતી શ્રૃંખલાનો છેલ્લો પૅસેન્જર હતો. કેમ કે, આર.કે. બૅનરની બોગીમાં કવિ શૈલેન્દ્ર, સંગીતકાર જયકિશન, ગાયક મૂકેશ અને ત્યાર બાદ આ બધાને જોડી રાખનાર દિગ્દર્શક-કલાકાર રાજ કપૂર તથા બાયરન જેવો રૂપાળો ચહેરો ધરાવતા સંગીતકાર શંકરની વિદાય થતાં તેઓ એકલા પડી ગયા હતા. આ ઝાકમઝોળ સૃષ્ટિના નવાઓએ તેમની દરકાર પણ ના કરી. આથી પોતાના વસિયતનામામાં શ્રી હસરત જયપુરી લખતા ગયેલા કે, 'મારા જનાજામાં કોઈ પણ ફિલ્મસૃષ્ટિની હસ્તીએ હાજરી ન આપવી.' કેવી હતાશા?! એક મોટો શાયર પણ ફાની દુનિયાનો ક્રમ ના સમજ્યો અને અંતે જીવનને નિરાશામાં તરફડાવીને લથડતે હૈયે પાછળ પત્ની, બે પુત્રી અને એક પુત્રને મૂકીને વિદાય થયો. ઝાકમઝોળ કે ભભકાનો તો દસકો જ હોય, જે તેઓ કેમ ના સમજી શક્યા?



૧૯૧૮માં જયપુરમાં જન્મેલા હસરત જયપુરીને શાયરી વારસામાં મળી હતી. દાદા ફિદા હુસૈન ફિદા ખ્યાતનામ શાયર હતા. પિતા પાસેથી ઉર્દૂ, ફારસી શાયરીનું રહસ્ય તેઓ શીખ્યા. ૧૯૫૦માં રાજ કપૂરની 'બરસાત' ફિલ્મથી તેઓ રાજ કપૂર જીવ્યા ત્યાં સુધી આર.કે. બૅનરની છત્રછાયા હેઠળ છવાયેલા રહ્યા. 'બરસાત' પછી 'શ્રી ૪૨૦', 'આહ', 'મેરા નામ જોકર',

'એરાઉન્ડ ધ વર્લ્ડ', 'આવારા' 'બૂટ પોલિશ', 'સંગમ', 'પરવરિશ', 'છોટી બહન', 'કાલા આદમી', 'મેરા ઘર, મેરે બચ્ચે', 'ઉમર કૈદ', 'રામ તેરી ગંગા મૈલી', 'આશિક', અને 'રાત ઔર દિન' વગેરે મળીને લગભગ ૨૫૦ ફિલ્મોમાં ૩૦૦૦થી પણ વધારે ગીતો રચનારા સ્વ. હસરત જયપુરી મોટા ભાગે શંકર-જયકિશનની સ્વરરચના અંતર્ગત ગાયક મૂકેશના કંઠ દ્વારા આ સદીના પાંચમા અને છઠ્ઠા દાયકામાં પ્રસિદ્ધિની ટોચ પર રહ્યા. વિશેષ કરીને સંગીતની ધૂન, સિચ્યુએશન પ્રમાણે તેઓ પ્રેમ અને વેદનાનાં ગીતો લખતા. રોમાન્સનાં ગીતોમાં તો તે કવિનો મિજાજ ખૂબ જ મહોરી ઊઠતો.

તેમનાં ગીતોનાં કેટલાંક પ્રમાણો આ રહ્યાં : 'ઇબ્તિદાયે ઇશ્કમે' (હરિયાલી ઔર રાસ્તા), 'ક્યૂં ઝૂકી હૈ પલકેં' (છૈલા બાબુ), 'અરમાન ભરા દિલ તૂટ ગયા' (વફા), 'યે ચાંદ ખીલા, યે તારી હંસે' (અનાડી), 'આંસુ ભરી હૈ યે જીવન કી રાહે' (પરવરિશ), 'મૈં રાહી ભટકનેવાલા હૂં' (બાદલ), 'જાઉં કહાં બતા યે દિલ' (છોટી બહન), 'દુનિયા બનાનેવાલે' (તીસરી કસમ), 'હમ છોડ ચલે હૈં મહફિલ કો' (જી ચાહતા હૈ), 'બહારોં ફૂલ બરસાઓ' (સૂરજ), 'જિંદગી એક સફર હૈ સુહાના' (અંદાજ), 'અય સનમ જિસને તુઝે ચાંદ-સી સૂરત દી હૈ' (દીવાના), 'કુછ શેર સુનાતા હૂં મૈં' (એક દિલ સૌ અફસાને), 'તેરી જુલ્ફો સે જુદાઈ તો નહીં માગી થી', 'યે મેરા પ્રેમપત્ર પઢ કર' (સંગમ), 'હમ તો જાતે અપને ગાંવ' (દીવાના) વગેરે.

તેમજ હસરત જયપુરી રચિત આ રચનાઓ તો જુઓ ક્યારેય વિસ્મરિત થાય એમ છે ખરી?

'દમ ભર જો ઇધર મુંહ ફેરે ઓ ચંદા...

'મૈં ઉનસે પ્યાર કર લૂંગી, બાતેં હજાર કર લૂંગી' (આવારા)

'હમ તુઝસે મુહબ્બત કરકે સનમ, રોતે ભી રહે, હંસતે ભી રહે.' (આવારા)

'છોટી સી યે જિન્દગાની રે.ચાર દિન કી જવાની તેરી
હાય રે હાય ગમ કી કહાની તેરી' (આહ)

'મુઝ કો ઇસ રાત કી તન્હાઈ મેં, આવાજ ન દો'

'દુનિયા બનાનેવાલે ક્યા તેરે મનમેં સમાઈ
કાહે કો દુનિયા બનાઈ' (તીસરી કસમ)

'જાને કહાં ગયે વો દિન' (મેરા નામ જોકર)

'અપની નજરમેં આજકલ દિન ભી અંધેરી રાત હૈ,
સાયા હી અપને સાથ થા, સાયા હી અપને સાથ હૈ.' (મેરા નામ જોકર)

હસરત જયપુરી ૧૯૪૪માં મુંબઈ આવી સ્થિર થયા. શરૂઆતમાં જીવનની અસ્થિરતાની સ્થિતિમાં તેમણે ફિલ્મી ગીતોની ચોપડીઓ વેચી, માટીનાં વાસણો વેચ્યાં, ગ્રાંટ રોડ સુપર સિનેમાના ડોરકીપર બન્યા, બેસ્ટ કંપનીના કંડક્ટર બનવાની તડકી-છાંયડી જોયા પછી પૃથ્વીરાજ કપૂરના ઇશારે રાજ કપૂરનો સ્પર્શ પામ્યા પછી તેઓ તેમની ફિલ્મ 'બરસાત'થી લોકપ્રિયતાને પામ્યા. આથી તેઓ રાજ કપૂરના તો સૌથી વિશેષ ઋણી રહ્યા. કહેવાય છે કે રાજ કપૂર પોતાના વસિયતમાં વ્યવસ્થા કરતા ગયેલા કે પ્રત્યેક મહિને પાંચ હજાર રૂપિયા હસરત જયપુરીને આપવા. રાજ કપૂરના ગયા પછી આ શાયર સાવ એકાકી બની ગયેલા. આથી એક વાર મહમદ રફીથી કહેવાઈ પણ ગયેલું કે 'દેખો સૂરોંવાલા ઈતના પ્યારા ઇન્સાન જાને કહાં ચલા ગયા?' વાત તો સાચી છે આ શાયરની. વૃદ્ધાવસ્થામાં ન વાત-સંવાદ, સંપર્ક કે ટેલિફોન દ્વારા પૃચ્છા પણ નહીં. સાવ ઉપેક્ષા થવાથી ઝેરીલી ટપકતી એકલતામાં તેઓ નંખાઈને નીચોવાઈ ગયેલા.. હા, પ્રશ્ન તો થાય જ છે કે માણ્યો એટલો જ આનંદ અને એનો સંચય એ જ જીવન તથા ચેતના છે, જે આ શાયર કેમ નહીં સમજી શક્યા હોય? આમ છતાં, તેમને તેમની જ રચના દ્વારા શ્રદ્ધાંજલિ આપતા કહેવું જ પડશે કે, 'ચાહે કહીં ભી તુમ રહો, ચાહેંગે તુમકો ઉમ્ર ભર, તુમ કો ન ભૂલ પાયેંગે.'

- ડૉ. રજનીકાન્ત જોશી

૨૦૦૧થી '૧૦ સુધીનાં ખગ્રાસ-કંકણાકૃતિ સૂર્યગ્રહણો

તારીખ	પ્રકાર	અવધિ મિ.સે.	ઘટના સ્થળ
૨૧ જૂન ૨૦૦૧	ખગ્રાસ	૪:૫૭	અંગોલા, ઝાંબિયા, મોઝામ્બિક, (દ.આફ્રિકા), એટલાંટિક મહાસાગર
૧૪ ડિસેમ્બર ૨૦૦૧	કંકણ	૩:૫૪	પેસિફિક મહાસાગર, મધ્ય અમેરિકા
૧૦ જૂન ૨૦૦૨	કંકણ	૧:૧૩	પેસિફિક મહાસાગર, નિમ્ન કેલિફોર્નિયા (વાયવ્ય મેક્સિકો)
૪ ડિસેમ્બર ૨૦૦૨	ખગ્રાસ	૨:૦૪	દ. આફ્રિકા,પ. ઑસ્ટ્રેલિયા
૩૧ મે ૨૦૦૩	કંકણ	૩:૪૧	આર્કટિક
૨૩ નવેમ્બર ૨૦૦૩	ખગ્રાસ	૧:૫૭	એન્ટાર્કટિકા
૮ એપ્રિલ ૨૦૦૫	કંકણ/ ખગ્રાસ	૦:૪૨	પનામા, કોલંબિયા, વેનેઝૂએલા
૩ ઑક્ટોબર ૨૦૦૫	કંકણ	૪:૩૧	પોર્ટુગલ, સ્પેઈન, ઉ. અને દ. આફ્રિકા
૨૯ માર્ચ ૨૦૦૬	ખગ્રાસ	૪:૦૭	આફ્રિકા, તુર્કી, રશિયા
૨૨ સપ્ટેમ્બર ૨૦૦૬	કંકણ	૭:૦૯	ઈશાન (નૉર્થ-ઈસ્ટ) દક્ષિણ અમેરિકા, એટલાંટિક એન્ટાર્કટિકા
૭ ફેબ્રુઆરી ૨૦૦૮	કંકણ	૨:૧૪	ઍન્ટાર્કટિકા
૧ ઑગસ્ટ ૨૦૦૮	ખગ્રાસ	૨:૨૭	ઉ. કૅનેડા, ઉ. ગ્રીનલૅન્ડ, એશિયા-રશિયા, ચીન
૨૬ જાન્યુઆરી ૨૦૦૯	કંકણ	૭:૫૬	ઇન્ડોનેશિયા
૨૨ જુલાઈ ૨૦૦૯	ખગ્રાસ	૬:૪૦	ભારત (ગુજરાત), બાંગ્લાદેશ, ચીન, દ.જપાનના દ્વીપો

૧૫ જાન્યુઆરી ૨૦૧૦ કંકણ ૧૧:૧૧ આફ્રિકા, ભારત, મ્યાનમાર, ચીન
૧૧ જુલાઈ ૨૦૧૦ ખગ્રાસ ૫:૨૦ દક્ષિણ ચીલી, દક્ષિણ આર્જેન્ટીના

('વિજ્ઞાનદર્શન'માંથી)

ફરી મિશ્ર સરકાર

ચૂંટણીનાં પરિણામો ધાર્યા મુજબનાં જ આવ્યાં. કોઈ પક્ષને સ્થિર સરકાર આવે તેવી બહુમતી ન મળી એટલે વિવિધ પક્ષોની સરકાર રચવાના પ્રયત્નો થશે. મિશ્ર સરકાર કૉંગ્રેસની કે ભાજપની ગમે તેની આવે પણ તે અનિચ્છનીય જ છે તેવું નથી. ઘણી જગ્યાએ મિશ્ર સરકારો ચાલી છે. જર્મનીમાં - ઈઝરાએલમાં.

નથી ચાલતી તેનું કારણ આપણે ઘરની ધોરાજી હાંકવા ટેવાયા છીએ, પણ રશિયા બાદ જતાં આખા યુરોપ જેવડા આ દેશમાં બહુમતી સરકાર આવે જ તેવી આશા ન પણ ફળે. ૧. આપણું ભારત સંઘરાજ્ય છે. ૨. આપણા ભારતમાં વિવિધ ધર્મો છે. ૩. આપણા ભારતમાં વિવિધ ભાષાઓ, સાહિત્ય છે. ૪. આપણા ભારતમાં એકથી વધુ ધર્મો છે - છતાં એક ધર્મનું રાજ્ય જ હોય તેવી અવૈજ્ઞાનિક માન્યતા છે. ૫. આપણા ભારતમાં લોકશાહીનો અનુભવ ને સમજ કાચાં છે : અહીં કે ક્યાંય રાજ્ય અને ધર્મ એક ન જ હોય - એ હવે સર્વસામાન્ય સિદ્ધાંત છે. ૬. લોકશાહી એ નાગરિકોનું રાજ્ય છે અને ધર્મ અગમ્યની શોધનું પ્રયાણ એમાં મતભેદ રહે જ - સગુણનિર્ગુણ - મૂર્તિપૂજક - મૂર્તિ ન પૂજનારા - નાસ્તિક, ગ્રંથપૂજક આ બધામાં એક જ તત્ત્વ સામાન્ય છે - નાગરિક. ૭. આ નાગરિકનું અહીં રાજ્ય છે. ત્યાં નાતજાત કે સંપ્રદાયો રહ્યાં ક્યાં?

આ વિશાળ દેશમાં વૈવિધ્ય પાયામાં છે - છતાં એમાં ઐક્યનો પાયો પણ છે. એથી જ કહેવાયું 'દુર્લભ ભારતે જન્મ.' 'દુર્લભ ગુજરાતે જન્મ' ન કહેવાયું.

એટલે આ વિશાળ દેશમાં આ વૈવિધ્યની એક ગૂંથણી કરવી હોય તો તેનાં રાજ્યોની વિશેષતા પ્રકટ થાય, તેને ઐક્યાનુભવ થાય તેવી મિશ્ર સરકાર હોઈ શકે. જે મિશ્ર સરકાર આ ન સ્વીકારે તેને હાથે દેશનું અહિત થાય.

દેશનું હિત સહિષ્ણુતા - વૈવિધ્યની કદરમાં છે. રવીન્દ્રનાથ બંગાળીમાં લખે તો પણ અમારા છે. પ્રેમચંદ ઉર્દૂમાં લખે તો પણ અમારા છે. અમૃતા પ્રીતમ પંજાબીમાં લખે તો પણ અમારાં છે. કારણ કે વૈદિકકાળથી આપણા લોહીમાં છે કે વિવિધતા એટલે વિરોધ નથી. વિવિધતા એટલે સત્યનાં જ પાસાં ને સત્ય એ જ સામાજિક કે વૈચારિક સુખનો પાયો છે. આ સત્ય બ્રાહ્મણમાં પ્રકટ થાય ને તિરૂવલ્લુવરમાં પણ પ્રકટ થાય.

એટલે અહીંની લોકશાહીમાં મિશ્ર સરકાર આવે તો પણ ઉપલી સમજદારી હોય તો કોઈ અડચણ ન આવે.

- મનુભાઈ પંચોળી ('નિરીક્ષક'માંથી)

સ્વામી વિવેકાનંદ
વિદ્યાભારતી ટ્રસ્ટ : રૂપાયતન

શ્રીમતી રાધાબહેન આડતિયા વિદ્યાસંકુલ
શ્રી ગાયત્રી શક્તિપીઠ પાસે,
પો.બૉ. નં.૧૫, અમરેલી

આ ટ્રસ્ટ તરફથી મે ૧૯૯૯માં 'કુમાર' અને 'પરબ'માં પ્રકાશિત કરેલી જાહેરાતો અનુસાર ટ્રસ્ટની ત્રણ સાહિત્યિક પુરસ્કાર યોજના અંતર્ગત સારી એવી સંખ્યામાં પુસ્તકો લેખકો / પ્રકાશકો તરફથી મોકલવામાં આવ્યાં અને વાચકોએ પણ સૂચનો કર્યાં તે માટે સૌના અભારી છીએ.

પરામર્શકો સાથે ચર્ચાવિચારણા અને અધ્યનના અંતે નીચે પ્રમાણે ત્રણ પુસ્તકો આ યોજના અંતર્ગત પસંદ કરવામાં આવ્યાં છે.

૧. શ્રી સુલેખાબહેન શાહ સત્ત્વશીલ સાહિત્ય પુરસ્કાર

પુસ્તક : તત્ત્વમાસિ
લેખક : શ્રી ધ્રુવ ભટ્ટ
પ્રકાશક : ગુર્જર - અમદાવાદ

૨. શ્રી નવલભાઈ પરીખ ચિન્તનશીલ સાહિત્ય પુરસ્કાર

પુસ્તક : મનગંગોત્રી
લેખક : શ્રી પુસ્કરભાઈ ગોકાણી
પ્રકાશક : આર.આર. શેઠ - અમદાવાદ

૩. શ્રી ઈન્દુબહેન સંઘવી બાલસાહિત્ય પુરસ્કાર

પુસ્તક : ઈસપની બોધકથાઓ
લેખક : શ્રી કાલિન્દીબહેન પરીખ
પ્રકાશક : પ્રવીણ પુસ્તક ભંડાર - રાજકોટ

આ યોજનામાં સહભાગી થનાર તમામ લેખકો-પ્રકાશકો અને વાચકોનો હૃદયથી આભાર.

- વ્યવસ્થાપકો

> કબિરા ગર્વ ન કીજિયે, કાલ ગ્રહે કર કેસ;
> ના જાનૌં કિત મારિ હૈં, ક્યા ઘર ક્યા પરદેશ.
>
> — કબીર

> न द्विषन्ति न याचन्ते
> परनिन्दां न कुर्वते ।
> अनाहूता न चायान्ति
> तेनाश्मानोऽपि देवता: ॥

કોઈનો દ્વેષ કરતા નથી, કંઈ માગણી કરતા નથી, પારકાની નિન્દા કરતા નથી અને વણબોલાવ્યે આવી પહોંચતા નથી, તેથી પથ્થર પણ દેવ તરીકે મંદિરમાં પૂજાય છે.

આજકાલ પ્રકાશનોની બોલબાલા વચ્ચે પણ લેખકને અપૂરતો પુરસ્કાર મળે છે ત્યારે ઝવેરચંદ મેઘાણી જેવા પુરસ્કારનો સભાનપણે આગ્રહ રાખતા. તેમનું એક કાવ્ય તેમની હયાતીમાં મેટ્રિકના ગદ્ય-પદ્યસંગ્રહમાં લેવામાં આવ્યું અને મુંબઈ યુનિવર્સિટીએ મેઘાણીને તેમની સંમતિ માટે પુછાવ્યું. મેઘાણીએ સાધિકાર પુરસ્કારની માગણી કરી અને યુનિવર્સિટીએ તેમનું કાવ્ય લેવાનું માંડી વાળ્યું. પણ મેઘાણી જેવા સ્વમાની સર્જકને રંજને બદલે રાજીપો થયેલો. પાઠ્યપુસ્તકોમાં પોતાની કૃતિ આવે તે માટે હવાતિયાં મારતો ક્યાં આજનો સર્જક, ક્યાં મેઘાણી!

*

આમળાનો સાકરમાં બનાવેલો મુરબ્બો એક-એક ચમચી સવાર-સાંજ લેવાથી અમ્લપિત્ત મટે છે.



અહીં મીણબત્તીના આકારમાં તમે 'મીણબત્તી' શબ્દ વાંચી શકશો.
શબ્દચિત્ર (મહેબૂબ એ. સૈયદ)

ગણિતગમ્મત

૨૬૧ થી ૩૦૯ સુધીના સળંગ આંકડાઓનો Anti - Magic Square અ-જાદુઈ ચોરસ : દરેક ઊભી-આડી-તિરછી લીટીનો સરવાળો જુદો જુદો પરંતુ ૧૯૮૮થી સળંગ ૨૦૦૩ સુધી!! — કિશોર ગોરધનદાસ

1990	274	263	294	281	307	289	282	
1993	303	276	273	285	266	286	304	
1996	290	308	284	268	272	269	305	
1998	270	265	271	298	309	306	279	
1999	264	301	297	296	293	287	261	
2001	299	277	300	280	267	295	283	
1988	291	302	278	290	288	262	275	
2003	1991	1992	1997	2000	2002	1994	1989	1995

*

ગુજરાતમાં સૌપ્રથમ છાપખાનું શ્રી દુર્ગારામ મહેતાજીએ ઈ.૧૮૪૨માં નાખ્યું હતું.



વિશ્વનું સૌથી મોંઘું પુસ્તક ગુન્ટન બર્ગનું બાઇબલ છે, જેને માટે ૩૩ હજાર ડૉલર આપ્યા હતા. ૧૯૭૦માં આ જ બાઈબલની એક આવૃત્તિ ૨૫ લાખ ડૉલરમાં વેચાઈ હતી.

*

પતિ : 'આ લે શ્રીખંડ, પેંડા અને ફરસાણ લઈ આવ્યો છું.'
પત્ની : 'પણ શા માટે? મારાં મમ્મી-પપ્પા તો હવે આવવાનાં નથી!
પતિ : 'એટલે જ તો લાવ્યો છું.'



કલાકણિકા : બ્રોન્ઝમાં બનેલી નંદી પર સવાર શિવની પંચમુખી પ્રતિમા (બંગાળ).